بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફૈઝ્ઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

**બરકાતે ખ્વાજા** (માસિક)

**તા. ૦૧/નવેમ્બર/૨૦૧૮**

સફરુલ્ મુઝફ્ફર-રબીઉલ અવ્વલ
હિજરી સન : ૧૪૪૦

વર્ષ : ૧૫, અંક : ૧૧, સળંગ અંક : ૧૭૯

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયુઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત ☎ ૦૨૬૪૨-૨૮૦૦૧૧
Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

**માનદ તંત્રી**
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી




## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | તા'ઝીમે નબી ﷺ અને સહાબા તથા દીનના ઈમામોની હાલત رضوان اللہ تعالیٰ علیہم اجمعین | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 11 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 14 |
| 04 | હદાઈકે બખ્શિશ | 16 |
| 05 | વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી : પયગમ્બરે ઈસ્લામ ﷺ | 21 |
| 06 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 24 |
| 07 | તઝકેરતુલ અવલિયા | 27 |
| 08 | તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہના જીવનચરિત્રની ઝલકો | 29 |
| 09 | હઝરત સૈયદ મુહમ્મદ સાલેહ શિરાઝી શાહ رحمۃ اللہ علیہ | 31 |
| 10 | ઈઝહારે મૌકૂફ વ એલાને બરાઅત | 34 |
| 11 | રાફઝી-શીઆ ફિર્કાની ગુમરાહીઓથી બચો ! | 37 |
| 12 | ડો. ઝાકિર નાયકના ખુદા વિશેના અકીદાની ઉલટ તપાસ | 42 |
| 13 | ઈમામ અહમદ રઝાનો ૧૦૦મો ઉર્સ | 46 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 48 |


## જશ્ને મીલાદ હમ મનાએંગે

જશ્ને મીલાદ હમ મનાએંગે રબસે સદકા નબીકા પાએંગે
દૂર દિલકી સિયાહી કરનેકો મેહફિલે નઅત હમ સજાએંગે
આજકી શબ હૈ રહ્મતોંકી શબ રબકી રહ્મતમેં હમ નહાએંગે
માંગના હૈ તો મદીના માંગો સદકએ મીલાદ વો બુલાએંગે
દેખકર કબ્રમેં હુઝૂરકો હમ નઅતે સલ્લિઅલા સુનાએંગે
મુઝકો ઝાલિમ ન સમઝના બેબસ મેરે આકા મુઝે બચાએંગે
અપની આંખોંકી હિફાઝત કરના અપના જલ્વા તુમ્હેં દિખાએંગે
અપને કાનોંકી હિફાઝત કરના મુઝદહ્ બખ્શિશકા વો સુનાએંગે
અપને હાથોંકી હિફાઝત કરના જામ કૌષરકે વો પિલાએંગે
કાશ ! ફર્મા દે હશરમેં આકા આ જા **'શાકિર'** તુઝે નિભાએંગે

# તા'ઝીમે નબી ﷺ

## અને સહાબા તથા દીનના ઈમામોની હાલત رضوان اللہ تعالیٰ علیہم اجمعین

***શિર્ક ઠહરે જિસમેં તા"ઝીમે રસૂલ ﷺ-ઉસ બુરે મઝહબ પે લઅનત કીજિએ***

*–(આ'લા હઝરત)*

તંત્રી લેખ

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આપ સૌને ઈદે મીલાદુન્નબી ﷺ મુબારક થજો ! આવો! આ મુબારક અવસરે અલ્લાહના પ્યારા મહબૂબ, દાનાએ ગોયૂબ, રહમતુલ્ લિલઆલમીન ﷺની તા'ઝીમ તથા અદબના મહત્વ વિશે સમજીએ અને આપણા દિલોને નબી પાક ﷺની તા'ઝીમથી સજ્જ કરીને ઈમાનને મજબૂત બનાવીએ. કેમ કે જેના દિલમાં નબી ﷺની તા'ઝીમ, અદબ, રિસ્પેક્ટ નથી તે મો'મિન નથી. રબ તઆલા કુર્આન મજીદમાં ફર્માવે છે : وَتُعَزِّرُوْهُ وَتُوَقِّرُوْهُ ''અને રસૂલની તા'ઝીમ તથા તૌક્રીર (જરૂર જરૂર તા'ઝીમ) કરો.'' *(સૂ. ફતહ, ૪૮/૯)* જેનાથી જણાયું કે રસૂલે પાક ﷺની તા'ઝીમ વાજિબ તથા અનિવાર્ય છે, નબીપાક ﷺની અદબ ન કરનાર ઈમાનવાળો રહી શકતો નથી. આ ઉપરાંત અનેક આયતો તા'ઝીમે નબી ﷺની તાકીદ રૂપે અલ્લાહે કુર્આનમાં ઉતારી છે.

### એવું ઈમાન લાવો જેવું સહાબા લાવ્યા !

અત્રે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن નબી પાક ﷺની કેવી તા'ઝીમ કરતા હતા તેના સંબંધી ચર્ચાને આગળ વધારીએ છીએ. કેમ કે આપણને રબનો હુકમ છે કે : فَاِنْ اٰمَنُوْا بِمِثْلِ مَآ اٰمَنْتُمْ بِهٖ فَقَدِ اهْتَدَوْا ''પછી જો તેઓ પણ એ જ પ્રમાણે ઈમાન લાવે જેવું કે તમે (સહાબા) લાવ્યા, ત્યારે તો તેઓ હિદાયત પામી ગયા. અને જો મોં ફેરવે તો તેઓ નર્યી જીદમાં છે.....''

*(સૂ. બક્રહ, ૨/૧૩૭)*

એ જ પ્રમાણે બીજી આયતમાં ઈમાન ન લાવનારા કાફિરો બારામાં રબે ફર્માવ્યું :–

وَاِذَا قِيْلَ لَهُمْ اٰمِنُوْا كَمَآ اٰمَنَ النَّاسُ قَالُوْٓا اَنُؤْمِنُ كَمَآ اٰمَنَ السُّفَهَآءُ ۗ اَلَآ اِنَّهُمْ هُمُ السُّفَهَآءُ وَلٰكِنْ لَّا يَعْلَمُوْنَ ﴿۱۳﴾

''અને જ્યારે એમને કહેવામાં આવે કે ઈમાન લાવો જેવી રીતે કે અન્ય લોકો (સહાબા) ઈમાન લાવ્યા. તો કહે, શું અમે મૂર્ખાઓની જેમ ઈમાન લઈ આવીએ ! સાંભળો છે ! તેઓ જ મૂર્ખ છે પણ જાણતા નથી.'' *(સૂ. બક્રહ, ૨/૧૩)* હવે સારાંશ કે સહાબાએ કિરામનું ઈમાન કેવું હતું અને એમના ઈમાનનો તકાઝો શું હતો તે આપણે તેમના અમલોના આધારે જોઈ લઈએ. અને હદીષમાં પણ છે કે : **''મારા સહાબીઓ તારાઓની જેમ છે જેની પણ પયરવી કરશો ભલાઈ પામશો.''** (મિશ્કત શરીફ) તો આવો ! આપણે

તેમના અમલોને, કિરદારને જોઈએ તેમના ઈમાની પાવર તથા તેના તકાઝાઓ વિશે અભ્યાસ કરી આપણુ ઈમાન સમારી લઈએ કે એ જ હિદાયતની રાહ છે.

## સહાબાએ કિરામ અને હુઝૂર ﷺનો અદબ

સુલહે હુદૈબિયાના પ્રસંગે ઉરવા બિન મસ્ઊદ કુરૈશના તરફથી પ્રતિનિધિ બનીને હુઝૂર ﷺ સાથે વાતચીત કરવા આવે છે (ત્યારે હજી તે ઈમાન લાવ્યા ન હતા) વાતચીત કરી પરત થઈને નબી ﷺ તથા સહાબાએ કિરામ વિશે જે મન્ઝર તેમણે જોયો તેના વિશે કુરૈશીઓને જણાવ્યું કે :

સુલહે હુદૈબિયાના પ્રસંગે હે મારી કૌમ ! અલ્લાહની કસમ ! બેશક ! હું બાદશાહોના દરબારોમાં ગયો છું અને કૈસરો કિસરા તથા નજ્જાશીના દરબારમાં પણ ગયો છું. અલ્લાહની કસમ ! **મેં કોઈ એવો બાદશાહ નથી જોયો કે જેના સાથીઓ એની એવી તા'ઝીમ કરતા હોય જેવી કે મુહમ્મદ ﷺના સહાબા મુહમ્મદ ﷺની તા'ઝીમ કરે છે. અલ્લાહની કસમ! એ મુહમ્મદ ﷺએ જ્યારે કદી ખાંસીનો ખંખાર ફેંક્યો તો તે સહાબામાંથી કોઈ ન કોઈના હાથમાં પડયો છે, જેને એમણે પોતાના મોં અને શરીર પર મસળી લીધો છે.** જ્યારે તેઓ પોતાના સહાબાને કોઈ હુકમ આપે છે તો તેઓ એને બજાવી લાવવા માટે દોડે છે. અને **જ્યારે તેઓ વુઝૂ કરે છે તો તે (વુઝૂના પાણીને ઝીલવા માટે) પાણીને મેળવવા પરસ્પર ઝઘડાની નોબત પહોંચી જાય તેમ લાગે છે.** અને જ્યારે તે વાત કરે છે તો સહાબા એમની સામે પોતાની અવાજો બિલ્કુલ ધીમી અને નરમ કરી દે છે, અને એમની તા'ઝીમને ખાતર પોતાની આંખોને ઝુકાવીને વાત કરે છે. એમણે તમોને એક નેક શરત પેશ કરી છે એને કબૂલ કરી લો. *(બુખારી શરીફ, કિતાબુશ્શુરૂત)* જે કૌમ પોતાના નબીના વુઝૂના પાણીને જમીન પર પડવા નથી દેતી તે નબીનુ ખૂન કેવી રીતે વહાવવા દેશે !

## નબી ﷺની તા'ઝીમમાં ઘરના ખૂણામાં રાત ગુજારી !

જ્યારે આપ علیہ الصلوٰۃ والسلامએ હિજરત ફર્માવીને મદીના મુનવ્વરા તશરીફ લઈ ગયા તો આપ ﷺએ હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہના મકાનમાં મુકામ કર્યો. આપ મકાનમાં નીચેના ભાગમાં રહેતા અને હઝરત અબૂ ઐયૂબ પોતાના બાળબચ્ચાં સાથે ઉપરના હિસ્સા પર રહેતા. એક રાત્રે અબૂ ઐયૂબ જાગ્યા અને કહેવા લાગ્યા, **આપણે તો રસૂલુલ્લાહ ﷺના માથા મુબારકની ઉપર ચાલ્યા કરીએ છીએ ! એમ કહી એમણે ઘરના એક ખૂણામાં રાત પસાર કરી.** પછી સવારમાં હુઝૂર ﷺની પાસે જઈને અર્ઝ કરી, તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, મારા માટે નીચેના ભાગમાં રહેવામાં સહુલત છે. એમણે અર્ઝ કરી, હું એ માળ પર નહીં ચઢું જેની નીચે આપ રહેતા હોય. તો તે પછી હુઝૂર ﷺ ઉપરના માળે તશરીફ લઈ ગયા અને હઝરત અબૂ ઐયૂબ رضی اللہ عنہ નીચેના ભાગ પર રહેવા લાગ્યા.

હઝરત હુઝૈફા رضی اللہ عنہ કહે છે કે જ્યારે અમે રસૂલુલ્લાહ ﷺ સાથે ખાવામાં સાથે હોતા તો ખાણામાં કદી પણ અમે પહેલાં હાથ ન લંબાવતા, ત્યાં સુધી કે હુઝૂર પહેલાં શરૂ કરતા અને પોતાનો મુબારક હાથ દાખલ કરતા. *(સહીહ મુસ્લિમ શરીફ)* દરેક અમલ દરેક સંજોગોમાં સહાબા આપની અતિશય તા'ઝીમ કરતા.

## વિસાલ બાદ આપ ﷺની અદબ

સામાન્યતઃ માણસ જ્યાં સુધી દુનિયામાં જાહેરી હયાતમાં હોય, સત્તા પર હોય ત્યાં સુધી લોકો તેની અદબ જાળવે છે. મૃત્યુ પછી તેનો તે અદબ રહેતો નથી. પણ જુઓ કે હુઝૂર ﷺના વિસાલ બાદ આપણા બુઝુર્ગો નબી પાક ﷺની કેવી અદબ સમયના હાકિમને પણ શીખવાડે છે. ખલીફા અબૂ જઅફર મન્સૂર અબ્બાસીએ રસૂલુલ્લાહ ﷺની મસ્જિદમાં ઈમામ માલિકથી મુનાઝરો કર્યો અને મુનાઝરા દરમ્યાન તેણે પોતાના અવાજને બુલંદ કરી વાત કરી તો હઝરત ઈમામે ફર્માવ્યું, **હે અમીરુલ મો'મિનીન ! આ મસ્જિદમાં અવાજને બુલંદ ન કરો !** કારણ કે અલ્લાહ તબારક વ તઆલાએ એક કૌમને આ પ્રમાણે અદબ શીખવી છે : ...لَا تَرْفَعُوْٓا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ... "હે ઈમાનવાળાઓ ! તમારા અવાજો ઊંચા ન કરો...." છેવટ સુધી. *(સૂ. હુજુરાત, ૪૯/૨)*

હઝરત શૈખુલ ઈસ્લામ નૂરુદ્દીન અલી બિન અહમદ સમહૂદી (વફાત : હિ.સ. ૯૧૧) લખે છે, **અમારા જમાનામાં ગુનાહિત કામોમાંથી એક કામ આ પણ છે કે તે કામ કરનારા કારીગરો બાંધકામ કરતાં કેટલીક બાબતોમાં બેપરવાઈ કરે છે. તે એ છે કે મસ્જિદે નબવી શરીફમાં ચીરવાવાળા અને સુથાર અને પથ્થર કાપવાવાળાઓને કામ માટે લાવવામાં આવે છે. ચીજોને તોડવા, ચીરવા વગેરેથી શોર શરાબો થાય છે જ્યારે કે એ બધાં કામો મસ્જિદ શરીફથી બહાર પણ થઈ શકે છે. એવી જ રીતે ઈમારત ચણવાનો મસાલો ખચ્ચર અને ગધેડાઓ ઉપર લાદીને મસ્જિદમાં લાવવામાં આવે છે જ્યારે કે એને માણસો ઉઠાવીને મસ્જિદના દરવાજેથી અંદર લાવી શકે છે.** રિવાયતોમાં છે કે **હઝરત આઈશા સિદ્દીક઼ા** رضی اللہ عنہا **મસ્જિદની આજુબાજુના કોઈ મકાનમાંથી ખીલી ઠોકવાનો અવાજ સાંભળતાં તો તેને કહેવડાવતાં કે રસૂલુલ્લાહ ﷺને તકલીફ ન આપો.** રિવાયતોમાં **હઝરત અલી** رضی اللہ عنہ**એ પોતાના ઘરના દરવાજા મનાસિઅમાં તૈયાર કરાવ્યા.** (મનાસિઅ મદીનાથી બહાર એક જગાનું નામ છે) જ્યાં ઔરતો અજ્ઞાનતાના જમાનામાં કુદરતી હાજત માટે જતી હતી. (કઝાફી મો'જમુલ બલદાન) કે **ક્યાંક તૈયારી કરવામાં લાકડાનો જે અવાજ થાય તેનાથી રસૂલુલ્લાહ** علیہ الصلوٰۃ والسلام**ને તકલીફ પહોંચે.** –*(વફાઉલ વફા, ૧/૪૭૯)*

અફસોસ ! વર્તમાન સમયે મસ્જિદે નબવીમાં રોઝા પાકની નજીક કેવી બેઅદબી થાય છે તે જુઓ ! રોઝએ રસૂલ પાસે મોટા અવાજે વાતો થાય છે તથા મ્યૂઝિકવાળી રીંગ ટોનવાળા મોબાઈલ રણકતા રહે છે છતાં લોકોને એહસાસ નથી થતો.

## ઈમામ માલિક رضی اللہ عنہ અને તા'ઝીમે નબી ﷺ

ઈમામ માલિક رضی اللہ عنہએ પોતાની પૂરી જિંદગી મદીના મુનવ્વરામાં વિતાવી. અદબના કારણે આપે કદી પણ **મદીના શરીફના હરમની હદમાં પેશાબ, પાખાનું કર્યું નથી.** *(શિફા શરીફ)*

ઈમામ શાફઈ رضی اللہ عنہ કહે છે કે મેં ઈમામ માલિકના દરવાજા પર કેટલાયે ખુરાસાની ઘોડા અને ઈજીપ્સીયન ખચ્ચર જોયા. એનાથી સારા મેં કદી જોયા ન હતા. મેં ઈમામ માલિક رضی اللہ عنہને કહ્યું, આ કેટલા

સારા છે ! એમણે કહ્યુ, હા ! બધા જ મારા તરફથી તમને બખ્શિશ છે. મેં કહ્યું, તમારી પોતાની સવારી માટે એમાંથી કાંઈક રાખી લો. તેમણે મને કહ્યું, **મને ખુદાથી શરમ આવે છે કે એ જમીનને જેમાં રસૂલુલ્લાહ ﷺ છે મારા ઘોડાઓના પગોથી પાયમાલ કરું !** *–(વફાઉલ વફા, ૨/૪૫૦)*

એક વ્યક્તિએ કહ્યું કે **મદીના શરીફની માટી ખરાબ છે. ઈમામ માલિક** رضی اللہ عنہ**એ ફત્વો આપ્યો, એને ત્રીસ કોરડાઓ મારવામાં આવે અને જેલમાં બંધ કરી દેવામાં આવે.** અને ફર્માવ્યું, એવો વ્યક્તિ તો એ લાયક છે કે **એની ગરદન ઉડાડી દેવી જોઈએ.** તે જમીન જેમાં રસૂલુલ્લાહ ﷺ આરામ ફર્માવી રહ્યા છે તેના સંબંધે એવું કહે છે કે ખરાબ છે ?! *(શિફા શરીફ)*

જ્યારે લોકો ઈમામ માલિક رضی اللہ عنہની પાસે ઈલ્મ મેળવવા માટે આવતા તો એમની કામ કરનારી ખાદિમા ઘરના દરવાજા બહાર નીકળી આવનારને પૂછતી, શા માટે આવ્યા છો ? હદીષ શરીફ માટે કે ફિક્હના મસાઈલ માટે ? જો તે કહે કે, મસાઈલ માટે આવ્યા છે તો ઈમામ સાહબ પોતે તરત આવી જતા, અને જો તે કહે કે હદીષ માટે આવ્યા છે તો હઝરત ઈમામ ગુસલ કરી, ખુશ્બૂ લગાડી, કપડાં બદલીને આવતા. અને આપના માટે ગાદી બિછાવવામાં આવતી જેના પર બેસી આપ બયાન ફર્માવતા. એ દરમ્યાન મજલિસમાં ઉદ સળ ગાવવામાં આવતું. આ ગાદી ફક્ત હદીષ શરીફની રિવાયત માટે રાખવામાં આવી હતી. જ્યારે ઈમામ સાહબને આનું કારણ પૂછવામાં આવ્યું તો કહ્યું કે **હું ઈચ્છું છું કે આ રીતે રસૂલુલ્લાહ ﷺની હદીષ શરીફની તા'ઝીમ કરું.**

હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ કહે છે કે એક વ્યક્તિ ઈબ્ને મુસૈયબ પાસે આવ્યો. આપ તે વેળા સૂતેલા હતા. એણે આપથી એક હદીષ પૂછી. આપ ઉઠીને બેસી ગયા. પછી હદીષ બયાન કરી. એણે કહ્યું, હું ઈચ્છતો હતો કે આપ ઉઠવાની તકલીફ ન લેતા. આપે ફર્માવ્યું, **હું પસંદ નથી કરતો કે સૂતો સૂતો હદીષ શરીફ બયાન કરું.**

હઝરત કાઝી અયાઝ رحمۃ اللہ علیہ **શિફા શરીફમાં** ફર્માવે છે કે, તમામ ચીજો જેને રસૂલુલ્લાહ ﷺથી સંબંધ છે તેની તા'ઝીમ અને ઈજ્જત કરવી, હરમૈન શરીફૈનમાં આપની સાથે સંબંધિત ચીજો, રહેઠાણ, ઉઠક, બેઠકની તા'ઝીમ કરવી,રોકાવાની જગા અને તે ચીજો જેને આપના હાથ મુબારક અથવા કોઈપણ અવયવ મુબારકનો સ્પર્શ થયો હોય કે આપના નામથી બોલાતી હોય **તે સૌની ઈજ્જત તથા તા'ઝીમ કરવી, હુઝૂર ﷺની તા'ઝીમમાં જ દાખલ છે.**

## બાલ મુબારકની તા'ઝીમના ટીકાકારો બોધ લેશે ?!

હઝરત ઈબ્ને સીરીન તાબઈએ હઝરત ઉબૈદા رضی اللہ عنہને કહ્યું, કે અમારી પાસે હુઝૂર ﷺના અમુક બાલ મુબારક છે જે અમોને હઝરત અનસ કે અનસનાં ઘરવાળાં પાસેથી મળ્યા છે. આ સાંભળી હઝરત ઓબૈદ رضی اللہ عنہએ કહ્યું, **મારી પાસે એ મુબારક વાળોમાંથી એક વાળનું હોવું દુનિયા અને તેમાંની તમામ દૌલતથી વધુ મેહબૂબ છે.** હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે, રસૂલુલ્લાહ ﷺ જ્યારે પોતાના વાળ મુબારક મુંડાવતા તો સૌથી પહેલાં હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ સૌથી પહેલાં લેતા. *(સહીહ બુખારી, કિતાબુલ વુઝૂ)*

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ કહે છે કે, મેં રસૂલુલ્લાહ ﷺને જોયા કે વાળંદ આપના માથા મુબારકને મૂંડી રહ્યો હતો. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین આપની ચોમેર વર્તુળ બની ઉભા હતા. તેઓ ઈચ્છતા હતા કે હુઝૂરના વાળ સર મુબારકની સાથેથી જુદા થઈ પડે તે કોઈ ન કોઈના હાથમાં હોય.

*(સહીહ મુસ્લિમ)*

હઝરત ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલ્મા رضی اللہ عنہاની પાસે રસૂલુલ્લાહ ﷺના કેટલાક લાલ રંગના વાળ હતા. જે એક ડબ્બીમાં રાખેલા હતા. **લોકો આ વાળોથી નઝરે બદ અને બીજી બીમારીઓના ઈલાજ કર્યા કરતા હતા. કદી તો એને પાણીનાં પ્યાલામાં રાખવામાં આવતા પછી તે પાણી પી લેતા.** અને કદી એ ડબ્બીને પાણીના માટલામાં રાખી દેવામાં આવતી.

હઝરત ખાલિદ બિન વલીદ કુરસી મખઝૂમી رضی اللہ عنہની ટોપી જંગે યરમૂકમાં ખોવાઈ ગઈ. એમણે કહ્યું, એની તલાશ કરો. તલાશ કરતાં કરતાં છેવટે એ મળી ગઈ. લોકોએ પૂછયું, આવા જંગમાં ટોપીની ચિંતા કરીને કેમ શોધતા હતા ? તો એમણે જવાબ આપ્યો, એક દિવસે રસૂલુલ્લાહ ﷺએ ઉમરો કર્યો. જ્યારે આપે માથું મુબારક મૂંડાવ્યું તો લોકો આપના વાળમુબારકને લેવા માટે દોડયા. મેં પણ આપની પેશાની મુબારકના વાળ લઈને આ ટોપીમાં રાખી લીધા છે. જે જંગમાં પણ આ ટોપી મારા માથા પર રહી છે મને હમેશાં વિજય મળ્યો છે. *–(અસાબા તરજુમા, ખાલિદ બિન વલીદ)*

દિલના આંધળા બદ્અકીદાઓ જે બાલ મુબારક વિશે વસવસા ઉભા કર્યા કરે છે તેઓ જુએ કે ખુદ સહાબાએ કિરામ બાલ મુબારકની કેવી તા'ઝીમ કરતા હતા અને રસૂલુલ્લાહ ﷺ ખુદ તેમને આ તબર્રુક વહેંચતા હતા.

હઝરત ષાબિત બુનાનીનું કહેવું છે કે રસૂલુલ્લાહ ﷺના ખાદિમ હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہએ મને કહ્યું, કે આ રસૂલુલ્લાહ ﷺના વાળોમાંનો એક વાળ મુબારક છે, જ્યારે હું મરી જાઉં તો એને મારી જીભની નીચે મૂકી દેજો, જેથી મેં વસીયત પ્રમાણે એને એમની ઝબાનની નીચે મૂકી દીધો અને એ હાલતમાં દફન કરી દીધા.

જ્યારે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہની વફાતનો સમય આવ્યો તો એમણે રસૂલુલ્લાહ ﷺના અમુક વાળ મુબારક તથા નખ મુબારક મંગાવ્યા, અને વસિયત કરી કે આ મારા કફનમાં મૂકી દેવામાં આવે. એવું જ કરવામાં આવ્યું. *(તબકાતે ઈબ્ને સઅદ, ભાગ–૫, પેજ–૩૦૦)*

## હુઝૂર ﷺના પસીના મુબારકથી બરકત હાંસલ કરતા

આપ ﷺ ઉમ્મે સુલૈમના ઘરે આવી પથારી પર કૈલૂલા કરતા. (બપોરના થોડીવાર માટે ખાધા પછીનો આરામ) અને ઘરમાં તે ન હતાં. એક દિવસે આદત મુજબ હુઝૂર ﷺ એમના બિસ્તર પર સૂતેલા હતા. જ્યારે એમને ખબર થઈ તો તે આવ્યાં અને હુઝૂર ﷺનો પરસેવો મુબારક પથારી પર એક ચામડાના ટુકડા પર પડેલો હતો. એમણે એને પોતાના ડબ્બામાંથી એક શીશી કાઢી અને પસીના મુબારકને તેમાં નીચોડવા લાગ્યા. હુઝૂર ﷺની આંખ ખૂલી ગઈ તો પૂછયું ઉમ્મે સુલૈમ, તમે શું કરો છો ? ઉમ્મે સુલૈમે અરજ કરી,

અમે અમારાં બાળકો માટે આપના પરસેવાની બરકતના ઉમેદવાર છીએ. આપ ﷺએ ફર્માવ્યું, 'તમે સાચું કહ્યું.' *(સહીહ મુસ્લિમ પ્રકરણ તૈયબ અર્કેહી વત્તબર્રુકબિહી)*

આ રિવાયતથી જણાયું કે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن હુઝૂર ﷺના પરસેવા મુબારકને પોતાના બાળકોના ચેહરા અને શરીર ઉપર મસળતા હતા, જેનાથી તેઓ તમામ બલાઓથી સુરક્ષિત રહેતાં હતાં.

## હુઝૂર ﷺના પ્યાલા મુબારકની તા'ઝીમ

એક દિવસ હઝરત ખદાશ બિન અબી ખદાશ મક્કીએ રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامને એક પ્યાલામાં ખાવા ખાતાં જોયા. એમણે આપની પાસેથી તે પ્યાલુ તબર્રૂક માટે લઈ લીધું. ઉમર ફારૂક رضی اللہ عنہ જ્યારે હઝરત ખદાશના ઘરે તશરીફ લઈ જતા તો એમનાથી તે પ્યાલુ માગી, એમાં ઝમઝમનું પાણી ભરીને પીતા તથા પોતાના ચહેરા પર છાંટતા હતા. *(અસાબા તર્જુમા ખદાશ)*

એક દિવસ આપ ﷺ અને આપના સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین સકીફા બની સાઅદહમાં તશરીફ ફર્મા હતા. હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ હઝરત સહલ બિન સઅદને કહ્યું, અમને પાણી પીવડાવો. જેથી હઝરત સહલ رضی اللہ عنہએ એક પ્યાલામાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامને અને આપના સહાબાને પાણી પીવડાવ્યું. હઝરત અબૂ હાઝિમ رضی اللہ عنہ કહે છે કે હઝરત સહલ رضی اللہ عنہએ તે પ્યાલુ અમારા માટે કાઢયું અને અમે તેમાંથી પાણી પીધું. આ પ્યાલાને ખલીફા ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہએ હઝરત સહલથી માગી લીધું.

*(સહીહ મુસ્લિમ, બાબુ અબાહતુન્નબીઝ)*

ઈમામ ઈબ્ને મામૂન કહે છે કે અમારી પાસે રસૂલુલ્લાહ ﷺના પ્યાલાઓમાંનો એક પ્યાલો હતો. અમે બીમારોને શિફાના મતલબથી એના વડે પાણી પીવડાવતા હતા. *(શિફા શરીફ)*

## હુઝૂર ﷺના પહેરણ મુબારકથી શિફા પામતા

હઝરત મુહમ્મદ બિન જાબિરના દાદા સયાર બિન તલક્ યમામી, બની હનીફાના પ્રતિનિધિમંડળમાં રસૂલુલ્લાહ ﷺની સેવામાં હાજર થયા, અને ઈમાન લાવ્યા. એમણે વિનંતી કરી કે "યા રસૂલલ્લાહ ! ﷺ મને આપના પહેરણ મુબારકનો એક ટુકડો અતા ફર્માવો, હું એની સાથે મારા દિલને ખુશ રાખ્યા કરીશ. હુઝૂરે એની વિનંતીને મંઝૂર કરી પોતાના પહેરણનો એક ટુકડો અર્પણ કર્યો. મુહમ્મદ બિન જાબિર કહે છે કે મારા પિતાએ મને કહ્યું કે એ ટુકડો અમારી પાસે હતો, અમે એને ધોઈને બીમારોને શિફાના મતલબથી પાણી પીવડાવતા હતા. –*(અસાબા તર્જુમા સયાર બિન તલક્)*

જંગે ઓહદમાં હઝરત અબ્દુલ્લાહ બિન જહશ رضی اللہ عنہની તલવાર તૂટી ગઈ. રસૂલે અક્દસ علیہ الصلوٰۃ والسلامએ એમને એક ખજૂરની ડાળી અર્પણ કરી. એ એમના હાથમાં તલવાર બની ગઈ. એ તલવારને ઉર્જૂન કહેતા હતા. **એ તબર્રુક તરીકે એમના ખાનદાનમાં રહી,** ત્યાં સુધી કે બફા તુર્કીના હાથે (જે મોઅતસિમ બિલ્લાહ ઈબ્રાહીમ બિન હારૂન રશીદના અમીરોમાંથી હતો) બગદાદમાં બસો દીનારમાં વેચાઈ.

–*(ઝુરકાની અલલ મવાહીદ ભાગ–૨)*

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہને જોવામાં આવ્યા કે **મિમ્બર શરીફ પર રસૂલુલ્લાહ ﷺ જે જગ્યાએ બેસતા હતા ત્યાં હાથથી સ્પર્શ કરી પછી એ હાથને પોતાના મોઢા પર ફેરવતા.**

*(શિફા શરીફ, અને તબક઼ાતે ઈબ્ને સઅદ)*

## તમો કોના જેવું ઈમાન લાવશો, સહાબી જેવું કે વહાબી જેવું ?!

સુબ્હાનલ્લાહ ! સૌથી શ્રેષ્ઠ મો'મિન તથા ઈમાનવાળાઓ એટલે સહાબીઓની આ દાસ્તાનો છે જે આપણી હિદાયત માટે છે જેના પરથી આપણે બોધ લઈને જે પ્રમાણે એમનું ઈમાન તથા અક઼ીદો હતો તે પ્રમાણે આપણા ઈમાનને સંવારીને મજબૂત તથા તા'ઝીમે નબીથી ભરપુર રાખવું જોઈએ, નહીં કે આજકાલના વહાબી દેવબંદીઓ જેમ. કેમ કે તેઓ પોતાની કિતાબોમાં નબીપાક ﷺની તા'ઝીમના વિશે લખે છે કે :–

''અહીં આ વાત ખાતરીપૂર્વક જાણી લેવી જોઈએ કે **દરેક માણસ ચાહે તે મહાનથી મહાન ઈન્સાન (એટલે નબી પાક ﷺ) હોય કે નિકટવર્તી ફરિશ્તો,** અલ્લાહ તઆલાની ઉચ્ચ શાનની સામે એની **હૈસિયત એક ચમારથી પણ ઉતરતી કક્ષાની છે.''** *[તકવિયતુલ ઈમાન (ગુજરાતી) પેજ : ૪૯, અઝ : ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્વી, પ્રકાશન નં. ૯૬, પ્રકાશક : દારુલ ઉલૂમ અરબિયા ભરૂચ–કંથારીયા]* શું આ શબ્દો કોઈ સહાબીએ રસૂલ ﷺએ નબીની શાનમાં દર્શાવ્યા હતા ?!

એ જ કિતાબમાં છે કે **જો કોઈ નબી કે વલીની કબર કે કોઈના તબર્રુકની સામે હાથ બાંધીને ઉભો થઈ જાય.....એણે ખુલ્લુ શિર્ક કર્યું.** (હવાલો ઉપર મુજબ, પેજ : ૪૦, ૪૧ માંથી) શું સહાબીઓ આ નિયમથી અજ્ઞાન હતા કે તબર્રુકોની તા'ઝીમ કરતા હતા ?!

એક જગાએ લખે છે : **જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી.** *(હવાલો : ઉપર મુજબ, પેજ : ૧૨૩)* શું સહાબીઓ નબી પાક ﷺને આજિઝ તથા લાચાર બંદા માનતા હતા ?!

એ જ પ્રમાણે આ કિતાબમાં નબી વલીની શાન ઘટાડવાના આશયથી લખે છે કે, **''એમની તારીફ માણસ જેટલી કરો અને એમાં પણ કમીથી કામ લો.''** તેમજ લખે છે કે, **''જેવી રીતે ગામનો ચૌધરી તથા મુખી હોય છે એ જ અર્થમાં દરેક પયગંબર પોતાની ઉમ્મતનો સરદાર છે.''** (પેજ : ૧૯૪, ૧૯૫) એમાં જ અંબિયા, અવલિયાને **''મોટાભાઈ''** દર્શાવ્યું છે અને લખ્યું કે તેમની **મોટાભાઈ જેટલી તા'ઝીમ કરવી જોઈએ...''** સુન્નીઓ વિચારો ! **ક્યાં નબી ﷺનો મર્તબો અને ક્યાં મોટાભાઈ કે ગામના ચૌધરી તથા મુખીનો મર્તબો !** (અલ્લાહની પનાહ !) સારાંશ કે **નબીની શાનને ઘટાડીને રજૂ કરવા શબ્દોની માયાજાળ ગોઠવવામાં આવે છે.** હવે પોતે જ તમો વિચારો કે **શું કોઈ સહાબીએ કે ઈમામ કે બુઝુર્ગે નબી ﷺ માટે આવા શબ્દો વાપર્યા છે ? હરગિઝ નહીં !** જેથી આપણો તે જ અક઼ીદો હોવો જોઈએ જે સહાબાએ કિરામ તથા દીનના ઈમામોનો હતો. આ પરથી તેમની રસૂલ દુશ્મનીને સમજી લઈને આ વહાબી, દેવબંદી, કહેવાતા અહલે હદીષ વગેરે બદ્‌મઝહબોથી દૂર રહો, તેમને તમારાથી દૂર કરો અને ઈમાનની અમૂલ્ય દૌલતને સાચવો. તેમનાથી દોસ્તી, શાદી વહેવાર કરીને બંને જહાનને બર્બાદ ન કરી દો.



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ :: આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક :: મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تَاۡكُلُوا الرِّبٰوۤا اَضۡعَافًا
مُّضٰعَفَةً ۖ وَّ اتَّقُوا اللّٰهَ لَعَلَّكُمۡ تُفۡلِحُوۡنَ ۚ﴿١٣٠﴾ وَ اتَّقُوا
النَّارَ الَّتِىۡۤ اُعِدَّتۡ لِلۡكٰفِرِيۡنَ ۚ﴿١٣١﴾ وَ اَطِيۡعُوا اللّٰهَ وَ
الرَّسُوۡلَ لَعَلَّكُمۡ تُرۡحَمُوۡنَ ۚ﴿١٣٢﴾ وَسَارِعُوۡۤا اِلٰى مَغۡفِرَةٍ
مِّنۡ رَّبِّكُمۡ وَ جَنَّةٍ عَرۡضُهَا السَّمٰوٰتُ وَ الۡاَرۡضُ ۙ
اُعِدَّتۡ لِلۡمُتَّقِيۡنَ ۙ﴿١٣٣﴾ الَّذِيۡنَ يُنۡفِقُوۡنَ فِى السَّرَّآءِ وَ
الضَّرَّآءِ وَ الۡكٰظِمِيۡنَ الۡغَيۡظَ وَ الۡعَافِيۡنَ عَنِ
النَّاسِ ؕ وَ اللّٰهُ يُحِبُّ الۡمُحۡسِنِيۡنَ ۚ﴿١٣٤﴾ وَ الَّذِيۡنَ اِذَا
فَعَلُوۡا فَاحِشَةً اَوۡ ظَلَمُوۡۤا اَنۡفُسَهُمۡ ذَكَرُوا اللّٰهَ
فَاسۡتَغۡفَرُوۡا لِذُنُوۡبِهِمۡ ۖ وَ مَنۡ يَّغۡفِرُ الذُّنُوۡبَ اِلَّا
اللّٰهُ ۖ قف وَلَمۡ يُصِرُّوۡا عَلٰى مَا فَعَلُوۡا وَ هُمۡ يَعۡلَمُوۡنَ ﴿١٣٥﴾
اُولٰٓـئِكَ جَزَآؤُهُمۡ مَّغۡفِرَةٌ مِّنۡ رَّبِّهِمۡ وَ جَنّٰتٌ
تَجۡرِىۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ خٰلِدِيۡنَ فِيۡهَا ؕ وَ نِعۡمَ
اَجۡرُ الۡعٰمِلِيۡنَ ؕ﴿١٣٦﴾

## સૂરએ આલે ઈમરાનની તફસીર

### :: વ્યાજ હરામ હોવાનો હુકમ ::

હે ઈમાનવાળાઓ ! વ્યાજ અને વ્યાજનું વ્યાજ ન ખાઓ[૬૩] અને અલ્લાહથી ડરો એ આશાએ કે તમને સફળતા મળે (૧૩૦) અને એ આગથી બચો જે કાફિરો માટે તૈયાર રાખેલી છે[૬૪] (૧૩૧) અને અલ્લાહ અને રસૂલના આજ્ઞાંકિત રહો[૬૫] એ આશાએ કે તમારા પર રહમ કરવામાં આવે (૧૩૨) અને દોડો[૬૬] પોતાના રબની બખ્શિશ અને એવી જન્નત તરફ જેની પહોળાઈમાં બધા આસ્માન ને જમીન આવી જાય[૬૭] પરહેઝગારો માટે તૈયાર રાખેલી છે[૬૮] અને જેઓ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે ખુશીમાં અને રંજમાં[૬૯] અને ગુસ્સો પી જનાર અને લોકોથી દરગુઝર કરનાર અને નેક લોકો અલ્લાહના પ્યારા છે. (૧૩૪) અને તે લોકો કે જ્યારે કોઈ બેહયા અથવા પોતાના જીવો પર જુલ્મ કરે[૭૦] (ત્યારે) અલ્લાહને યાદ કરીને પોતાના ગુનાહોની માફી માગે[૭૧] અને ગુનાહ કોણ માફ કરે સિવાય અલ્લાહ, અને પોતાના કરેલા પર જાણી જોઈને આડાઈ ન કરે (૧૩૫) એવાઓનો બદલો એમના રબની બખ્શિશ અને જન્નતો છે[૭૨] જેમની નીચે નહેરો વહે. હમેશાં તેમાં રહે. અને કામ કરનારાઓનો કેવો સરસ બદલો છે[૭૩]

## :: સમજૂતી ::

**૬૩ : મસ્અલો :** આ આયતમાં વ્યાજની મના કરવામાં આવી છે, ધમકી સાથે, તે વધારા (ની રકમ) ઉપર જે તે સમયમાં પ્રચલિત હતી, કે જ્યારે મુદ્દત પાકી જતી અને કરજદારો પાસે ચૂકવણીનો કોઈ માર્ગ ન હોય ત્યારે લેણદાર માલ (અથવા રકમ)માં વધારો કરીને મુદ્દત વધારી દેતો હતો. અને એવું વારંવાર કરતો જેમ કે (હાલના જમાનામાં) વ્યાજ ખાનાર લોકો કરે છે અને એને વ્યાજનું વ્યાજ (ચક્રવૃદ્ધિ વ્યાજ) કહે છે.

**મસ્અલો :** આ આયતથી સાબિત થયું કે ગુનાહે કબીરાથી માણસ ઈમાનથી નીકળી જતો નથી. (નહીં તો "હે ઈમાનવાળાઓ !" કહીને સંબોધન કરત નહીં.)

**૬૪ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે આમાં ઈમાનવાળાઓને ધમકી છે કે વ્યાજ વિગેરે જે વસ્તુઓ અલ્લાહે હરામ ફર્માવી છે તેને હલાલ ન જાણે. કારણ કે **કતઈ હરામને હલાલ જાણવું કુફ્ર** છે.

**૬૫ :** કારણ કે રસૂલુલ્લાહ ﷺની ફર્માબરદારી ખુદાની ફર્માબરદારી છે, અને રસૂલ ﷺની નાફર્માની કરનાર ખુદાનો ફર્માબરદાર બની શકતો નથી.

**૬૬ :** તવબહ, ફર્ઝ બાબતો, ઈબાદત, અમલમાં નિખાલસતા ધારણ કરીને.

**૬૭ :** આ જન્નતની પહોળાઈનું બયાન છે એવી રીતે કે લોકો સમજી શકે. કારણ કે તેમણે સર્વથી પહોળી જે વસ્તુ જોઈ છે તે જમીન અને આસ્માન છે. એનાથી તેઓ અંદાઝ કાઢી શકે છે કે જો આસ્માન અને જમીનને તબક્કાવાર ભાગ પાડીને જોડી દેવામાં આવે અને બધાનો એક પ્લોટ તૈયાર કરવામાં આવે. (તો જેટલો મોટો બને) તેના મુજબ જન્નતની પહોળાઈનો અંદાજો થાય છે કે જન્નત કેટલી વિસ્તૃત છે.

હિરકલ બાદશાહે સૈયદે આલમ ﷺની સેવામાં લખ્યું કે "જ્યારે જન્નત એટલી વિસ્તૃત છે કે આસ્માન અને જમીન તેમાં સમાઈ જાય તો પછી દોઝખ ક્યાં છે ?" હુઝૂરે અક્દસ ﷺએ જવાબમાં ફર્માવ્યું કે "સુબ્હાનલ્લાહ ! જ્યારે દિવસ આવે છે ત્યારે રાત ક્યાં હોય છે ?"

આ સુંદર કલામના અર્થો ઘણા ગુઢ છે. જાહેરી પાંખિયું એ છે કે આકાશ ચક્ર (વ્યવસ્થા) મુજબ એક તરફ દિવસ હોય છે જ્યારે એની વિરૂદ્ધ દિશામાં રાત હોય છે. એવી જ રીતે જન્નત ઉપરની દિશામાં અને દોઝખ નીચેની દિશામાં છે.

યહૂદીઓએ એ જ સવાલ હઝરત ઉમર رضی اللہ عنہ ને પૂછયો હતો. ત્યારે આપે પણ એ જ જવાબ આપ્યો હતો. તે વખતે તેમણે કહ્યું કે તવરાતમાં પણ આ રીતે જ સમજાવવામાં આવ્યું છે, અર્થ એ છે કે અલ્લાહની કુદરત અને એના અધિકારથી એ વસ્તુ કાંઈ મુશ્કેલ નથી. જે વસ્તુને જ્યાં ઈચ્છે ત્યાં મૂકે, આ તો ઈન્સાની દષ્ટિની ઉણપ છે કે જ્યારે કોઈ વસ્તુની વિસ્તૃતતાથી આશ્ચર્ય પામે છે ત્યારે પૂછવા માંડે છે કે આટલી વિશાળ વસ્તુનો સમાવેશ ક્યાં થશે ?

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ને પૂછવામાં આવ્યું કે, "જન્નત આસ્માનમાં છે કે જમીનમાં ?" ફર્માવ્યું, "એવી કઈ જમીન અને આસ્માન છે જેમાં જન્નતનો સમાવેશ થઈ શકે ?" વિનંતી કરવામાં આવી કે, "તો પછી ક્યાં છે ?" ફર્માવ્યું "આસ્માનોની ઉપર અર્શની નીચે."

**૬૮ :** આ આયત અને એના ઉપરની આયત "وَاتَّقُوا النَّارَ الَّتِیْۤ اُعِدَّتْ لِلْكٰفِرِیْنَ"થી સાબિત થયું કે જન્નત અને દોઝખ અસ્તિત્વમાં આવી ચૂકેલાં અને મૌજૂદ છે.

**૬૯ :** એટલે કે ગમે તેવી પરિસ્થિતિમાં ખર્ચ કરે છે. બુખારી અને મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું, "ખર્ચ કરો, તમારા માટે પણ ખર્ચ કરવામાં આવશે." અર્થાત ખુદાના માર્ગમાં આપો, તમને પણ અલ્લાહની રહમતમાંથી મળશે.

**૭૦ :** અર્થાત તેમનાથી કોઈ નાનો કે મોટો ગુનોહ સાદર થાય.

**૭૧ :** અને તવબહ કરે તેમજ ગુનાહ ત્યજી દે અને ભવિષ્યમાં તેનાથી દૂર રહેવાનો નિશ્ચય કરે, કારણ કે આ બાબતો સ્વીકાર્ય તવબહની શરતો પૈકીમાંથી છે.

**૭૨ : શાને નૂઝુલ :** તીહાન નામે ખારેકોના વેપારી પાસે એક સુંદર સ્ત્રી ખારેકો ખરીદવા આવી. તેણે કહ્યું, "આ ખારેકો તો સારી નથી, સારી ખારેકો તો દુકાનની અંદરના ભાગમાં છે." એ બહાને તેણીને અંદર લઈ ગયો. પછી પકડીને આલિંગન કર્યુ અને મોઢે ચુંબન કર્યુ. સ્ત્રીએ કહ્યું કે "ખુદાથી ડર !" એ સાંભળતાં જ તેણીને છોડી મૂકી અને પસ્તાવા લાગ્યો, પછી સૈયદે આલમ ﷺની સેવામાં ઉપસ્થિત થઈને પરિસ્થિતિ કહી સંભળાવી ત્યારે وَ الَّذِیۡنَ اِذَا فَعَلُوۡا فَاحِشَۃً ઉતરી.

એક કથન એવું છે કે એક અન્સારી અને એક ષક઼ફ઼ીમાં મહોબ્બત હતી. દરેકે એક બીજાને ભાઈ બનાવી રાખ્યો હતો. ષક઼ફ઼ી (એક વેળા) જિહાદમાં ગયો હતો અને પોતાના મકાનની દેખભાળ અન્સારીને સોંપીને ગયો હતો. એક વાર અન્સારી ગોશ્ત લાવ્યો અને ષક઼ફ઼ીના ઘેર આપવા ગયો. જ્યારે ષક઼ફ઼ીની પત્નીએ ગોશ્ત લેવા માટે (પર્દા પાછળથી) હાથ લંબાવ્યો ત્યારે અન્સારીએ તેણીના હાથને ચુંબન કરી લીધું. પણ એ કૃત્ય કરતાંની સાથે જ તેને ખૂબ પસ્તાવો અને શરમિંદગી થઈ આવી અને તે પોતાના માથા પર ધૂળ નાખતો મોઢા પર તમાચા મારતો જંગલ તરફ ઉપડી ગયો, જ્યારે ષક઼ફ઼ી જિહાદમાંથી પાછો ફર્યો ત્યારે તેણે પોતાની પત્નીને અન્સારીની ખબર અંતર પૂછી. તેણીએ કહ્યું, ખુદા આવા ભાઈઓમાં વધારો ન કરે ! અને પછી આખો બનાવ કહી સંભળાવ્યો. અન્સારી પહાડોમાં રડતો તેમજ તવબહ ઈસ્તિગફ઼ાર કરતો ફરતો હતો. ષક઼ફ઼ી તેને શોધીને સૈયદે આલમ ﷺની સેવામાં લઈ આવ્યો. તેના વિષયમાં આ આયતો ઉતરી.

**૭૩ :** એટલે કે આજ્ઞાનું પાલન કરનારાઓ માટે શ્રેષ્ઠ બદલો છે.

## બર્તાનિયાકી એક શામ ઈમામ અહમદ રઝા કે નામ

**બ્લેકબર્ન :** હાલમાં સુન્ની જગત મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો ૧૦૦ મો ઉર્સ મનાવી રહેલ છે જેમાં સુન્ની હઝરાત વિવિધ રીતે આપની શાનમાં તથા આપે લખેલ કિતાબો પ્રસિદ્ધ કરીને, કુર્આનખ્વાની કરીને, બયાનોના પ્રોગ્રામો કરીને ખિરાજે અક઼ીદત પેશ કરી રહેલ છે. એવો જ ખિરાજે અક઼ીદત માટેનો પ્રોગ્રામ મસ્જિદે રઝા (બ્લેકબર્ન, યુ.કે.) ખાતે મઝકૂર મસ્જિદની મેનેજિંગ કમિટી તથા The Sunniwayની કોશિશો થકી યોજાયો જેમાં ઉલમાએ કિરામ તથા મુફ્તી હઝરાત તથા મોટી સંખ્યામાં સુન્ની અવામે હિસ્સો લીધો જેમાં હઝરત મૌલાના અશ્ફાક઼ મિસ્બાહી ચાંચવેલી (પેશ ઈમામ મસ્જિદે રઝા), હઝરત મુફ્તી ઝાહિદ હુસૈન તથા આફ્રિકાથી પધારેલ મુફ્તી આફતાબ ક઼ાસિમ વગેરેએ આ'લા હઝરત رحمۃ اللہ علیہના કમાલાત આપની દીની ખિદમતો પર રોશની નાખી હાજરજનોને ફયઝયાબ કર્યા હતા. *–(હાફ઼િઝ મક઼સૂદ સાહબનો રિપોર્ટ ટૂંકાવીને)*

# દર્સે હદીષે પાક — મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

**કાર્યાલય**

**હદીષ :** હઝરત માલિક رضی اللہ عنہથી રિવાયત છે. તેમને ખબર પહોંચી કે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ તથા અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہم ફર્માવતા હતા કે દરમિયાની નમાઝ ફજરની છે. *(મોઅત્તા)* અને તિર્મિઝીએ હઝરત ઈબ્ને અબ્બાસ તથા ઈબ્ને ઉમરથી તઅલીક્ન રિવાયત કરી. રિવાયત છે સલમાનથી ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યું કે જે ફજરની નમાઝની તરફ ગયો તે ઈમાનના ઝંડા સાથે ગયો અને જે સવારમાં જ બજારની તરફ ગયો તે શૈતાનના ઝંડા સાથે ગયો[1]. *(ઈબ્ને માજહ)*

**અઝાનનું પ્રકરણ**[2] : (પ્રથમ વિભાગ) : હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે સહાબાએ આગ તથા નાકૂસ (શંખ)નો ઉલ્લેખ કર્યો તો યહૂદી તથા ઈસાઈનો ઉલ્લેખ કર્યો[3]. ત્યારે હઝરત બિલાલ رضی اللہ عنہને હુકમ આપવામાં આવ્યો કે અઝાનના શબ્દો બે બે વાર કહે અને તકબીરના એક એક વાર[4]. ઈસ્માઈલ કહે છે કે મેં એ ઐયૂબને વર્ણન કર્યું તો તેમણે ફર્માવ્યું કે ઈકામતના સિવાય[5]. *(મુસ્લિમ, બુખારી)*

### :: સમજૂતી ::

**૧.** એ બુઝુર્ગોની નજીક ''વુસ્તા'' (વચલી) અફઝલના અર્થમાં છે. જેમ કે وَكَذٰلِكَ جَعَلْنٰكُمْ اُمَّةً وَّسَطًا ''અને વાત એ જ પ્રમાણે છે કે અમે તમને કર્યા સર્વ ઉમ્મતોમાં અફઝલ.'' *(સૂ. બક્રહ, ૨/૧૪૩)* કેમ કે આ નમાઝ ઘણા બધા કારણોથી બાકી નમાઝોથી અફઝલ છે, જેથી ''વુસ્તા'' આ જ છે. યાદ રાખશો કે અલીયે મુર્તઝા رضی اللہ عنہ ખુદ જ હુઝૂર ﷺથી રિવાયત કરી ચૂક્યા છે કે નમાઝે ''વુસ્તા'' (દરમિયાની) અસર છે. અહીં ફજરને વુસ્તા ફર્માવવું બીજા અર્થમાં છે. જેથી આપના આ ક્રૌલ પર કોઈ વાંધો નથી થઈ શકતો કે હઝરત શેરે ખુદા رضی اللہ عنہએ પહેલાં એવું ફર્માવ્યું હોય, પછી વર્ણવેલ હદીષે મરફૂઅ સાંભળીને તેનાથી રુજૂઅ કરી લીધુ હોય.

**૨.** એટલે કે માણસોના બે ટોળા છે : હિઝબુલ્લાહ તથા હિઝબુશ્શૈતાન. તેમની ઓળખ એ છે કે રહમાની ટોળાવાળા દિવસની શરૂઆત નમાઝ તથા અલ્લાહના ઝિક્રથી કરે છે અને શૈતાની ટોળાવાળા બજાર તથા દુનિયવી કારોબારથી કરે છે. યાદ રાખશો કે દુનિયવી કારોબાર મના નથી પણ સવારે ઉઠતાં જ ન ખુદાનુ નામ ન તેની ઈબાદત, બલ્કે એમાં લાગી જવું એ શૈતાની કામ છે.

**૩.** અઝાનનો શાબ્દિક અર્થ એલાન તથા આમ જાહેરાત છે.

રબ ફર્માવે છે : وَاَذَانٌ مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖ ''અને એલાન કરનાર પોકારી દેતો અલ્લાહ વ રસૂલની તરફથી.'' *(સૂ. તૌબા, ૯/૩)* તથા فَاَذَّنَ مُؤَذِّنٌ بَيْنَهُمْ ''અને વચ્ચે પોકારનારે પોકારી દીધું કે...'' *(સૂ. અઅરાફ, ૭/૪૪)* શરીઅતમાં ખાસ શબ્દો વડે નમાઝની

ખબર પહોંચાડવાનુ નામ અઝાન છે. સૌથી પ્રથમ અઝાન જિબ્રઈલે અમીને મેઅરાજની રાત્રે બયતુલ મુક઼દ્દસમાં આપી જ્યારે હુઝૂર ﷺએ સર્વ નબીઓને નમાઝ પઢાવી. પણ મુસલમાનોમાં હિજરત બાદ હિ.સ. ૧ માં શરૂ થઈ, જેનો બનાવ આગળ આવી રહ્યો છે. *(દુર્રે મુખ્તાર)* યાદ રાખશો કે અઝાન નમાઝે પંજગાના તથા જુમ્આના સિવાય કોઈ નમાઝના માટે સુન્નત નથી. **નમાઝના સિવાય નવ જગાએ અઝાન કહેવી મુસ્તહબ છે : બાળકના કાનમાં, આગ લાગે ત્યારે, જંગમાં, જિન્નાતના ગલ્બા વખતે, ગમઝદા તથા ગુસ્સાવાળાના કાનમાં, મુસાફિર જ્યારે રસ્તો ભૂલી જાય તો, ખેંચ (વાયુ)વાળાની પાસે, મૈયતને દફન કર્યા બાદ કબર પર.** *(દુર્રે મુખ્તાર વ શામી)* મિર્ક઼ાતમાં છે કે હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ ફર્માવે છે કે એક દિવસે હુઝૂર ﷺએ મને ગમગીન પામ્યો. ફર્માવ્યું, અલી ! તમારા કાનમાં કોઈની પાસે અઝાન કહેવડાવી લો. નમાઝ માટેની અઝાન ઈસ્લામી નિશાની છે. જો કોઈ ક઼ૌમ અઝાન છોડી આપે તો તેમના પર જેહાદ કરવામાં આવી શકે છે. યાદ રાખશો કે ઈમામે આ'ઝમ رضی اللہ عنہની નજીક અઝાન તથા તકબીર એક જ સમાન છે. તકબીરમાં કેવળ قَدْ قَامَتِ الصَّلٰوۃُ (ક઼દક઼ા મતિસ્સલાત) વધારે છે.

૪. એટલે કે હિજરત પછી નમાઝની ખબર પહોંચાડવાનો કોઈ ક઼ાયદો ન હતો. અંદાઝાથી મુસલમાન મસ્જિદમાં ભેગા થતા અને જમાઅત થઈ જતી. જ્યારે મુસલમાનોની સંખ્યા વધી ગઈ તો સહાબાએ નમાઝના એલાનની તદબીરો વિચારી. અમુકે રાય આપી કે નમાઝના વખતે આગ સળગાવી દેવામાં આવે. એના પર વાંધો ઉઠયો કે આ તરીક઼ો યહૂદીનો છે. અમુકે કહ્યું કે નાક઼ૂસ (શંખ) વગાડવામાં આવે. એના પર વાંધો ઉઠયો કે આ તરીક઼ો ઈસાઈઓનો છે. તેઓ પોતાની ઈબાદતોના સમયે ઘંટા વગાડે છે. ઈસ્લામી એલાન એનાથી વિશિષ્ટ હોવું જોઈએ. યાદ રાખશો કે અમુક યહૂદી પોતાની ઈબાદતના એલાનના માટે શંખ અથવા બ્યૂગલ વગાડે છે. અમુક લોકો આગ સળગાવતા હતા. અહીં સુધી એમની એક જમાઅતનું વર્ણન છે.

૫. આ હદીષ તે લોકોની દલીલ છે જેઓ તકબીરના શબ્દો (કલમા) એક એકવાર કહે છે. જેમ કે શાફઈઓ તથા વર્તમાનકાળના વહાબી. પણ તેમની આ દલીલ ખૂબ જ ઝઈફ છે, કેમ કે અહીં અઝાનમાં તરજીઅનો ઉલ્લેખ નથી. આ હઝરત અઝાને તરજીઅના માનવાવાળા છે. તેમજ આ હદીષથી લાઝિમ ઠરે છે કે તકબીરના સર્વ કલમા એક એક વાર થાય, જ્યારે કે અલ્લાહુ અકબર ચાર વાર અને "ક઼દક઼ા મતિસ્સલાહ" બે વાર કહે. જાહેર છે કે અહીં અઝાન તથા તકબીરથી શરઈ અઝાન મુરાદ નથી લુગ્વી એલાન તથા માહિતી પહોંચાડવું મુરાદ છે. એટલે કે હુઝૂર ﷺએ એ વખતે એ રાય આપી કે હઝરત બિલાલ મહોલ્લાઓમાં જઈને વારંવાર નમાઝનું એલાન કરે અને પછી જ્યારે નમાઝી મસ્જિદમાં એકત્ર થઈ જાય અને જમાઅત ઉભી થવા લાગે તો મસ્જિદવાળાઓને ભેગા કરવા માટે એકવાર કહી આપે કે ઉઠો જમાઅત તૈયાર છે, નહીં તો શરઈ અઝાન તો અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદ વગેરે સહાબીઓએ ખ્વાબમાં જોયી, તેમણે બારગાહે નબવીમાં પેશ કરી ત્યારે સૌ પ્રથમ ફજરના સમયે આપવામાં આવી. જેથી આ હદીષ એ બુઝુર્ગોની દલીલ હરગિઝ નથી બની શકતી.

૬. એટલે કે તકબીરના સર્વ કલમાઓ એકવાર કહેવામાં આવે. પણ "ક઼દક઼ા મતિસ્સલાહ" બેવાર. હજી પણ આ હદીષ વહાબીઓની દલીલ નથી બની શકતી, કેમ કે અહીં اِلَّا الْاِقَامَۃُ (ઈક઼ામત સિવાય) એ ઐયૂબ રાવીનો પોતાનો ક઼ૌલ છે, હુઝૂર ﷺના મુબારક શબ્દો નથી. તેમજ અલ્લાહુ અકબર ચાર વાર હજી નથી આવ્યું.

# હ઼દાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**ગુનેહગારોં કો હાતિફ઼સે નવેદે ખુશ મઆલી હૈ**
**મુબારક હો શફ઼ાઅત કે લિયે અહમદ સા વાલી હૈ**

*(હાતિફ઼ = ગૈબી અવાજ, નવેદ = ખુશખબરી, ખુશ મઆલી = સારો અંજામ)*

**અર્થાત :** આક઼ાએ દો જહાં ﷺની ઉમ્મતના ગુનેહગારોને હાતિબે ગયબ (ગયબી ફરિશ્તા)એ આ ખુશખબરી તથા બશારત સંભળાવી આપી છે કે હે હુઝૂર ﷺની ઉમ્મતના ગુનેહગારો ! તમારું કામ બની ગયું છે ! અલ્લાહ તઆલાએ તમારો સારો અંજામ લખી આપ્યો છે. તમને મુબારક થાય કે તમારી શફાઅત કરવા માટે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ જેવી જાતે કમર કસી લીધી છે. બસ, હમણા ફૈસલો થશે અને તમો તમારા પ્યારા રસૂલ ﷺની સાથે જન્નતના બાગોમાં હશો. અલ્લાહે ફર્માવી આપ્યું છે : وَلَسَوْفَ يُعْطِيكَ رَبُّكَ فَتَرْضَىٰ કે હે મહબૂબ ! તારો રબ તને જરૂર રાજી કરશે. *(સૂરએ દુહા, ૯૩/૫)* અને હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ અલ્લાહની બારગાહમાં અર્ઝ કરી આપ્યું છે કે હે અલ્લાહ ! જો મારો એક ઉમ્મતી પણ દોઝખમાં રહેશે તો હું રાજી થઈશ નહીં. ઉમ્મતની યાદમાં હુઝૂર ﷺનું રડવું કુબૂલ થઈ ગયું છે અને અલ્લાહે હુઝૂર ﷺની મરજી મુજબ જ ફૈસલો કરી આપ્યો છે અને હવે તમને જન્નત મળી રહી છે, પરંતુ તમારા અમલોના સબબે નહીં, હુઝૂર علیہ الصلوٰۃ والسلامની શફાઅત કારણે.

*દો આલમ કે મુશ્કિલ કુશા બન ગયે, મેરી કશ્તી કે નાખુદા બન ગયે*
*ઈસ કરીમી કે કુર્બાન સલ્લિ અલ્લા, કયા વસીલા મિલા મુઝે મઝધારમેં*

**ક઼ઝા હક઼્ક઼ હૈ મગર ઈસ શૌક઼ કા અલ્લાહ વાલી હૈ**
**જો ઉન્કી રાહમેં જાએ વો જાન અલ્લાહ વાલી હૈ**

**અર્થાત :** મૌત તો બરહક઼્ક઼ છે પણ વાહ રે નસીબ ! તેને જે અલ્લાહના શોક઼ અને હુઝૂર ﷺની મહોબ્બતમાં જાન આપી રહ્યો છે. એવાઓ પર તો અલ્લાહનો ખાસ કરમ છે. અને આ જાન જે રાહે હક઼્ક઼માં આપવામાં આવી રહી છે એ યક઼ીનન ! અલ્લાહવાળી જાન છે. ચાહે તે જેહાદે અસગર (જંગના મેદાન)માં અલ્લાહના માટે લડતાં લડતાં જાય, ચાહે જેહાદે અકબર (નફસ સાથેના જેહાદ)માં કુર્બાન થઈ જાય. (رجعنا من الجهاد الا صغر الى الجهاد الا كبر "હવે આપણે નાના જેહાદથી મોટા જેહાદ તરફ જઈ રહ્યા છીએ.") સૌના માટે અલ્લાહનો વાયદો છે : وَالَّذِينَ جَاهَدُوا فِينَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا *(સૂ. અન્કૂબૂત, ૨૯/૬૯)* જેમણે અમારા

માટે મહેનત કરી, અમે તેમને સીધા માર્ગ પર લઈ જઈશું. (સીધા જન્નતમાં જશે) આ નેઅમતો પણ ઈમાનવાળાઓને હુઝૂર ﷺના વસીલાથી મળે છે, કેમ કે આપનો કલમો પઢવા તથા આપનો દીન કબૂલ કરવાની બરકતથી જ મળશે. નહીં તો કાફિર પણ આ જ મેદાનમાં માર્યો જાય છે પણ તે મુરદાર તથા જહન્નમી હોય છે કેમ કે તેણે હુઝૂર ﷺનો દીન તથા કલમો કબૂલ નથી કર્યો.

**તેરા કદે મુબારક ગુલબને રહમત કી ડાલી હૈ**
**ઉસે બો કર તેરે રબને, બિના રહમત કી ડાલી હૈ**

*(ગુલબન = ફૂલ, ડાલી = ડાળી, બો કર = વાવીને, બિના = પાયો, ડાલી = નાખ્યો)*

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! આપનું કદ મુબારક, સુબ્હાનલ્લાહ ! રહમતના લાલ ગુલાબની ડાળી છે જેને અલ્લાહે કાંઈક એવા પ્યારથી સીંચ્યું અને પોતાની રહમતનું પાણી આપ્યું કે આપના વજૂદને રહમતનો પાયો બનાવી દીધો. અને ફર્માવ્યું : وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ "અમે તમને નથી મોકલ્યા પણ સર્વ જહાનો માટે રહમત." *(સૂરએ અંબિયા, ૨/૧૦૭)* દુનિયામાં દરેક રહમત દરેક જણના માટે નથી, પણ હે મારા મહબૂબ ! તું દરેક જણના માટે રહમત છે. જેનો હું ખાલિક તથા રબ છું તેના માટે તું રહમત છે. કોઈ ચીજ મારી રબૂબિયતથી બહાર નથી અને કોઈ ચીજ તારી રહમતથી બહાર નથી. અને બંદાઓને ફર્માવી આપ્યું કે لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِ "અલ્લાહની રહમતથી નિરાશ ન થાવ." *(સૂ. ઝુમર, ૩૯/૫૩)* અલ્લાહની રહમતથી નિરાશ ન થશો. અને રહમતનો હાલ શું છે ?! : *વાહ કયા જૂદો કરમ હૈ શહે બત્હા તેરા—નહીં સુનતા હી નહીં માંગનેવાલા તેરા*

યાદ રાખશો ! પાણી રહમત છે કે એના વિના માનવ જીવન ખેતી વગેરે શક્ય નથી. પણ જો એ વધુ પ્રમાણમાં પડે તો તબાહી મચાવીને ઝેહમત બની જાય છે. એ જ પ્રમાણે હવા રહમત છે પણ હવા તોફાનનું સ્વરૂપ પકડે તો ઝહમત બની જાય છે. એ જ પ્રમાણે આગ રહમત છે, એનાથી હજારો કામો થાય છે પણ જો કોઈ દુકાન મકાનમાં લાગી જાય તો તબાહી મચાવી ઝહમત બની જાય છે. સારાંશ કે દરેક રહમત ઘણી વાર ઝહમત બની જાય છે, પણ આપણા આકા علیہ الصلوٰۃ والسلام એવી રહમત છે કે જેમાં ઝહમતનું પાસુ છે જ નથી ! દરેકના માટે રહમત છે, આપને સતાવનારાઓ માટે પણ રહમત છે. તાઈફવાળાઓએ જ્યારે આપને પથ્થરો વરસાવી ઝખ્મી કર્યા હતા ત્યારે પહાડોના ફરિશ્તાએ તેમના પર પહાડ ફેંકી નેસ્તો ના'બૂદ કરી દેવા આપની ઈજાઝત ચાહી હતી પણ આપ રહમત જ રહમત હોવાથી આપે એની ના પાડી હતી. એવા અનેક બનાવો છે જેમાં આપે દુશ્મનો પર પણ રહમત વરસાવી હતી.

અને આપની રહમતનું એક પાસુ એ પણ યાદ રાખશો અને આ એહસાનના બદલામાં આપની ઝાતે બાબરકત પર ખૂબ જ અધિક પ્રમાણમાં દુરૂદો સલામ પેશ કરતા રહો કે હુઝૂર ﷺ આલમીન માટે રહમત છે, અને આલમ અલ્લાહ સિવાયના સર્વને કહે છે. (તફસીરે કબીર) તો હુઝૂર ફરિશ્તાઓ માટે પણ રહમત, ઈન્સાનો માટે પણ રહમત, જમીન, આસ્માન, અર્શ તથા ફર્શના ફરિશ્તાઓના માટે રહમત છે. પણ હુઝૂર علیہ الصلوٰۃ والسلامને માલૂમ હતું કે ફરિશતા તો ગુનોહ કરી જ નથી શકતા અને ઈન્સાન ગુનાહ વગર રહેતો નથી જેથી આપ ﷺએ ફરિશ્તાઓમાં રહેવાને બદલે પોતાના ગુનેહગાર ઉમ્મતીમાં રહેવાનું પસંદ કર્યું.

*વો હર આલમ કી રહમત હૈ કિસી આલમમેં રહ જાતે—યહ ઉનકી મહેરબાની હૈ કે યહ આલમ પસંદ આયા*

**અર્થાત : જિબ્રઈલે અમીન عليه السلامનો રહ્‌મતે મુસ્તફવીમાં હિસ્સો :** એકવાર આપ ﷺએ જિબ્રઈલે અમીન عليه السلامને પૂછયું, હે જિબ્રઈલ ! તું પણ તો આલમીનમાં સામેલ છે, મારી રહ્‌મતથી તને શું હિસ્સો મળ્યો છે ? જિબ્રઈલે અમીન عليه السلامએ અર્ઝ કરી, હુઝૂર ! આપના આગમન સુધી હું મારા અંજામના બારામાં ચિંતિત હતો, પરંતું આપ તશરીફ લાવ્યા તો મારી આ ફિકર ખત્મ થઈ ગઈ અને મારા બારામાં અલ્લાહ તઆલાએ આ ફર્માનથી મને અમ્ન આપી દીધું : ذِیْ قُوَّةٍ عِنْدَ ذِی الْعَرْشِ مَكِیْنٍ مُّطَاعٍ ثَمَّ اَمِیْنٍ "જે કુવ્વતવાળો છે, અર્શના માલિકની નજીક ઈજ્જતવાળો, ત્યાં એનો હુકમ માનવામાં આવે છે." *(સૂ. તકવીર, આ. ૮૧/૨૦, ૨૧)* *(રૂહુલ બયાન, આયત لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِ હેઠળ)*

**તુમ્હારી શર્મ સે શાને જલાલે હક્ક઼ ટપકતી હૈ**
**ખમ ગર્દને હિલાલ આસ્માન ઝુલ જલાલી હૈ**

*(ખમ = નમાવવું)*

**અર્થાત :** હુઝૂર عليه الصلوٰة والسلامની શરમ તથા હયા જેની કુર્આને શહાદત આપી છે : فیستحی منکم *(સૂ. અહઝાબ, ૩૩/૫૩)* "મારો મહબૂબ તમારાથી હયા ફર્માવે છે." (સૂરએ અહઝાબ) આ'લા હઝરત رحمة الله عليه એની બુલંદીઓને આ પ્રમાણે વર્ણવે છે કે, "હે આક઼ા ! આપની શર્મો હયાથી ખુદાના જલાલની શાન ટપકી રહી છે અને આપના ગરદન મુબારકના ઝુકાવથી (આજિઝી ઈન્કેસારીના લીધે) એવું લાગી રહ્યું છે કે જલાલવાળા રબના આસ્માન પર પહેલી રાતનો ચાંદ ચમકી રહ્યો છે. (કે જે બારીક તથા નમેલો હોય છે) સરકાર عليه الصلوٰة والسلامની ઝાતે બાબરકતથી મહોબ્બત કરવાના ઢંગ શીખવા હોય તો આ'લા હઝરત જેવા આશિકે રસૂલથી જ શીખી શકાય છે.

**ઝહે ખુદ ગુમ જો ગુમ હોને પે ઢુંઢે કે ક્યા પાયા**
**અરે ! જબ તક કે પાતા હૈ, જબ હી તક તો હાથ ખાલી હૈ**

**અર્થાત :** ઘણો જ બાબરકત છે તે ઉમ્મતી જે પોતાના આક઼ા ﷺની મહોબ્બતમાં ફના થઈ ગયો, પણ એ કે જે ફના થયા બાદ એવું ન વિચારે કે મને આ ફના થવાએ શું આપ્યું છે. કેમ કે ફનાફિર્રસૂલ થઈ જવું જ એ શું ઓછી નેઅમત છે ? કે કોઈ અન્ય નેઅમતની પ્રાપ્તિની તમન્ના કરવામાં આવે. જો આ દૌલતના મળવા પર પણ પોતાના દામનને ખાલી સમજે તો એ સમજે કે ખરેખર તેણે (નાશુક્રી કરીને) કાંઈ નથી પામ્યું અને એનો હાથ હજી સુધી ખાલી છે. કેમ કે આ મેદાનમાં "થવું" ન થવું છે અને "ન થવું" અયન થવું છે. કોઈનો શું સરસ શેઅર છે : *ડૂબોયા મુઝકો "હોને"ને મૈં "ન હોતા" તો કયા હોતા !*

મૌલાના રૂમ عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانએ લખ્યું છે કે એકવાર અલ્લાહના મહબૂબ ﷺની બારગાહમાં (ફનાઈય્યતની હાલતમાં) હઝરત આઈશા સિદ્દીક઼ા رضی الله عنها હાજર થયાં. આપ عليه الصلوٰة والسلامએ પૂછયું, કોણ છે ? અર્ઝ કરી, આઈશા છું ! ફર્માવ્યું, કોણ આઈશા ? અર્ઝ કરી, અબૂબક્ર સિદ્દીક઼ની પુત્રી. ફર્માવ્યું, કોણ અબૂબક્ર ? બોલ્યાં, યારેગારે મુહમ્મદ ! (ﷺ) ફર્માવ્યું, કોણ મુહમ્મદ ? હઝરત આઈશા સમજી ગયાં કે આ તે જ સમય છે જેના બારામાં આપે પોતે જ ફર્માવ્યું છે : لی مع الله وقت لا یسعنی فیه ملک مقرب ولا نبی مرسل "મારા તથા

અલ્લાહની વચ્ચે એક સમય એવો આવે છે કે ન તેમાં કોઈ મુકર્રબ ફરિશ્તો આડ બની શકે છે અને ન કોઈ નબી રસૂલ." *(ગુલિસ્તાને સઅદી)*

આ મક઼ામે ફનાઈયતને આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ શેઅરમાં વર્ણવ્યો છે, ફિક્રે હુઝૂરનો મર્તબો "ફના ફિલ્લાહ"ના ગિરોહમાં આવે છે અને ઉપર વર્ણવેલ શેઅરમાં "ફનાફિર્રસૂલ"ની વાત થઈ રહી છે.

*જો ફિક્રે મુસ્તફામેં ગિરફતાર હો ગયા—આઝાદી એ હયાત કા હક્ક઼દાર હો ગયા*
*રોશન હૂઈ જો ઈશ્કે઼ મુહમ્મદી મશ્અલેં—ઝુલ્મતકદા ભી મત્લએ અન્વાર હો ગયા*

**મૈં એક મોહતાજ બેવક઼અત ગદા તેરે સગે દર કા**
**તેરી સરકાર વાલા હૈ તેરા દરબાર આલી હૈ**

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! علیہ الصلوٰۃ والسلام મને તમારી દરબારે આલીના કૂતરાઓનો ગદા સમજીને જ ક઼બૂલ કરી લો. અલ્લાહ આપનો દરબારે મુઅલ્લા સલામત રાખે અને આપની અઝીમ દરગાહની ખૈર થાય.

સુબ્હાનલ્લાહ ! આ'લા હઝરતની ગલીના કૂતરાઓના પણ પગો ચૂમવાને જીવ ચાહે છે ! કેવી નિયાઝમંદી છે ?! અસલમાં માગવાનો આ પણ એક અંદાઝ છે કે પોતે પોતાને "લા શઈ"ના સ્થાન પર લાવવામાં આવે, તો જેનાથી માગવું છે તેનાથી જાહેરી રીતે માંગવામાં તો કાંઈ ન આવે, પણ તેની તારીફ કરવામાં આવે. જેમ કે આપણે ત્યાં ભીખારી કરે છે, અલ્લાહ આપનાં બાળકોને તંદુરસ્તી આપે, અલ્લાહ આપને હજ્જ કરાવે, ખુદા બંનેવ જહાનમાં આપને ઈજ્જત આપે વગેરે વગેરે. અને હક઼ીક઼તમાં આ અંદાઝ માગવા કરતાં વધુ ખૂબ જ અસરકારક હોય છે. એટલા માટે આ શેઅરમાં આ'લા હઝરતે એ જ અંદાઝ અપનાવ્યો છે : *તેરી સરકાર વાલા હૈ તેરા દરબાર આલી હૈ.* આ'લા હઝરત رحمۃ اللہ علیہના નાના ભાઈ હઝરત મૌલાના હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ "ઝૌક઼ે નઅત"માં એક જગાએ સરકાર ﷺની બારગાહમાં આ પ્રમાણે અર્ઝ કરે છે :—

*કિસ કે દામનમેં છુપે કિસકે ક઼દમ પર લોટે—તેરા સગ જાએ કહાં છોળ કે ટુકળા તેરા*
*કયૂં ન હો નાઝ મુઝે અપને મુક઼દરપે કે હૂં—સગ તેરા, બંદા તેરા, માંગનેવાલા તેરા*

**તેરી બખ્શિશ પસંદી ઉઝ્ર જોઈ તૌબા ખ્વાહી હૈ**
**ઉમૂમ બે ગુનાહી જુર્મ, શાને લા ઉબાલી હૈ**

*(ઉઝર જોઈ = મઅઝેરત (બહાનુ, માફી) ક઼બૂલ કરવાની શાન, તૌબા ખ્વાહી = તૌબાનો સવાલ, તૌબા કરવાની આદત, ઉમૂમ = સામાન્યતઃ, લા ઉબાલી = બેપરવાહી)*

**અર્થાત :** હે મારા રહીમો કરીમ આક઼ા ! આપની આદત મુબારક છે કે આપ માફ કરવાને પસંદ કરો છો. فاسعف عنهم واسغفر لهم "તો તેમને માફ ફર્માવો અને એમની શફાઅત કરો." *(સૂરએ આલે ઈમરાન, ૩/૧૫૯)* મઅઝેરત ક઼બૂલ કરો છો, અને ગુનેહગારોની તૌબાને ક઼બૂલિયત સુધી પહોંચાડવામાં દિલચસ્પી લો છો. એટલા માટે તો આપનો ગુનેગાર ઉમ્મતી અસંખ્ય ગુનાહો છતાં પણ પોતે પોતાને સંતુષ્ઠ તથા મહેફૂઝ સમજી રહ્યો છે અને લાપરવાહીની શાનથી કહી રહ્યો છે કે :—

*મૈં ગુલામે ગુલામાને અહમદ મૈં સગે આસ્તાને મુહમ્મદ ﷺ—ક઼ાબિલે ફખ્ર હૈ મૌત મેરી ક઼ાબિલે રશ્ક઼ હૈ મેરા જીના*
*—(સિકંદર લખનવી)*

**અબૂબક્રો ઉમર, ઉષ્માનો હૈદર જિસકે બુલબુલ હૈં**
**તેરા સરો સહમી ઉસ ગુલબને ખૂબી કી ડાલી હૈ**

*(સરો સહમી = શમસાદ તથા સનોરનું તદ્દન સીધુ ઝાડ)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! આપનુ સરૂ જેવું કદ મુબારક એ બાગે કુદ્દસના લાલ ગુલાબની હસીનો જમીલ ડાળી છે, જેમાં અબૂબક્ર સિદ્દીક઼, ઉમર ફારૂક઼, ઉષ્માન ગની તથા અલીએ મુર્તઝા رضوان اللہ تعالیٰ علیہم اجمعین જેવી બુલબુલો ચમકી રહી છે અને બાગ આપની ખુશ્બુથી મહેકી રહ્યો છે.

*ફૂલોંસે બાગ મહકે શાખોં પે મુર્ગ ચહકે—ઈદે બહાર આઈ સુબ્હે શબે વિલાદત*
*મેહરૂમ રહ ન જાએં દિન રાત બરકતોંસે—ઈસ વાસ્તે વો આયા સુબ્હે શબે વિલાદત*
*—(ઝૌક઼ે નઅત, અઝ : હસન રઝા બરેલ્વી)*

**'રઝા' ક઼િસ્મત હી ખુલ જાએ જો ગિલાંસે ખિતાબ આએ**
**કે તૂ અદના સગે દરગાહે ખુદ્દામે મઆલી હૈ**

**અર્થાત :** હે ગદાએ દરે મુસ્તફા વ દરે ગૌષુલ વરા (ﷺ અને رضی اللہ عنہ) અહમદ રઝા ! તારી ક઼િસ્મત તો એ ઘડીએ બદલાશે જ્યારે મહબૂબે સુબ્હાની, કુત્બે રબ્બાની, કંદીલે નૂરાની, શહબાઝે લામકાની, શીરાઝે દાની, પીરાને પીર દસ્તગીર, સૈયદના ગ઼ૌષે આ'ઝમ, મીરાં મુહયુદ્દીન જીલાની હસની હુસૈનીના દેશથી ઠંડી હવા ચાલે અને એમાં તારા માટે ગ઼ૌષે પાક رضی اللہ عنہની બારગાહથી આ લક઼બ અને ખિતાબ હોય કે, હા ! હે અહમદ રઝા ! ખરેખર તું અમારા દરબારે મુઅલ્લાના ખાદિમોનો કૂતરો છે. (સુબ્હાનલ્લાહ !)

આ'લા હઝરત رحمۃ اللہ علیہની આ જ અક઼ીદતોના કારણે સૈયદના ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہએ આપને હિંદ તથા પાક.માં પોતાના નાયબ ઠરાવ્યા. જેમ કે વિવિધ બનાવો છે, જેમાંથી એક શેરે રબ્બાની હઝરત મિયાં શેર મુહમ્મદ શરક઼પૂરી رحمۃ اللہ علیہનો ખ્વાબ પણ છે કે ગ઼ૌષે પાકે ફર્માવ્યું કે અહમદ રઝા બરેલ્વી હિંદુસ્તાનમાં મારો નાયબ છે. આ ખ્વાબને મિયાં સાહબ رحمۃ اللہ علیہએ ખુદ બરેલી જઈને આ'લા હઝરતની સામે વર્ણન કર્યો અને ફર્માવ્યું, મેં જોયું છે કે આ'લા હઝરત رحمۃ اللہ علیہ તે જ બોલે અને લખે છે જે સરકાર علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે. બરાબર એ જ પ્રમાણેનો ખ્વાબ મુહદ્દિષ અલીપૂરી હઝરત પીર જમાઅત અલીશાહ رحمۃ اللہ علیہને પણ આવ્યો જેના કારણે આપ ફર્માવે છે કે મારા દિલમાં આ'લા હઝરતની ક઼દર ઓર વધી ગઈ. *(જુઓ કિતાબ : અશ્શાહ અહમદ રઝા, પેજ : ૧૧૦, અઝ : મુફ્તી ગુલામ સરવર ક઼ાદરી)*


**:: આ'લા હઝરત رحمۃ اللہ علیہના ૧૦૦મા ઉર્સ નિમિત્તે : અમારાં આગામી ભવ્ય પ્રકાશનો ::**

| **પયગંબરે રહમત ﷺ અને તેમની તા'લીમાત** | **શરહે હદાઈક઼ે બખ્શિશ (ભાગ : ૧)** |
|---|---|
| **(પેજીસ ૪૮૮ : હદિયો : ૨૫૦/-)** | **(પેજીસ ૪૪૦ : હદિયો : ૨૦૦/-)** |
| નબી પાક ﷺને રબ તઆલાએ "રહમતુલ્ લિલ્આલમીન" બનાવીને મોકલ્યા છે તો આપે દુનિયાવાળાઓ પર કેવી રહમત વરસાવી તેને વાંચો, વંચાવો. ગૈર મુસ્લિમોને પણ વંચાવો અને નબી પાક તથા ઈસ્લામ પ્રત્યેની ગલત ફહમીઓને દૂર કરાવો. | આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની લખેલ જગવિખ્યાત અજોડ નઅતેપાકના સંગ્રહની આ કિતાબમાં દરેક શેઅરના શબ્દોના અર્થ દર્શાવી ઈમાન તાજુ કરી દે તેવી સમજૂતી ગુજરાતીમાં વાંચો અને ઈશ્ક઼ે નબી ﷺના ચિરાગને દિલોમાં તેજ કરો. |

**પ્રકાશકો : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા/સુન્ની દા'વતે ઈસ્લામી** ફયૂઝાને રઝાએ મુસ્તફા, મુા.પો. **દયાદરા,**
તાલુકા & જિલ્લા : ભરૂચ પિન. ૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧ (ઓફિસ), મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી

## હપ્તો ૧૦ પયગમ્બરે ઈસ્લામ صلی اللہ علیہ وسلم

રજૂકર્તા : હાફેઝ મૂસા વેમી ઝંઘારવી *(હાલ : પ્રેસ્ટન, યુ.કે.)*

### આપની નમ્રતા તથા ઈન્કેસારી

હઝરત અબ્દુલ્લાહ બિન શખીર رضی اللہ عنہ બયાન કરે છે કે હું બનૂ આમિરના પ્રતિનિધિમંડળમાં સરકારે અબદ કરાર صلی اللہ علیہ وسلمની ખિદમત શરીફમાં હાજર થયો. અમે કહ્યું, આપ અમારા આકા છો. આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, આકા અલ્લાહ છે. અમે કહ્યું, આપ ફઝ્‌લો કરમમાં અમારાથી અફઝલ તથા ઉચ્ચ છો. આપે ફર્માવ્યું, તમે આવુ કહો અથવા એથી પણ ઓછુ કહો. ખ્યાલ રાખજો કે શૈતાન તમોને પોતાના નાયબ ન બનાવી લે. *(મિશ્કાત શરીફ, કિતાબુલ અદબ, બાબે મુફાખેરાતુ વલ્અસ્બિય્યહ)*

### આપની નમ્રતા જોઈ મુસલમાન થયા

અદી બિન હાતિમતાઈ પહેલાં ઈસાઈ હતા જે પોતાની કૌમના સરદાર હતા. અને ગનીમતમાંથી જાહિલિયતના સમયના કાયદા મુજબ ચોથો ભાગ લેતા હતા. જ્યારે એને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની બઅષતની ખબર મળી તો એ સીરિયા નાસી ગયા. એમનાં બહેન પાછળ રહી ગયાં અને જંગમાં કેદીઓ સાથે પકડાઈને આવ્યાં. આકાએ નામદાર صلی اللہ علیہ وسلمની ખિદમતમાં હાજર થયાં. તેણીએ કહ્યું, આપ મારા પર એહસાન કરો, અલ્લાહ તઆલા આપ પર એહસાન કરશે. આપ علیہ الصلوٰۃ والسلامએ એને ખોરાક, પોશાક અને સવારી આપી એની કૌમના એક કાફલાની સાથે મોકલી આપ્યાં. તેણી સીરિયા એના ભાઈના પાસે પહોંચી ગયાં. અદીને શંકા હતી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم બાદશાહ હશે કે પૈગંબર ?! એમની બહેને સલાહ આપી કે, ભાઈ ! તમે જાતે જ તેમની સેવામાં હાજર થઈ જાણી લો તે વધુ સારું છે. બહેનની સલાહ એમને યોગ્ય લાગી. અદી કહે છે, જ્યારે હું મદીના શરીફમાં પહોંચ્યો તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم મસ્જિદ શરીફમાં સહાબાએ કિરામ સાથે તશરીફ ફર્માવી રહ્યા હતા. મેં સલામ અર્ઝ કરી, આપ صلی اللہ علیہ وسلم આ સાંભળતાં ઉભા થઈ ગયા અને મને પોતાના ઘરે લઈ ગયા. હું જોઉં છું તો એકાએક એક વૃદ્ધ સ્ત્રી કોઈ જરૂરતને કારણે આવી તેણી બોલી, ઊભા રહો ! આપ علیہ الصلوٰۃ والسلام ઊભા રહી ગયા. તેણી ઘણીવાર સુધી પોતાની વિતક સંભળાવતી રહી. આ જોઈને મેં મારા દિલને કહ્યું, આ વ્યક્તિ કોઈ બાદશાહ નથી. પછી આપ મને પોતાના ઘરમાં લઈ ગયા. એક તકીયો હતો જેમાં ખજૂરની છાલ ભરી હતી. મારા તરફ ફેંક્યો અને કહ્યું, એના ઉપર બેસી જાઓ. મેં કહ્યું, ના ! તમે બસો. આપ صلی اللہ علیہ وسلمએ ફરી કહ્યું, ના ! તમે જ એના ઉપર બેસો. જેથી તેમના હુકમથી હું એના ઉપર બેસી ગયો અને આપ જમીન ઉપર બેસી ગયા. આ જોઈને મેં મારા દિલને કહ્યું, બાદશાહોનો આ હાલ હોય શક્તો જ નથી.

પછી આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, હે અદી બિન હાતિમ ! શું તમે રકુસી નથી ?! મેં અર્ઝ કરી,

હા ! પછી આપ ﷺએ ફર્માવ્યું, શું ગનીમતમાંથી ચોથો ભાગ નથી લેતા ? મેં કહ્યું, જી હા ! આપ ﷺએ ફર્માવ્યું, એ તમારા મઝહબમાં જાઈઝ નથી. હું આ સાંભળી ઓળખી ગયો કે આપ અલ્લાહના મોકલેલા પૈગંબર (રસૂલ) છે. પછી આપ ﷺએ ફર્માવ્યું, હે અદી ! કદાચ ! તમે ઈસ્લામમાં દાખલ એટલા માટે નથી થતા કે મુસલમાન ગરીબ છે અને સંખ્યામાં ઘણા થોડા છે અને એના દુશ્મનો અસંખ્ય અને ઘણા દેશો અને બાદશાહતના ધણી છે. પરંતુ ઘણા જ ટૂંક સમયમાં મુસલમાનો પાસે માલ વ દૌલત એટલી વધી જશે કે સદક઼ો ક઼બૂલ કરનાર કોઈ નહીં મળે. અને તમે ખૂબ જ જલ્દી સાંભળી લેશો કે એક સ્ત્રી (અબળા) ઊંટ પર સવાર થઈ કાદસિયાથી મક્કા મોઅઝ્ઝમામાં કા'બતુલ્લાહનો હજ્જ કરશે, અને એને રસ્તામાં આવવા જવામાં કોઈ ડર નહીં હોય. અને તમે ખૂબ જ જલ્દી એ પણ સાંભળશો કે બાબુલના સફેદ મહેલો પર મુસલમાનોનો કબ્જો થઈ ગયો હશે. આ સાંભળી હું ઈસ્લામ લઈ આવ્યો. હઝરત અદી બિન હાતિમતાઈ رضی اللہ عنہ ફર્માવે છે, આ ત્રણેય ભવિષ્યવાણીઓમાંથી બીજી અને ત્રીજી તો પૂરી થઈ ચૂકી છે અને મને યક઼ીન છે કે પ્રથમ પણ પૂરી થઈને જ રહેશે.

*—(સીરતે ઈબ્ને હિશામ, અમ્ર અદી બિન હાતિમ)*

## ઘરવાળાં તથા ખાદિમ સાથે નમ્રતા

આપ علیہ الصلوٰۃ والسلام પોતાના ઘરવાળા અને ગુલામો અને સહાબાએ કિરામ સાથે ઘણી જ નમ્રતા, વિવેકથી વર્તન કરતા હતા. પોતાના મકાન મુબારકમાં ઘરવાળાનાં કામમાં મદદ કર્યા કરતા. આપ ﷺએ કદી પણ ખાણામાં ખામી કાઢી નથી. (જેમ કે આપણે આદત મુજબ ખારુ છે, મોળુ છે, કાચુ છે વગેરે ખામીઓ કાઢીએ છીએ.) આપને જમવાની ઈચ્છા હોય તો ખાઈ લેતા, નહીં તો છોડી દેતા. હઝરત અનસ رضی اللہ عنہએ દસ વર્ષ સુધી આપની ખિદમત ગુજારી. આટલા સમયમાં એકવાર પણ આપ ﷺએ એમને "ઉફ !" શબ્દ પણ કહ્યો નથી. અને કદી પણ એવું ન ફર્માવ્યું, અનસ તમે આ કામ કેમ કર્યું કે આ કેમ ન કર્યું ?!

*(સહીહ બુખારી, કિતાબુલ અદબ, બાબુ હુસ્નુલ ખુલ્ક઼ વસ્સખાઅ)*

## વિધવા, ગરીબો, બીમારો સાથે નમ્રતા

આપ علیہ الصلوٰۃ والسلام ફજરની નમાઝ પઢી ફારિગ થતા તો મદીના મુનવ્વરાના લોકોના ખાદિમો પાણીનાં વાસણો લઈને આપની સમક્ષ હાજર થતા. આપ તેમના વાસણોમાં આપનો હાથ મુબારક ડૂબાડી આપતા જેથી તેની બરકતથી તેમને બીમારીઓમાંથી શિફા અને બરકત મળે. આપ ﷺ વિધવાઓ, ગરીબો, મિસ્કીનો સાથે ચાલતા અને તેમની જરૂરિયાત, તકલીફો દૂર કરી આપતા. મદીનાવાસીઓની દાસીઓ આપનો હાથ મુબારક પકડી લઈ જતી અને એમની મુસીબતો, તકલીફો બયાન કરતી. *(બુખારી શરીફ)*

આપ ﷺ બીમારોની ખબર અંતર પૂછવા જતા હતા. જનાઝાઓની પાછળ પાછળ ચાલતા. ગુલામોની પણ દા'વત ક઼બૂલ કરતા. ખચ્ચર પર સવાર થતા અને આપની પાછળ બીજાઓને પણ બેસાડી લેતા. જેમ કે બની કુરૈઝાની લડાઈના દિવસે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ખચ્ચર પર બેઠેલા હતા જેની લગામ અને બેઠક ખજૂરની છાલથી બનેલી હતી.

*(શમાઈલે તિર્મિઝી)*

હજ્જતુલ વિદાઅમાં આપ ﷺ આપની ઊંટણી મુબારકના સાઝ પર બેઠા હતા તો જ્યારે આપ શહેરમાં દાખલ થયા તો માથા મુબારકને

એટલુ બધું ઝુકાવી લીધું કે સાઝની બેઠક સુધી પહોંચી ગયું. *–(શમાઈલે તિર્મિઝી, સહીહ બુખારી)*

## નમ્રતાનાં અજોડ દષ્ટાંતો !

બદ્રની લડાઈમાં ૩–૩ મુજાહિદો વચ્ચે એક ઊંટ હતું. જેવું કે હઝરત અલી મુર્તઝા અને અબૂ લુબાબા અન્સારી رضی اللہ عنہما અને રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام વચ્ચે એક ઊંટ હતું. જ્યારે રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامનો ઉતરવાનો વારો આવે ત્યારે બંને સહાબા આપને ઉતરવાથી ના પાડતા અને અર્ઝ કરતા, તમારા બદલે અમે નંબરવાર ચાલીશું. પરંતુ આપ ફર્માવતા, ના મારી વારી પર હું ચાલીશ. તમે મારાથી વધુ શક્તિશાળી નથી. અને હું તમારા કરતાં નેકીઓ મેળવવામાં બેપરવા નથી.

*–(તબક઼ાતે ઈબ્ને સઅદ)*

આપ પોતાની નાલૈન (પગરખાં) મુબારકને સ્વંય રિપેર કરતા. પોતાના પોશાક મુબારકને પોતે સીવી લેતા. પોતે પોતાની બકરીનું દૂધ પણ દોહી લેતા. જે વ્યક્તિ આપની મુલાકાત માટે આવતી તેને ખૂબ જ ઈજ્જતથી આવકાર આપતા, ત્યાં સુધી કે કેટલીકવાર તો પોતાની ચાદર મુબારક તેના માટે પાથરી આપતા, અને જ્યારે આપ કોઈને મળતા તો પહેલા સલામ કરતા અને મુસાફો કરતા તો પોતાનો હાથ ત્યાં સુધી પોતે હટાવતા નહીં જ્યાં સુધી સામેની વ્યક્તિ ન હટાવતી. અને તેનાથી પોતાનો ચહેરો મુબારક ફેરવતા નહીં ત્યાં સુધી કે તે પોતાનો ચહેરો ન ફેરવી લેતો. અને બીજા સાથીઓ સાથે આપ જ્યારે બેસતા તો (ક઼ાયદામાં બેસે તેવું : દોઝાનું) આપના પગ મુબારક બીજા સાથીઓથી આગળ રહે તે રીતે કદી ન બેસતા.

*(મિશ્ક઼ાત, તિર્મિઝીના હવાલાથી)*

ઉમ્મુલ મો'મિનીન હઝરત સૈયદા મા આઈશા સિદીક઼ા તૈયબા તાહિરા رضی اللہ عنہا બયાન કરે છે કે એક માણસ રસૂલુલ્લાહ ﷺની પરવાનગી લઈ આપની પાસે અંદર આવ્યો. આપે એને દરવાજામાંથી જોતાં જ ફર્માવ્યું, આ વ્યક્તિ ક઼બીલાનો સૌથી બુરો માણસ છે. જ્યારે તે અંદર આવી આપની પાસે બેસી ગયો તો આપે એની સામે હસતા ચહેરે, મહોબ્બતનો ઈઝહાર કરતું વર્તન કર્યું. જ્યારે તે ચાલ્યો ગયો તો હઝરત સૈયદા આઈશા સિદીક઼ા رضی اللہ عنہا કહે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ જ્યારે તમે એને દરવાજામાં દાખલ થતાં જોયો તો મને આવું કહ્યું, અને એની રૂબરૂમાં હસતા ચેહેરે પ્રસન્તા દેખાડી !

આપ ﷺએ ફર્માવ્યું, હે આઈશા ! તેં મને ખરાબ વર્તન કરનાર, મોં બગાડી વર્તનાર કે બેશરમ કદી પણ જોયો છે ! હે આઈશા ! **ક઼યામતના દિવસે અલ્લાહ તઆલાની નજીક દરજાના લિહાઝથી સૌથી બુરો તે વ્યક્તિ હશે જેની ગંદી જીભ, ગંદા વર્તનથી બચવા લોકો તેનાથી દૂર રહે છે.** (વાતચીત, વહેવારમાં લોકો ડરતા હોય કે કદાચ કે ગમે તેવા ગંદા શબ્દો સંભળાવી દેશે...વગેરે.)

*–(સહીહ બુખારી, કિતાબુલ અદબ)*

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## રાહતુલ કુલૂબ



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર رحمۃ اللہ علیہ

સંપાદક : મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ

**મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર رحمۃ اللہ علیہ**

**સંપાદક : મહબૂબે ઈલાહી**
**હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ**

### બાયઝીદ رحمۃ اللہ علیہનો જનાઝો અર્શે ખુદા છે !

પછી એ જ મૌકા હેઠળ ફર્માવ્યું કે એકવાર શયખ અલી رحمۃ اللہ علیہએ ખ્વાબમાં જોયું કે અર્શ માથા પર ઉઠાવીને જઈ રહ્યો છું. જ્યારે દિવસ થયો તો વિચારવા લાગ્યો કે આ ખ્વાબ કોની સમક્ષ વર્ણન કરું ? પછી ખયાલ આવ્યો કે ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہના સિવાય કોણ છે જે એની તઅબીર કરી શકે ?! જ્યારે ગયા તો જોયું કે મુસલમાનોમાં કોહરામ મચેલો છે, આશ્ચર્યમાં પડીને પૂછયું કે આ કોહરામનું કારણ શું છે ? જાણવા મળ્યું કે ખ્વાજા બાયઝીદ رحمۃ اللہ علیہ ઈન્તેકાલ કરી ચૂક્યા છે. શયખ અલી નારો મારતા રવાના થયા. જ્યારે જનાઝાની નજીક આવ્યા તો જનાઝો શહેરની બહાર નીકળી ચૂક્યો હતો, અને આમ પબ્લિક હતી. આપ ભીડને ચીરતા જનાઝાની પાસે આવી પહોંચ્યા અને જનાઝો માથા પર ઉઠાવ્યો. અર્ઝ કરી,'' હે ખ્વાજા બાયઝીદ ! હું તો ખ્વાબની તાબીર પૂછવા આવ્યો હતો. ફર્માવ્યું, હે અલી ! જે ખ્વાબ તેં જોયો હતો એની તાબીર આ જ છે. આ જ બાયઝીદનો જનાઝો અર્શે ખુદા છે જેને તું માથા પર ઉઠાવીને જઈ રહ્યો છે.''

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે હું ત્રીસ વરસ મુજાહિદાના આલમમાં રહ્યો. મને દિવસ રાતના કોઈ તમીઝ ન હતી. અલ્બત્ત નમાઝના સમયે નમાઝ અદા કરી લેતો હતો અને એ જ આલમમાં મશ્ગૂલ થઈ જતો.

### ખ્વાજા કુત્બુદ્દીનનો જનાઝો ફરિશ્તા ઉઠાવીને જતા જોયા

પછી ફર્માવ્યું કે જે દિવસે ખ્વાજા કુત્બુદ્દીન મૌદૂદ ચિશ્તી قدس سرہ એ ઈન્તેકાલ કર્યો તે દિવસે આપનુ શરીર મુબારક કમજોર થઈ ગયું હતું. સાથીઓ સાથે બેઠેલા હતા એવામાં એક શખ્સ રેશમી કાગળ હાથમાં લઈને ખિદમતમાં હાજર થયો અને સલામ કરીને કાગળ દેખાડયો. જેવું ખ્વાજા સાહબે એના પર બિસ્મિલ્લાહ લખેલું જોયું તુરત જ ઈન્તેકાલ કરી ગયા. શોર મચી ગયો કે ખ્વાજા કુત્બુદ્દીન رحمۃ اللہ علیہ ઈન્તેકાલ કરી ગયા. ગુસ્લ આપીને જનાઝો તૈયાર કર્યો. કોઈની મજાલ ન હતી કે ઉઠાવે, સૌ હૈરાન હતા. કેટલીક વાર પછી અવાજ આવ્યો તો લોકોએ નમાઝ અદા કરી. જ્યારે ચાહ્યું કે જનાઝો ઉઠાવીએ તો

અલ્લાહના હુકમથી આપોઆપ હવામાં આગળ આગળ રવાના થયો અને લોકો પાછળ પાછળ ચાલવા લાગ્યા. જેટલા બેદીન હતા સૌ આવીને મુસલમાન બન્યા. તેમને પૂછવામાં આવ્યું કે ક્યા સબબે તમો મુસલમાન બન્યા ? અમે અમારી આંખો વડે જોયું કે ખ્વાજા સાહબનો જનાઝો ફરિશ્તા ઉઠાવીને લઈ જઈ રહ્યા છે. જ્યારે શયખુલ ઈસ્લામે આ હિકાયત ખત્મ કરી તો નારો મારીને ગબડી પડયા અને આ શેઅર પઢયો :–

***દર કૂએ આશિકાં ચુનાં જાન બદહન્દ***
***કઈંજા મલકુલ મૌત નગન્જદ હરગિઝ***

એ અરસામાં મોઅઝઝિને અઝાન આપી, આપ નમાઝમાં મશગૂલ થયા અને હું તથા લોકો પરત ચાલ્યા આવ્યા. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

૨–માહે રબીઉલ અવ્વલ હિ.સ. ૬૫૬ના રોજ કદમ બોસીનો શરફ હાંસલ થયો. આ બંદાને ખિલ્અતે ખાસથી મુશર્રફ કર્યા અને અઝીઝો સાથીઓ ખિદમતમાં હાજર હતા. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે મૌલાના નિઝામુદ્દીન ! તમને અમે હિંદુસ્તાનની વિલાયત આપી અને સાહિબે સજ્જાદા કર્યા. જેવું આવું ફર્માવ્યું મેં બેવાર (બારગાહે રબમાં) સજદો કર્યો. હુકમ થયો, હે જહાંગીરે આલમ ! માથુ ઉઠાવો ! આપે શયખ કુત્બુદ્દીનની જે દસ્તાર માથા પર રાખી હતી તે અર્પણ કરી અને અસો (લાકડી) આપ્યો અને ખિર્કો પોતાના હાથ વડે પહેરાવ્યો અને ફર્માવ્યું, બે રકાત અદા કર ! જ્યારે કિબ્લા તરફ મેં ચહેરો કર્યો તો હાથ પકડીને આસ્માનની તરફ કરીને ફર્માવ્યું કે તને ખુદાને સોંપ્યો.

ત્યારબાદ ફર્માવ્યું કે આ સર્વ કાંઈ હું તને આપું છું એટલા માટે કે તું અંતિમ સમયે મારી પાસે નહીં હોય. ફર્માવ્યું કે હું પણ મારા શયખ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہના ઈન્તેકાલ વખતે હાજર ન હતો. તે વખતે હું હાંસી હતો.

## વિસાલ વેળા પણ હુઝૂરની ફિક્રે ઉમ્મત

ત્યારબાદ ફર્માવ્યું (હુઝૂર ﷺના વિસાલ બારામાં) કે જ્યારે તકલીફ હદથી અધિક વધી ગઈ તો સરવરે કાઈનાત ﷺ ત્રણ દિવસ સુધી મસ્જિદમાં તશરીફ ન લાવી શકયા. ત્રીજા દિવસે હઝરત બિલાલ رضی اللہ عنہ રસૂલે ખુદા ﷺના હુજરા મુબારકના દરવાજા પાસે આવ્યા અને અવાજ આપ્યો : અસ્સલાત યા રસૂલલ્લાહ ! રસૂલે ખુદા ﷺ ઉઠયા અને ફર્માવ્યું, બિલાલને કહો કે અબૂબક્ર તથા ઉમર આવે જેથી મને મસ્જિદ લઈ જાય. અબૂ બક્ર, ઉમર, ઉષ્માન તથા અલી (رضی اللہ عنہم) આવ્યા અને રસૂલે ખુદા ﷺ તેમના ખભાઓ પર હાથ મુબારક રાખીને મસ્જિદમાં તશરીફ લાવ્યા. ઈમામત કરવા ચાહી પણ ન કરી શક્યા. અબૂ બક્ર رضی اللہ عنہનો હાથ પકડીને આગળ ઉભા કર્યા. આ હાલત જોઈને સહાબા નારો મારવા લાગ્યા, નજીક હતું કે સહાબા ભાવનાના આવેશમાં રડી પડે. છેવટે રસૂલુલ્લાહ ﷺ હુજરામાં પરત તશરીફ લાવ્યા, અને સૂઈ ગયા.

ત્યારબાદ મલકૂત મૌત તથા હઝરત જિબ્રઈલ علیہ السلامના આવવાનું વર્ણન કયું.) જિબ્રઈલ علیہ السلامએ આવીને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આસ્માનોના ફરિશ્તા નૂરના થાળો હાથમાં લઈને જનાબના આગમનના મુન્તઝિર છે અને જન્નત તથા આસ્માનના દરવાજાઓ ખોલી દેવામાં આવ્યા છે અને અંબિયાની રૂહો મુન્તઝિર છે. બહિશ્તી હૂરો દીદારની મુન્તઝિર છે. રિઝવાને બહિશ્ત સજાવી છે કે જેથી આપ તશરીફ લાવો. ફર્માવ્યું, એ નથી પૂછતો, એ કહો કે મારા ઈન્તેકાલ બાદ મારી ઉમ્મતનો શો હાલ થશે ? અર્ઝ કરી, હુકમ થયો છે કે આપ આપની ઉમ્મતને ખુદા તઆલાના હવાલે કરી દો. ફર્માવ્યું, મારો મક્સદ પણ એ જ હતો.

ત્યારબાદ મલકૂલ મૌતને ઈજાઝત આપી. પાણીનો ભરેલો પ્યાલો આં હઝરત ﷺની પાસે હતો એ વખતે દસ્ત મુબારક તેનાથી તર કરીને સીના પર ફેરવતા હતા અને ફર્માવતા હતા : اللّٰهم هون سكرات الموت હે અલ્લાહ ! મૌતની સખ્તીને આસાન કર ! જ્યારે સમય તદ્દન નજીક આવી ગયો તો આપ લબ મુબારક હલાવતા હતા. હઝરત ફાતિમા رضی اللہ عنہا ફર્માવે છે કે મેં કાન લગાડીને સાંભળ્યું કે ફર્માવી રહ્યા હતા, હે અલ્લાહ ! મુહમ્મદ (ﷺ)ના જાન દેવાની હુર્મતથી મારા ઉમ્મતીઓ પર રહમ ફર્માવ. આખરી સમય સુધી એ જ ફર્માવતા રહ્યા.

જ્યારે શયખુલ ઈસ્લામ એ ખત્મ કરી ચૂક્યા તો તમામ હાઝરીને મજલિસથી નારો ઉઠયો અને શયખુલ ઈસ્લામ બેહોશ થઈ ગયા. જ્યારે હોશમાં આવ્યા તો મારા તરફ સંબોધીને ફર્માવ્યું, જેના ખાતર તમામ મખ્લૂક઼ાત પેદા કરવામાં આવી અને જેની દોસ્તીના ખાતર હક્ક઼ તઆલાએ પોતાની સલ્તનત જાહેર કરી, તેમને દુનિયાથી ઉઠાવી લેવામાં આવ્યા તો પછી હું અને તમે કઈ ગણત્રીમાં છીએ ! જેથી આપણે આપણને પણ મુર્દામાં ખયાલ કરવો જોઈએ અને ગફલત તથા વાતોચીતોમાં મશ્ગૂલ ન થવું જોઈએ જેથી કરીને ક઼યામતના દિવસે શર્મિંદગી ન ઉઠાવવી પડે.

જ્યારે શયખુલ ઈસ્લામ આ ખત્મ કરી ચૂક્યા તો શમ્એ દબીર આદાબ બજાવી લાવ્યો અને અર્ઝ કરી કે ખ્વાજા નિઝામીની નઝમ યાદ છે, જો ઈજાઝત હોય તો પઢું. ફર્માવ્યું, પઢો : જ્યારે નઝમ પઢી તો શયખુલ ઈસ્લામમાં જાણે જાન આવી ગઈ. એક પહોર સુધી એ જ હાલત રહી.

નઝમ બાદ તિલાવતમાં મશગૂલ થયા. મેં લોકોથી સાંભળ્યું છે કે પછી ઈન્તેક઼ાલ સુધી કોઈની સાથે વાતચીત નથી કરી, કેવળ યાદે ઈલાહીમાં વ્યસ્ત રહ્યા. અલ્લાહ બેહતર જાણનાર છે. નઝમ જે શમ્સ દબીરે પઢી હતી તે આ છે :

## નઝમનો ભાવાર્થ

૦૧. દુનિયાની હક઼ીક઼ત શું છે એના ધોકાથી તું બચીને રહે અને તેના ધોકાબાઝ પંજાથી સંપૂર્ણ આઝાદી હાંસલ કરી લે.

૦૨. આ બાગમાં (દુનિયામાં) તું કોઈને હમેશાં રહેનારો જોઈશ નહીં એક એક કરીને સર્વ લોકો તમાશો કરે છે અને ચાલ્યા જાય છે.

૦૩. આ દુનિયામાં ચોતરફ કોઈ ચીજ અજનબી તથા નવી નથી એટલે કે દરેક બાજુ ઈબ્રત (બોધ લેવાના) નમૂના મૌજૂદ છે. કેમ કે જુઓ ખુદ માણસનું ગજુ કામનું નથી.

૦૪. એમાં દરેક સમયે એક નવું ફાલ (બાળક સ્વરૂપે) આવે છે એક આવે છે અને બીજો ચાલ્યો જાય છે.

૦૫. દુનિયા જો કે એક સારી આરામગાહ છે.

૦૬. આ ખૂબસૂરત બાગના બે દરવાજા છે. અને એ બંનેવના કિવાડ ખુલેલા છે.

૦૭. બાગના એક દરવાજાથી અંદર દાખલ થા (અને કુદરતનો નઝારો કર) અને બાગના બીજા દરવાજાથી બહાર થઈ જા (આખેરતની તરફ સફર કર).

૦૮. જો તું બુદ્ધિશાળી છે તો સારા ફૂલ (નેક લોકો)ની સોહબત અપનાવ એટલા માટે કે યક઼ીનન ! તું એની જેવો થઈ જઈશ.

૦૯. આ જ ફુરસદ તારી પાસે છે (એટલે બાક઼ી રહેલી જિંદગી) એમાં ખુશીથી તૈયારી કરી લે. કેમ કે (ક઼યામતના દિવસે) મુશ્કેલી તથા મુસીબતમાં એ (સારી તૈયારી) પણ કમ છે.

૧૦. અય 'નિઝામી' દોસ્ત તથા સંબંધીઓ ફારિગ થઈ ગયાં (અને જન્નતમાં ચાલ્યા ગયાં) તું ગમઝદા રહી ગયો અને તેઓ ગમખ્વાર થઈ ગયા. ❑❑❑

# તઝકેરતુલ અવલિયા
હપ્તો ૧૮

# હઝરત રાબિઆ બસરી رحمۃ اللہ علیہا ના હાલાત તથા ખૂબીઓ

*અઝ : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ // અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

**દર્દે દિલ :** એકવાર આપે સાત દિવસ રાત સતત રોઝા રાખ્યા અને રાતમાં તદ્દન આરામ પણ ન કર્યો, પણ જ્યારે આઠમા દિવસે ભૂખની સખ્તીની નફ્સે ફરિયાદ કરી કે મને ક્યાં સુધી તકલીફ આપીશ ? તો એ જ વખતે એક શખ્સ ખાવાની કોઈ ચીજ પ્યાલામાં લઈને હાજર થયો. આપ એને લઈને દીવો તેજ કરવા ઉઠયાં એ જ વખતે એક બિલાડી ક્યાંકથી આવી અને તે પ્યાલો ઊંધો વાળી દીધો અને જ્યારે પાણી વડે રોઝો ખોલવા ઉઠયાં તો દીવો ઓલવાય ગયો અને મશક તૂટી ગયો. એ વખતે આપે એક દર્દભરી અવાજ સાથે આહ ભરીને અલ્લાહ તઆલાથી અર્ઝ કરી કે મારી સાથે આ કેવો મામલો કરવામાં આવી રહ્યો છે ?! નિદા આવી કે જો દુનિયવી નેઅમતોની તલબગાર છો તો અમે અતા કરી આપીએ છીએ પણ એના બદલામાં અમારું દર્દ તારા દિલેથી કાઢી લઈશું, એટલા માટે કે અમારા ગમ તથા રોઝગારના ગમનું એક દિલમાં મિલન શક્ય નથી, અને ન કદી વિરોધાભાષી મુરાદો એક દિલમાં જમા થઈ શકે છે. આ નિદા સાંભળતાં જ ઉમ્મીદનો દામન છોડીને પોતાનું દિલ દુનિયાની મહોબ્બતથી એ રીતે ખાલી કરી લીધું કે જેવી રીતે મોતના સમયે મરનાર જીવવાની ઉમ્મીદ ત્યજી દઈને દિલને દુનિયાવી ખયાલોથી ખાલી કરી દે છે. અને ત્યાર બાદ આપ પણ દુનિયાથી એ રીતે અલિપ્ત થઈ ગયાં કે દરેક સવારે એ દુઆ કરતાં કે, યા અલ્લાહ ! મને એ રીતે તારી તરફ ધ્યાનિત કરી આપ કે દુનિયાવાળાઓ મને તારા સિવાય કોઈ કામમાં મશગૂલ ન જોઈ શકે.

અમુક લોકોને આપે સવાલ કર્યો કે કોઈ જાહેરી બીમારી વગર આપ ગિર્યાઓ ઝારી (રૂદન) કેમ કરો છો ? ફર્માવ્યું કે મારા સીનામાં એક બીમારી છુપી છે કે જેનો ઈલાજ ન તો કોઈ ડોકટર (હકીમ)ના વશમાં છે અને ન તો તે બીમારી તમને દેખાય શકે છે, અને તેનો એક જ ઈલાજ કેવળ વિસાલે ખુદાવંદી છે. એટલા માટે હું બીમારો જેવી સૂરત બનાવીને ગિર્યાઓ ઝારી (રૂદન આજીજી) કરતી રહું છું કે કદાચ આ સબબે કયામતમાં તમન્ના પૂરી થઈ જાય.

**બેનિયાઝી :** કેટલાક અલ્લાહવાળા ખિદમતમાં હાજર થયા તો આપે સવાલ કર્યો કે ખુદાની બંદગી શા માટે કરો છો ? તેમનામાંથી એક જણે તો એવો જવાબ આપ્યો કે અમે જહન્નમના તે તબકાઓ કે કયામતના દિવસે જેના પરથી પસાર થવું પડશે તેનાથી ડરીને અલ્લાહની બંદગી કરીએ છીએ જેથી કરીને જહન્નમથી મહેફૂઝ કરી શકીએ. અને બીજાએ જવાબ આપ્યો કે અમે જન્નતની તમન્નામાં એની બંદગી કરીએ છીએ. આપે ફર્માવ્યું કે જે બંદો જહન્નમના ડર તથા ફિરદોસની ઉમ્મીદના કારણે બંદગી કરે છે તે ઘણો જ બુરો છે. એ સાંભળીને લોકોએ સવાલ કર્યો કે શું તમને ખુદાથી ઉમ્મીદ તથા ડર નથી ? આપે ફર્માવ્યું કે પ્રથમ પડોશી છે બાદમાં આપણુ ઘર. એટલા માટે અમારી દષ્ટિએ ફિરદોસ તથા જન્નતનું હોવું ન હોવું એક સમાન છે. કેમ કે અલ્લાહની ઈબાદત અયન ફર્ઝ છે. અને જો તે ફિરદોસ તથા જહન્નમનું સર્જન ન કરત તો બંદા તેની બંદગીથી મુન્કિર થઈ જાત. આ પરથી જાણવા મળ્યું કે ડર તથા ઉમ્મીદથી હટીને વિના વાસ્તાએ તેની ઈબાદત કરવી જોઈએ.

એક બુઝુર્ગે આપને નિમ્ન કક્ષાના લિબાસમાં જોઈને અર્ઝ કરી કે અલ્લાહના ઘણા બધા એવા બંદા છે જેઓ આપના ભવાંના એક ઈશારા પર ઉમદાથી ઉમદા લિબાસ પૂરો પાડી શકે છે. ફર્માવ્યું કે મને ગૈરથી તલબ કરવામાં એટલા માટે હયા આવે છે કે દુનિયાનો માલિક તો ખુદા છે અને દુનિયાવાળાઓને દરેક ચીજ ઉછીની અતા કરવામાં આવેલી છે, અને જેની પાસે દરેક ચીજ ઉછીની હોય એની પાસેથી કાંઈ માગવું શરમની વાત છે, આ સાંભળીને એ બુઝુર્ગે આપની સબ્ર તથા બેનિયાઝીની દાદ આપી.

**આઝમાઈશ :** આઝમાઈશ રૂપે કેટલાક લોકોએ આપને અર્ઝ કરી કે ખુદાએ મર્દોને ઔરતો પર ફઝીલત આપી છે, અને નબુવ્વતનો શરફ કેવળ મર્દોને જ કેમ હાંસલ છે, તેમ છતાં પણ તમને તમારા પોતાના પર ફખ્ર છે અને નિરર્થક રિયાકારીમાં વ્યસ્ત છો. ફર્માવ્યું કે આ તો તમે લોકો યોગ્ય કહો છો, પરંતુ બતાવો કે શું કદી કોઈ સ્ત્રીએ પણ ખુદા હોવાનો દાવો કર્યો છે ? અને શું કોઈ સ્ત્રી પણ હિજડો બની છે ? જ્યારે કે સેંકડો પુરૂષો હિજડા બનીને ફરે છે.

એકવાર આપ બીમાર થઈ ગયાં અને બીમારીનું કારણ પૂછતાં ફર્માવ્યું કે જ્યારે મારું દિલ જન્નતની તરફ ધ્યાનિત થયું તો રબ તઆલાએ નારાઝગી દર્શાવી, અને એનો ગુસ્સો મારી બીમારીનો સબબ છે. હઝરત હસન વર્ણવે છે કે જ્યારે હું આપની તબીઅતની ખબર લેવા હાજર થયો તો બસરાનો એક રઈસ આપના આસ્તાના પર રૂપિયાની થેલી રાખીને રડવામાં વ્યસ્ત હતો અને એવું કહેતો જઈ રહ્યો હતો કે હું આ રકમ રાબિઆની ખિદમતમાં નઝરાણારૂપે પેશ કરવા ચાહું છું, પરંતુ મને યકીન છે કે તે કદી તેને સ્વીકારશે નહીં, જેથી જો આપ સિફારિશ કરી દો તો કદાચ સ્વીકાર થઈ જાય. જેથી હસન બસરી رحمۃ اللہ علیہએ અંદર પહોંચીને તેની ભલામણ કરી આપી. પરંતુ રાબિયાએ ફર્માવ્યું કે હું જ્યારે ખુદાને ઓળખતી થઈ ગઈ છું તે સમયથી મખ્લૂકથી કાંઈક લેવું અને મેળ મેળાપ ત્યજી આપ્યો છે. પછી આપ જાતે જ વિચારો કે જે રકમના વિશે એ પણ ઈલ્મ નથી કે તે જાઈઝ છે કે નાજાઈઝ તેને હું કેવી રીતે કબૂલ કરી શકું છું ?!

હઝરત અબ્દુલવાહિદ આમિરી વર્ણન કરતા હતા કે એકવાર હું તથા હઝરત સુફયાન, રાબિઆ બસરી رحمۃ اللہ علیہاની ખબર પૂછવા હાજર થયા તો કાંઈક એવા પ્રભાવિત થયા કે ઝબાન ખોલવાની હિંમત જ ન થઈ શકી, ત્યાં સુધી કે રાબિઆએ પોતે જ કહ્યું કે વાતચીત કરો. તો અમે બંનેવે અર્ઝ કરી કે અલ્લાહ તઆલા આપની બીમારી દૂર કરી આપે. રાબિઆએ અર્ઝ કરી કે બીમારી તો ખુદાની જ અતા કરેલી છે અને હું તેની અતા કરેલી ચીજની ફરિયાદ કેવી રીતે કરી શકું ? કેમ કે એ કાંઈ દોસ્તના માટે મુનાસિબ નથી કે દોસ્તની રઝાનો વિરોધ કરે. પછી હઝરત સુફયાને પૂછયું કે શું તમારે કોઈ ચીજની હાજત છે ? ફર્માવ્યું કે તમે સાહિબે મઅરેફત થઈને આવો સવાલ કરો છો, અને બસરામાં ખજૂરની ભરમાર છતાં બાર વરસથી કાંઈક ખાવાની ખ્વાહિશ છે પણ મેં કેવળ એટલા માટે નથી ચાખી કે બંદાએ પોતાની મરજી મુજબ કોઈ કામ ન કરવું જોઈએ. કેમ કે રઝાએ ઈલાહીના વિના કોઈ કામ કરવું કુફ્ર (નાફર્માની)ના જેમ છે. પછી હઝરત સુફયાન رحمۃ اللہ علیہએ પોતાના માટે દુઆની દરખાસ્ત કરી તો ફર્માવ્યું કે જો તમારામાં દુનિયાની મહોબ્બત ન હોત તો તમો નેકીનું પૂતળુ હોત. તેમણે અર્ઝ કરી કે આ શું ફર્માવી રહ્યાં છો ? આપે કહ્યું, સાચી વાત કહી રહી છું, કેમ કે જો એવું ન હોત તો તમે કમઅકલીની વાતો ન કરતા. એટલા માટે કે જ્યારે તમને એ ઈલ્મ છે કે દુનિયા ફાની છે અને ફાની (નાશવંત) ચીજની દરેક ચીજ ફાની હોય છે, તેમ છતાં તમે આ સવાલ કર્યો કે તમારી તબીઅત કઈ ચીજને ચાહે છે. આ સાંભળીને સુફયાન رحمۃ اللہ علیہએ આશ્ચર્યમાં પડીને બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી કે હે અલ્લાહ ! હું તારી રઝા ચાહું છું. રાબિઆ رحمۃ اللہ علیہاએ ફર્માવ્યું કે તમને રઝાએ ઈલાહી તલાશ કરતાં શરમ ન આવતી, જ્યારે કે તમે ખુદ એની રઝાના તાલિબ નથી. ...*(ક્રમશઃ)*

رحمۃ اللہ علیہ

# તાજુશ્શરીઅહના



## જીવનચરિત્રની ઝલકો

હપ્તો 03

**ફતવા નવેસી (ફતવા લેખન) :** હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہના ખાનદાનમાં ફતવા લેખનનો પાયો મુજાહિદે જંગે આઝાદી ઈમામુલ ઉલમા મૌલાના રઝા અલી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُએ હિ.સ ૧૨૪૬, ઈ.સ. ૧૮૩૧માં રાખ્યો. આ ઈફતાના હોદ્દા પર બિરાજમાન થનાર ખાનવાદએ રઝાની નીચે મુજબની હસ્તીઓ દારુલ બક઼ાની કૂચ કરી ચૂકી છે. જેનો ક્રમ આ મુજબ છે :–

કુતુબે બરેલી ઈમામુલ ઉલમા રઝા અલી رحمۃ اللہ علیہના પછી અલ્લામા નક઼ી અલીખાં, ઈમામ અહમદ રઝાખાં, હુજ્જતુલ ઈસ્લામ મૌલાના મુહમ્મદ હામિદ રઝાખાં, મુફસ્સિરે ઈસ્લામ મૌલાના મુહમ્મદ ઈબ્રાહીમ રઝાખાં (જીલાની મિયાં), મુફતીએ આ'ઝમે હિંદ મૌલાના મુહમ્મદ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہم اجمعین. આ હઝરાતના પછી હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ આ હોદ્દા પર બિરાજમાન થયા. બલ્કે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની પાસે ઈસ્તિફતા (દીની સવાલો)ની ભરમાર રહેતી હતી, કેટ કેટલાય મુફ્તિયાને કિરામ આપની પાસે ફતવા લખવા નિયુક્ત થયેલા હતા. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ જાતે પોતે હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہને કહ્યું, "અખ્તર મિયાં ! હવે ઘરમાં બેસવાનો સમય નથી. આ લોકો (ફતવા પૂછનારાઓ) જેમની ભીડ લાગેલી છે તેઓ કદી ચૈનથી બેસવા નથી દેતા, હવે તમો આ ફતવા નવેસીના કામને અંજામ આપો, હું દારુલ ઈફતા તમારા હવાલે કરું છું." પછી હાજરજનોને સંબોધીને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, "આપ લોકો હવે અખ્તર મિયાં સલ્લમહૂથી રજૂઅ કરો, તેમને જ મારો ક઼ાઈમ મુક઼ામ તથા જાનશીન જાણો." એ જ દિવસથી લોકોનું આકર્ષણ આપના પ્રતિ અધિક થઈ ગયું અને ત્યારથી છેવટની ઘડી સુધી આપ એ કામોમાં વ્યસ્ત રહ્યા.

*(હયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૧૭, ૧૮, મૌ. શાહબુદ્દીન)*

હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ જ્યારે જામેઅ અઝહરથી પરત આવ્યા તો દર્સની સાથે ફતવા લેખનની પણ શરૂઆત કરી. જેમ કે ઈ.સ. ૧૯૬૬માં જ એક ફત્વાનો શાનદાર જવાબ લખ્યો. એ ફત્વો મર્કઝે ઈસ્લામ મદીના મુનવ્વરાથી આવ્યો હતો. તલાક઼, નિકાહ, વારસા સંબંધી હતો. જવાબ લખ્યા બાદ હઝરતે પ્રથમ બેહરુલ ઉલૂમ હઝરત મુફતી સૈયદ અફઝલહુસૈન મૂંગેરી સાહબને બતાવ્યો. તેમણે જોયા બાદ દાદ આપી અને કહ્યું કે મૌલાના એને આપના નાનાજાન મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہને બતાવો. હઝરતે એને પોતાના શયખ તથા ઉસ્તાદ નાના મોહતરમને બતાવ્યો. નાના સાહબ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ દલાઈલ વ બરાહીન (દલીલો)થી સજજ ફત્વો જોઈને ખુશી પ્રદર્શિત કરી અને પ્રશંસા તથા દાદના શબ્દો ઉચ્ચાર્યા અને હોસલા અફઝાઈ ફર્માવી. ત્યાર બાદ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની ચાહત તથા ધ્યાન આપના પ્રતિ રહ્યું. બલ્કે ખાનદાની બુઝુર્ગ મૌલાના હબીબ રઝા કહે છે કે, "કદી કદી હાજરી ન થતી તો હઝરતનાં અહલિયા મોહતરમા પીરાની

**રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી** *(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

અમ્મા સાહેબા رحمۃ اللہ علیہا પૂછતાં કે આજે અખ્તર મિયાં નથી આવ્યા ?! તેમને કહો કે દરરોજ આવ્યા કરે કે હઝરત તેમને ખૂબ જ પસંદ કરે છે.
*(હયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૧૯, રઝા એકેડમી-મુંબઈ)*

હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ ખુદ પોતાની ફતવા નવેસી (ફતવા લેખન)ની શરૂઆતના બારામાં લખે છે : "હું બચપનથી જ હઝરત (મુફતીએ આ'ઝમે હિંદ)થી સિલસિલામાં દાખલ થઈ ગયો છું. જામેઅ અઝહરથી પરત થયા બાદ મેં મારી દિલચસ્પીના લીધે ફતવાનું કામ શરૂ કર્યું. શરૂ શરૂમાં મુફતી સૈયદ અફઝલહુસૈન સાહબ رحمۃ اللہ علیہ તથા અન્ય મુફિતયાને કિરામની નિગરાનીમાં આ કામ કરતો રહ્યો. અને કદી કદી હઝરતની ખિદમતમાં હાજર થઈને ફત્વો દેખાડી આપતો હતો. અમુક દિવસો પછી આ કામમાં મારી દિલચસ્પી ઔર વધી ગઈ અને પછી હું કાયમી ધોરણે હઝરતની ખિદમતમાં હાજર થવા લાગ્યો. હઝરતની તવજજોહથી ટૂંકા ગાળામાં આ કામમાં મને તે ફયઝ હાંસલ થયો કે જે કોઈની પાસે મુદ્દતો સુધી બેસવાથી પણ ન થાત." *(માહનામા ઈસ્તિકામત-કાનપુર, રજબ અંક, હિ.સ. ૧૪૦૩, ઈ.સ. ૧૯૮૩, પેજ : ૧૫૧)*

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના ઈન્તેકાલ પછી ઈ.સ. ૧૯૮૧થી લઈને સતત દુનિયાથી વિદાય સુધી હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ ફતવાના કેન્દ્ર સ્થાને રહ્યા. હઝરતનો ફત્વો ઈસ્લામી જગતમાં સનદનો દરજ્જો ધરાવે છે. હઝરતના અસંખ્ય ફતવાઓ છપાય ચૂકેલા છે. હઝરત ત્રણ ભાષાઓ અરબી, અંગ્રેજી તથા ઉર્દૂમાં ફતવા લખતા હતા. કદાચ હાલમાં આ બાબતે હિંદુસ્તાનના આપ એકલા જ મુફતી છે જે ત્રણેવ ભાષાઓ પર સમાન પ્રભુત્વ ધરાવતા હતા. હઝરતે પોતાના માલિકીપણા તથા નિગરાનીમાં એક ઉર્દૂ મંથલી "સુન્ની દુન્યા" ઈ.સ. ૧૯૮૩માં શરૂ કર્યું જેમાં હમેશા માટે એક કોલમ "બાબુલ ઈફતા"ના નામથી છે એમાં ચારથી પાંચ પેજો ફત્વાના માટે ખાસ કર્યા. આ મેગેઝિનમાં હઝરતના ફત્વા ઈ.સ. ૧૯૮૩થી લઈને આજ સુધી છપાય રહ્યા છે. તદ્ ઉપરાંત આપ ફારસી તથા હિંદીમાં પણ ફત્વાના જવાબો લખતા હતા. હઝરતની પાસે અખંડ ભારતના તથા વિશ્વના કેટલાય દેશોમાંથી સવાલો આવતા. ફત્વાના અધિક ધસારાને લઈને આપે દસ મુફતીઓની ટીમ જવાબ આપવા માટે તૈયાર રાખી હતી જેઓ સવાલોના જવાબ લખ્યા કરતા, અને હઝરત એ ફત્વાઓ પર તસ્દીક (સમર્થન) કરી આપતા. તદ્ ઉપરાંત દર જુમેરાતે અઝહરી ગેસ્ટ હાઉસના હોલમાં જ્યાં હાલમાં હઝરતનું મઝાર શરીફ છે ત્યાં મગરિબ બાદથી ઈશા સુધી બેસતા, જ્યાં શહેર તથા શહેર બહારના લોકો ઘણા બધા સવાલો પૂછતા તેના હઝરત મૌખિક જવાબો આપતા. અને "ઓન લાઈન" પણ સવાલ કરનારા મોબાઈલ થકી કરતા જેના પણ જવાબો લાઈવ રીલે કરીને ઓડીયોમાં જવાબ આપવામાં આવતા હતા. જુમ્આના દિવસે મગરિબની નમાઝ બાદ અથવા ઈશાની નમાઝ બાદ બરેલી શહેરની વિવિધ મસ્જિદોમાં પણ "સવાલ જવાબ"નો પ્રોગ્રામ રહેતો એ મસ્જિદોમાં પણ લોકો પોતાની ઈલ્મી પ્યાસ બુઝાવતા હતા.

રવિવારે ઈશાની નમાઝ બાદ રાતના નવ વાગ્યાથી સાડા દસ સુધી ઈન્ટરનેટ પર દુનિયાભરથી આવેલા સવાલોના જવાબો આપતા. .........*(ક્રમશઃ)*


**કિતાબ મંગાવો (ગુજરાતી લિપિયાંતરમાં)**

ખ્વાજા ગરીબ નવાઝ કે પીરો મુર્શિદ

**હઝરત ખ્વાજા ઉસ્માન હારૂની** رحمۃ اللہ علیہ

મુરત્તિબ : હાજી અલી મુહમ્મદ બાબી-પોરબંદર

પ્રકાશક : **ગરીબ નવાઝ કમિટી** C/o. આઈકોન કમ્પ્યૂટર, સફલ પ્લાઝા, નં. ૧૬, ઈન્ડિયન બેંક સામે, જેઈલ રોડ, પિન : ૩૬૩૬૪૧, મોરબી, મો. ૮૭૫૮૨૯૫૧૯૨

## આ'લા હઝરતના આગમન વિશે ૧૭૦ વર્ષ પહેલાં આગાહી કરનાર

# હઝરત સૈયદ મુહમ્મદ સાલેહ શિરાઝી શાહ رحمۃ اللہ علیہ

રજૂકર્તા : અલી મુહમ્મદ અહમદ બાબી–પોરબંદર

શયખુલ મશાઈખ, કુત્બુલ અકતાબ, સૈયદુસ્સાલેકીન, સરતાજે ઔલિયા હઝરત સૈયદ મુહમ્મદ સાલેહ શિરાઝી શાહ, હસની હુસૈની, કાદરી, શિરાઝી, જીલાની رحمۃ اللہ علیہનો જન્મ મુબારક તા. ૩–મુહર્રમ હિજરી સ. ૧૦૦૦ સવારે ૪–૩૦ કલાકે ઈરાન દેશના શિરાઝ શહેરમાં થયો. આપનાં માતાનું નામ હઝરત આમિનાબીબી અને પિતાનું નામ હઝરત સૈયદ મુહમ્મદઅલી છે. આપના જન્મની પહેલાં આપના પિતાને આકાએ નામદાર હુઝૂરે પાક ﷺએ સ્વપ્નમાં બશારત આપી કે, આપને ત્યાં પુત્રનો જન્મ થશે, તેનું નામ "મુહમ્મદ સાલેહ" રાખશો. તે જન્મથી જ વલી હશે અને તે પોતાના જમાનાનો કુતુબ થશે. તેની તા'લીમ બગદાદ જઈને કરાવશો.

હઝરત શિરાઝી શાહ બાબા પાંચ વર્ષની ઉંમરમાં કુર્આન હાફિઝ થઈ ગયા. ૧૨ વર્ષે આલિમ થયા. ૨૦ વર્ષની વયે આપે ઘણી બધી વિદ્યાઓમાં પારંગતતા મેળવી લીધી. આપ શરીરે પાતળા અને સુડોળ હતા. ચહેરો ખૂબસૂરત નૂરાની હતો. પહેરવેશમાં સાદો કુરતો સલવાર પહેરતા હતા. અમામો ક્યારેક કાળો, ક્યારેક લીલો, ક્યારેક સફેદ અને ક્યારેક ચોકલેટી કલરનો પહેરતા હતા. પગમાં ઈરાની મોજડીઓ પહેરતા હતા. આપ સાદો ખોરાક ૨૪ કલાકમાં એકવાર લેતા. જેમાં દૂધ, મધ તથા બુંદ દાણાનો કાવો પીતા. આપનું જીવન સંપૂર્ણ સ્વચ્છતા સાદગીથી ભરપૂર હતું.

આપને **એક લાખ હદીશો** યાદ હતી. આપે આપના હાથેથી પુરૂં કુર્આન શરીફ ઉપરાંત યાસીન શરીફ, દુરૂદ શરીફ તથા દલાઈલુલ ખયરાત શરીફ લખી છે. આપ કિરઅત પણ ખૂબ જ સુંદર રીતે અદા કરતા. આપ શાયર પણ હતા. આપ રોજ ૧૦૦૦ રકાત નફલ નમાઝો પઢતા. આપ દુરૂદ શરીફ પણ ખૂબ પઢતા હતા. કારણ કે આપની માતાએ એક કરોડથી પણ વધુ દુરૂદ શરીફ પઢીને હુઝૂરે પાકની બારગાહમાં હદીયો મોકલેલ હતો. આપને પાંચ હજારથી પણ વધુ જુદા જુદા દુરૂદો યાદ હતાં. આપ દર સોમવારે તથા જુમેરાતે સવા લાખ દુરૂદે તાજનો ખતમ પઢતા હતા. આપે પચ્ચીસ હજ્જ કરેલ છે.

હઝરત શિરાઝી શાહ બાબા બારહવી શરીફના મહિનામાં બાર દિવસ દરરોજ ફજરની નમાજ બાદ મીલાદ શરીફ અને બારમી તારીખે આખી રાત દુરૂદ શરીફની મેહફિલ કરતા. જેમાં હુઝૂરે પાકના બાલ મુબારકની ઝિયારત રાખતા. મોહર્રમના દસ દિવસો પણ ઈમામ હુસૈનની યાદમાં શરબત અને મલીદો તકસીમ ફર્માવતા. ૧૧મી શરીફના મહિનામાં ૧૭ દિવસ સુધી મીલાદ શરીફ અને દરરોજ ગૌષે પાક رضی اللہ عنہની ન્યાઝ તકસીમ કરતા.

હઝરત શિરાઝી શાહ બાબા رحمۃاللہ علیہ ને નમાઝથી બેહદ મહ્બ્બત હતી. નમાઝની પાબંદી સખ્તીથી પોતે કરતા અને બીજાઓને કરાવતા. **જો કોઈની ફજરની નમાઝ ક઼ઝા થઈ હોય તો તેની સાથે પૂરો દિવસ કોઈ વાતચીત કરતા નહીં.** આપ ફર્માવતા કે, **બેનમાઝીથી દોસ્તી રાખવી નહીં. જેની ફજરની નમાઝ ક઼ઝા થઈ, તેનો દિવસ બરબાદ અને જેની ઈશાની નમાઝ ગઈ, તેની રાત બરબાદ !** આપે લાખો બુતપરસ્તોને ખુદા પરસ્ત બનાવી દીધા. **આપે આપની પૂરી ઝિંદગીમાં એક લાખ બત્રીસ હજાર વ્યક્તિને મુસલમાન બનાવ્યા છે.** આપે નવસો ત્રીસ વ્યક્તિને વલી દરજ્જે પહોંચાડયા.

હઝરત શિરાઝી શાહ બાબાએ કલારીયા ગામ આબાદ કર્યું. ત્યાં એક મદ્રસાની સ્થાપ્ના કરી. તેનું નામ દારૂલ ઉલૂમ ક઼ાદરીયા શિરાઝી રાખેલું, આપ લોકોને તા'લીમની સાથે કુસ્તી, તીરંદાઝી તથા ઘોડે સવારી પણ શીખવતા હતા. આપ ખામોશી અને નમ્રતાને પસંદ કરતા હતા. વ્યવહારમાં બધાથી નરમીથી વર્તાવ કરતા. દરેકની વાત શાંતિથી સાંભળ તા. કોઈ ઉપર ગુસ્સે થઈ કદી જવાબ આપતા નહીં.

હઝરત શિરાઝી શાહ બાબા એક દિવસ વિદ્યાર્થીઓને પઢાવી રહ્યા હતા. અચાનક પઢાવવાનું બંધ કરી ખામોશ થઈ બન્ને હાથ બગલમાં નાખી બેઠા રહ્યા. થોડીવાર બાદ ફર્માવ્યું કે, સુબ્હાનલ્લાહ ! અલ્હમ્દુલિલ્લાહ ! અલ્લાહુ અકબર ! ત્યાર બાદ તમામ વિદ્યાર્થીઓને સંબોધીને કહ્યું કે, સાંભળો ! અત્યારે મને એક એવા મુજદ્દિદના બારામાં જાણકારી આપવામાં આવી છે કે, ચૌદમી સદીમાં ભયંકર ફિત્નો ઉપડશે. રિસાલત, નબુવ્વતનો ઈન્કાર થશે, ફિત્નો ફેલાતાં ચારેકોર અંધકાર થઈ જશે, ફિત્નો ફેલાવનારા વાતાવરણને ગંદુ કરી ગુમરાહિયતથી ભરી દેશે. આવા કપરા સમયમાં "અહમદ" નામના શખ્સ આ ફિત્નાનો સામનો કરી તેને સખ્તીથી ડામી ક઼લમ દ્વારા જંગ કરશે. અલ્લાહ અને તેના રસૂલ તરફથી તેને મદદ મળશે. તેની જીત થશે. તે વ્યક્તિ ઈસ્લામ માટે નિખાલસતાથી કામ કરશે, તે એહલે બયતની ઈજ્જત ખૂબ કરશે, તે વ્યક્તિ શરીઅતની પાબંદ અને નીડર હશે, ઈસ્લામની ખિદમત કરશે, તે વિલાયતના અને મુજદ્દિદના ઉચ્ચ મક઼ામ પર હશે. માટે મારી આલ ઔલાદ, મુરીદો, મારા માનનારા તે બાબત ઉપર સખ્તીથી પાલન કરે, તેના બનાવેલા માર્ગ પર ચાલે અને તેમને અક઼ીદતથી માને અને તેમનો બનાવેલો રસ્તો સાચો હશે. તેઓ જે રસ્તો બતાવશે, તે અલ્લાહ અને તેના રસૂલનો રસ્તો હશે. સહાબાએ કિરામ, તાબેઈન, તબ્એ તાબેઈન અને ઔલિયા અલ્લાહનો બતાવેલો રસ્તો હશે. બીજું એ કે, તે હુઝૂરે પાક તથા એહલે બયતને ખૂબ પાબંદીની સાથે માનતો હશે. તેના કારણે અલ્લાહ પાક તેને ખૂબ ઈજ્જત આપશે. અને જો મારી ઔલાદ તથા મુરીદોએ કશું એ બાબત ઉપર ધ્યાન ન રાખ્યું તો ક઼યામતના દિવસે તેનો હું દામન પકડીશ.

ઉપરોક્ત આગાહી રૂપ કરામત હઝરત શિરાઝી શાહ બાબાના મોટા પુત્ર હઝરત સૈયદ કામુશાહ ક઼ાદરી رحمۃاللہ علیہ એ કિતાબ "સીરતે શિરાઝી"માં પાના નં. ૩૫ ઉપર લખેલ છે. આ આગાહી ૪ રબીઉલ અવ્વલ હિજરી ૧૧૦૨માં ફર્માવી. અર્થાત આ'લા હઝરતના આગમનના ૧૭૦ વર્ષ પહેલાં આ બશારત કરવામાં આવી. જે મુજબ હિંદુસ્તાન બરેલી શરીફમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رحمۃاللہ علیہ આ આગાહીના ૧૭૦ વર્ષ પછી જાહેર થયા. જે મુજબ આ'લા હઝરતે બદ મઝહબો

સાથે કલમ દ્વારા જંગ કરી એહલે સુન્નત વ જમાઅતનો ઝંડો બુલંદીના શિખરે પહોંચાડી દીધો.

## હઝરત શિરાઝી શાહ બાબાના મુબારક બોધવચનો

★ ખુદાપાકને નરમી ખૂબ પસંદ છે માટે નરમી રાખો.
★ અલ્લાહ અને તેના રસૂલની ફર્માબરદારી કરવી અને તેમના હુકમોનું સખત પાલન કરવું. ઈમાન પર કાયમ રહેવું.
★ નમાઝને કઝા થવા દેવી નહીં.
★ સબરને હર વખત સાથે રાખવું.
★ ખોટુ ન બોલવું.
★ ખામોશી ધારણ કરવી.
★ હલાલ રોઝીની તલાશ કરવી.
★ દુરૂદ શરીફ બને ત્યાં સુધી ખૂબ પઢવાં.
★ ઈલ્મે દીન મેળવવું અને પોતાની ઔલાદને ઈલ્મે દીન શિખવાડે.

હઝરત શિરાઝી શાહ બાબાએ પોતાના વિસાલ બારામાં દિવસ અને સમયની ખબર અગાઉથી જ પોતાના કુટુંબીઓને આપી દીધી હતી. આપે ૧૭ રબીઉલ અવ્વલ શરીફ હિ.સ. ૧૧૭૦, સોમવારે બપોરે આ ફાની જગતથી વિદાય લીધી. اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ અસરની નમાઝ બાદ આપને ઉપલેટા તાલુકાના કલારીયા ગામના કબ્રસ્તાનમાં મદફન કરવામાં આવ્યા, જ્યાં આપનો શાનદાર મઝાર શરીફ આવેલો છે. આપનો ઉર્સ ૧૭ રબીઉલ અવ્વલમાં શરીઅત મુજબ શાનો શૌકતથી મનાવવામાં આવે છે. દર વર્ષે ઉર્સમાં આપના હજારો અકીદતમંદો કલારીયા શરીફમાં ઉમટી પડે છે. આપના નૂરાની મઝાર પર હાજરી આપવાથી દિલી મનોકામનાઓ પૂર્ણ થાય છે. તેમજ ભરપૂર રૂહાની ફૈઝ મળે છે. આપના મઝારનો શાનદાર ગુંબદને જોતાં બરેલી શરીફ ગુંબદે રઝાની યાદ તાજી થઈ જાય છે.

અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ છે કે, હઝરત પીર સૈયદ શિરાઝી શાહ બાબા رحمۃ اللہ علیہના મઝારે પૂર અનવાર પર અલ્લાહ તઆલાની રહમતોની મૂશળધાર વર્ષા કયામત સુધી વરસતી રહે તેમજ હઝરતના વંશ, વારસો, મુરીદો, અકીદતમંદો તથા ચાહકો ઉપર હઝરતનો રૂહાની ફૈઝ, કરમનો સાયો તથા નિગાહે કરમ સદાને માટે કાયમ રહે, આમીન.

**વલીયોંકી મહ્બ્બત હે બુલંદીકી ઝમાનત**
**ઈસ દરકી ગુલામીસે ખસારે નહીં હોતે**
**શિરાઝી શાહ બાબાકો નિદા કરકે તો દેખો**
**બિગળે હુએ કામ ક્યોં હમારે નહીં હોતે**

**જરૂરી નોટ :** ઉપરોક્ત લેખ માટે પીરે તરીકત હઝરત સૈયદ અલ્હાજ અ. મુસ્તફામિયાં કાદરી હુસૈની શિરાઝીની સને ૧૯૮૬માં લખેલ કિતાબ ''કરામતે શિરાઝી શાહ''ની મદદ લેવામાં આવી છે.


**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક થવા સંપર્ક કરો**

**બનાસકાંઠા જિલ્લા**માં ''બરકાતે ખ્વાજા (માસિક)''ના ગ્રાહક થવા માટે નીચેના સુન્ની મુજાહિદોનો સંપર્ક કરવા વિનંતિ :–

❖ હનીફભાઈ મન્સુરી ખેરાલુવાળા (**Mob. 9978640079**) ❖ આમીનભાઈ મન્સુરી **Mob. 9879584649**
❖ હબીબભાઈ મન્સુરી **Mob. 9979314551** ❖ સલીમખાન ખલીફા **Mob. 9586612373**

પાલનપુર, છાપી, બસુ, મતા, કાણોદર તથા બનાસકાંઠા જિલ્લામાંથી ગ્રાહક થવા માટે ઉપરોક્ત નંબર પર સંપર્ક કરો. આ મુજાહિદોએ સક્રિયપણે અત્યાર સુધીમાં ઘણા ગ્રાહકો નોંધાવ્યા છે. સૌને અલ્લાહ જઝાએ ખૈર અતા કરે. (આમીન)

# ઈઝહારે મૌક઼ફ વ એલાને બરાઅત

## સુન્ની માન્યતા (દષ્ટિબિંદુ)ની જાહેરાત તથા રાફઝી (શીઆ)ઓની માન્યતાથી બેઝારીનું એલાન

**અઝ : ખાનકાહે અશરફિયા હુસૈનિયા સરકારે કલાં દરગાહ–કછોછા શરીફ**
*(આંબેડકર નગર, યુ.પી.–ભારત)*
**રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**ખાનકાહે અશરફિયા હસનિયા સરકારે કલાં,** એ તારિકુસ્સલ્તનત ગૌષુલ આલમ, મહબૂબે યઝદાની, કુદવતુ કુબરા, મખ્દૂમ સૈયદ અશરફ જહાંગીર સિમ્નાની قُدِّسَ سِرُّہُ الْعَزِیْز ના અક઼ીદા તથા માન્યતાઓ તથા મા'મૂલાત (નિયમો)ની તર્જુમાન તથા પ્રચારક પહેલેથી છે અને રહેશે, ઈન્શા અલ્લાહ !

સવાદે આ'ઝમ એહલે સુન્નત વ જમાઅતના સર્વ સંમત અક઼ીદાઓ તથા માન્યતાઓ તથા મઅમૂલાતથી વિમુખ થવું (વિરૂધ્ધ જવું) એ અહલે સુન્નત વ જમાઅતથી નીકળવાની સાથોસાથ ખાનકાહે અશરફિયા હસનિયા સરકારે કલાં તથા ખાનવાદએ અશરફિયાના જિમ્મેદાર અગ્રેસર ઉલમા તથા મશાઈખની માન્યતાનો વિરૂધ્ધ કરવા સમાન પણ છે. દા.ત. :–

**(૧)** અહલે સુન્નતની આ **ઈજમાઈ (સર્વ સંમત) માન્યતા** છે કે **સર્વ સહાબાએ કિરામ** رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن હિદાયતવાળા તથા હિદાયતના તારાઓ છે. **કોઈ ગૈર સહાબી કોઈ સહાબીના બરાબર નથી થઈ શકતો. દરેક સહાબીનો એહતેરામ (તા'ઝીમ) વાજિબ છે.** સહાબીઓને બુરુભલુ કહેનારો (તેમના વિશે ખરાબ બોલનાર) **બદદીન, મલઊન** છે. સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن માં **શૈખૈન કરીમૈન** (હઝરત અબૂ બક્ર તથા હઝરત ઉમર رضی اللہ عنہما) **સર્વ સહાબીઓથી અફઝલ** છે. તેમની અફઝલિયતને નકારનારો **ગુમરાહ** છે.

**(૨)** હઝરત મૌલા અલી رضی اللہ عنہ ની મહોબ્બત **ઈમાનની નિશાની** તથા તેમનાથી કીનો એ **નિફાક઼ (મુનાફિકપણા)ની નિશાની છે.** ફઝાઈલ તથા કમાલાતમાં હઝરત મૌલા અલી رضی اللہ عنہ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ ની સરખામણી કરવી પણ બેઅદબી, બાતિની ખબાષત (આંત્રિક ગંદકી)ની દલીલ તથા અહલે સુન્નતની માન્યતાની વિરૂધ્ધ છે. **હઝરત અમીર મુઆવિયહ** رضی اللہ عنہ સહાબીએ રસૂલ તથા વહી લખનાર (કાતિબ) હતા, જેથી એમના પણ લઅ્ન તઅન કરનાર (મહેણાં ટોણાં મારનાર), **તેમને બુરુભલુ કહેનારો બદદીન, ગુમરાહ** તથા **રાફઝી** છે, ભલે પોતે પોતાને 'સુન્ની' તથા 'અહલે બયતનો ચાહક' કહેતો હોય. હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની رحمۃ اللہ علیہ ના મલ્ફૂઝાત 'લતાઈફે અશરફી' ભાગ–૩, પેજ–૫૪૭, લતીફા નં. ૫૩માં આવા શખ્સને રવાફિઝ (શીઆ) ફિર્કા લઈનિયા (લા'નતી)માં ગણવામાં આવેલ છે. ખાનકાહે અશરફિયા હસનિયા સરકારે કલાં તથા ખાનવાદએ અશરફિયાના જિમ્મેદાર ઉલમા તથા અગ્રગણ્ય મશાઈખની પણ આ જ માન્યતા છે. આ માન્યતાથી

વિરૂધ્ધ જનાર અથવા એના પર બહષો તથા ચર્ચાઓ કરનારાઓથી અમો બેઝારી તથા બરાઅત (નારાઝગી તથા મુક્તિ)નું એલાન કરીએ છીએ. આવા શખ્સો ખાનકાહે અશરફિયા હસનિયા તથા ખાનવાદએ અશરફિયાના તર્જુમાન (પ્રતિનિધિત્વ કરનાર) કદાપિ નથી અને અમારો એમની સાથે કોઈ રૂહાની સંબંધ પણ નથી, ભલે તેઓ પોતાને 'અશરફી' તથા 'અશરફી ખલીફા' કહેતા તથા લખતા હોય. સર્વ સુન્નીઓએ જોઈએ કે એવા શખ્સોની ગુમરાહીઓથી પોતાના દીન તથા ઈમાનને મેહફૂઝ રાખે (બચાવે).

ભૂતકાળમાં અહલે સુન્નત વ જમાઅતના તથા મોહક્કિક઼ ઉલમાના દરમિયાન જે મસાઈલમાં મતભેદ થયો છે, તેમાં ખાનકાહે આલિયા અશરફિયા હસનિયા સરકારે કલાં તથા ખાનવાદએ અશરફિયાના જિમ્મેદાર ઉલમા તથા મશાઈખની તે જ માન્યતા (મવક઼ફ) છે જે જમહૂર અસ્લાફ (બહુમતિ પૂર્વજ બુઝુર્ગો) તથા અહલે સુન્નતના મોહક્કિક઼ ઉલમાની માન્યતા છે. દા.ત. :–

**(૩)** જનાબ અબૂ તાલિબના કુફ્ર તથા ઈમાનના મસ્અલામાં જમહૂર અસ્લાફે અહલે સુન્નત (અહલે સુન્નતના બહુમતિ પૂર્વજ બુઝુર્ગો)ની માન્યતા 'કુફ્ર'ની છે, અને **એ જ માન્યતા હઝરત મખ્દૂમ અશરફ સિમ્નાની** رحمۃ اللہ علیہ**ની પણ છે.** જેમ કે મકતૂબાતે અશરફીના દસમા મકતૂબમાં આ પ્રકારની સ્પષ્ટતા મૌજૂદ છે. તદ્ ઉપરાંત અહલે સુન્નત વ જમાઅતની સર્વ સંમત માન્યતા છે કે જનાબ અબૂ તાલિબનો ઉલ્લેખ ખૈર (ભલાઈ)ની સાથે થવો જોઈએ. તેમનું નામ અદબ સાથે લેવું જોઈએ. તેમના નામની સાથે જનાબ, હઝરત વગેરે માનવાચક શબ્દો વાપરવા જોઈએ. પરંતું એમાં અતિશયોક્તિ કરવું જેમ કે 'રદિયલ્લાહુ અન્હૂ' કે 'અલૈહિસ્સલામ' કહેવા લખવાથી બચવું જોઈએ. વિના જરૂરતે અબૂ તાલિબના ઈમાન તથા કુફ્ર પર બહષો તથા ચર્ચાઓ કરવી અથવા તેમને **બુરુભલુ કહેવું મના** છે. કુફ્ર તથા ઈમાન વિશે માનનારા બંનેવ ગૃપો અહલે સુન્નતના મુહક્કિક઼ ઉલમામાંથી છે, જેથી 'ઈમાન' વિશે માનનારાને રાફઝી કહેવું અથવા સખ્તી અપનાવીને 'કુફ્ર' માનનારાઓને નાસ઼ેબી તથા ખારજી કહેવું જુલ્મ તથા જબરદસ્તી, ફિસ્ક઼ તથા ક઼બીરા ગુનોહ છે.


જનાબ અબૂ તાલિબના કુફ્ર તથા ઈમાનના મસ્અલાને ચર્ચા હેઠળ લાવીને અહલે સુન્નતમાં ફિત્નો પેદા કરનારાઓને અમો સખત રીતે વખોડીએ છીએ અને તેમનાથી અમારી બેઝારી પ્રદર્શિત કરીએ છીએ. એવી કોઈપણ વ્યક્તિને ખાનક઼ાહે અશરફિયા તથા ખાનવાદએ અશરફિયાનો પ્રતિનિધિ હરગિઝ સમજવામાં ન આવે.

**ડો. તાહિરુલ ક઼ાદરીના** સંબંધે હિંદ તથા પાક.ના જિમ્મેદાર ઉલમા તથા મુફ્તિયાને કિરામનાં લખાણો તથા તક઼રીરોથી એ વાત જાહેર છે કે તે પોતાના **ગૈર શરઈ અમલો તથા માન્યતાઓના કારણે સખ્ત ગુમરાહીમાં સપડાયેલ છે.** અમો આ મસ્અલામાં હિંદ તથા પાક.ના તે ઉલમા તથા મુફ્તિયાને કિરામને સમર્થન કરીએ છીએ, તેમજ અહલે સુન્નતના લોકોને તાક઼ીદ કરીએ છીએ કે **ડો. તાહિરુલ ક઼ાદરીની ગુમરાહ કરનાર માન્યતાઓ તથા અમલોથી પોતે પોતાને બચાવે.** આ મસ્અલાના સંબંધિત વિગતવાર જાણકારી માટે એ ઉલમા તથા મુફ્તિયાને કિરામ સાથે તથા જામેઅ અશરફના દારુલ ઈફ્તાથી ડાયરેક્ટ સંપર્ક કરી શકાય છે.*

*★ડો. તાહિરુલ ક઼ાદરી સંબંધે વિગતે જાણવા અમારે ત્યાંથી ગુજરાતીમાં કિતાબ મંગાવો : તાહિરુલ ક઼ાદરી હક઼ીક઼તના આઈનામાં (હદિયો રૂા. ૩૦/–)*

અહલે સુન્નત વ જમાઅતને સામાન્યતઃ તથા ખાનકાહે અશરફિયા હસનિયા સરકારે કલાં તથા ખાનકાહે અશરફિયાથી જોડાયેલા સર્વ લોકો તથા સંબંધ રાખનારાઓ તથા અકીદતમંદોને ખાસ કરીને **સાવચેત કરવામાં આવી રહેલ છે કે ઉપર દર્શાવેલ માન્યતાનો વિરોધ કરનારા કોઈ પણ વ્યક્તિને ખાનકાહે અશરફિયા અથવા જામેઅ અશરફનો પ્રતિનિધિ કે તર્જુમાન ન સમજે.** જો જામેઅ અશરફનો કોઈ પણ ફરાગત હાંસલ કરનારો ઉપરોક્ત માન્યતાથી વિરૂધ્ધ હોય તો તેની સનદને રદ કરેલી સમજવામાં આવે અને પોતે જામેઈ કહેવા તથા લખવાને પાત્ર તે રહેશે નહીં. એવા કોઈ પણ શખ્સને કદાપિ જામેઅ અશરફનો ફારિગુત્તહસીલ સમજવામાં આવશે નહીં.

## :: ઠરાવ પર સહી કરનાર ઉલમાએ કિરામ વ મશાઈખે એઝામ ::



★ શૈખુલ ઈસ્લામ સૈયદ મુહમ્મદ મદની અશરફીયુલ જીલાની
★ કાઈદે મિલ્લત મૌલાના સૈયદ મહમૂદ અશરફ અશરફીયુલ જીલાની
★ મૌલાના સૈયદ હસન અસ્કરીમિયાં અશરફીયુલ જીલાની
★ મૌલાના સૈયદ નૂરાની મિયાં અશરફીયુલ જીલાની
★ મૌલાના સૈયદ હમ્ઝા અશરફ અશરફીયુલ જીલાની
★ મૌલાના સૈયદ નિઝામ અશરફ અશરફીયુલ જીલાની
(હજી સહીઓ કરવાનુ ચાલુ છે.)

**નોંધ : ૨૮ સફર હિ.સ. ૧૪૪૦, ઉર્સે મખ્દૂમ અશ્રફ رحمۃ اللہ علیہના ઈજલાસમાં થયેલ આ મહત્વના એલાનને સાંભળવા માટેની લિંક.... https://youtu.be/VvsdQLrNcwQ**

**જુનાગઢ :** ખાતે ખાનકાહે રઝવિય્યહ નૂરીય્યહ દ્વારા તાજદારે કરબલા હુઝૂર સૈયદના ઈમામે આલી મકામ رضی اللہ عنہ તથા આ'લા હઝરત અઝીમુલ બરકત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہના સદસાલા જશ્ન તથા તાજદારે અહલે સુન્નત શેહઝાદએ આ'લા હઝરત હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનો વાર્ષિક ૩૮ મો ઉર્સ તથા વારીસે ઉલૂમે આ'લા હઝરત હુઝૂર તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ અખ્તર રઝાખાન સાહબ અઝહરીમિયાં رحمۃ اللہ علیہની બારગાહમાં ખિરાજે અકીદત પેશ કરવા દર વર્ષની જેમ આ વર્ષે પણ **મોહસિને આ'ઝમ કોન્ફરન્સ**ના નામે તા. ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૮ના સોમવારે રાત્રે ઈશાની નમાઝ બાદ ઈમામ અહમદ રઝા રોડ, ધોરાજીવાલા મેમણ જમાતખાના કંપાઉન્ડમાં શેહઝાદએ હુઝૂર અમીરે અહલે સુન્નત ગુલે ગુલઝારે રઝવિય્યત પીરે તરીકત, હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહબ નૂરી (સજ્જાદાનશીન : ખાનકાહે રઝવિય્યહ નૂરીય્યહ–જુનાગઢ)ની સદારતમાં શાનો શૌકતથી મનાવવામાં આવેલ.

આ કોન્ફરન્સમાં વિશ્વ વિખ્યાત અજમેર શરીફ ખ્વાજા ગરીબે નવાઝ દરગાહના ગાદીનશીન હઝરત સૈયદ તન્વીર હસન ચિશ્તી સાહબ તથા શેહઝાદએ ખાનવાદએ ગૌષે આ'ઝમ હઝરત સૈયદ મુખ્તાર સાહબ કાદરી અલ બગદાદી (એમ.પી.) ખાસ ઉપસ્થિત રહેલ. આ જલ્સામાં ભારતના જોશીલા વકતા હઝરત અલ્લામા મુફતી ગુલામ જીલાની સાહબ–ખંડવા (એમ.પી.) તથા હઝરત સૈયદ અબ્દુલ હમીદ બાબા સાહબ–નૈનીતાલ (યુ.પી.) હઝરત મૌલાના મુહમ્મદ યૂસુફ રઝા સાહબ સદર ફૈઝાને શાહે આલમ ટ્રસ્ટ–અહમદાબાદ તથા હઝરત મુફતી હસીબુર્રહમાન સાહબ–જુનાગઢ સહીત ભારતના નામાંકિત ઉલમાએ કિરામએ શોહદાએ કરબલા તથા હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદની શાનમાં શાનદાર તકરીરો કરી હતી. આ પ્રોગ્રામમાં દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફામાં ફારિગ થનાર ૯–હાફિઝ, ૬–કારી થનાર તલ્બાને સનદ અપાયી હતી.

# રાફઝી-શીઆ ફિર્કાની

## ગુમરાહીઓથી બચો !

હપ્તો ૦૧

**સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

### શીઆ ફિર્કા વિશે લખાણ લખવાનો સબબ

અલ્હમ્દુલિલ્લાહ ! બફઝ્લિહી તઆલા ફર્માને રસૂલ ﷺ મુજબ "અહલે સુન્નત વ જમાઅત" જ હક્ક મઝહબ છે, એ જ જન્નતી ફિર્કો છે. બાકી સર્વ ફિર્કા પોતાના કુફ્રી અકીદાઓના કારણે જહન્નમી છે. આ યકીનન હકીકત છે. જેથી અવાર નવાર બદ્અકીદાઓની રદ આપણે કરતા રહીને, તેઓની ગુમરાહીની સાબિતી કુર્આન હદીષની રૂએ ઉલમાએ અહલે સુન્નતની કિતાબોથી અમો પેશ કરતા જ રહીએ છીએ. રાફઝી–શીઆ ફિર્કા વિશે પણ એકાદ બેવાર "બરકાતે ખ્વાજા (માસિક)" તથા "રહનુમાએ હક્ક" કિતાબમાં તેમની બદ્અકીદગીને જાહેર કરેલ છે જ. જો કે અત્યાર સુધી આ ફિર્કાનો એટલો ભય સુન્નીઓમાં ન જણાતો હતો જેથી એની રદમાં સતત લખાણો કે કિતાબો પ્રસિદ્ધ થઈ નથી, પણ છેલ્લા અમુક સમયથી કહેવાતા સુન્નીઓમાં પણ શીઆ જેવી બોલી તથા માન્યતા ઘર કરતી જોવા મળી રહી છે, એ એક ચિંતાનો વિષય છે. જેથી આ લખાણ સુન્નીઓની રહનુમાઈ માટે અહલે સુન્નતના ઉચ્ચ કક્ષાના આલિમોની કિતાબોથી અમો રજૂ કરી રહ્યા છીએ, જેથી સુન્ની ભાઈઓ કોઈ ગલતફહમી કે કોઈના ભરમાવવામાં આવી અહલે સુન્નતની વિરુદ્ધની માન્યતા પ્રતિ વળી રહ્યા હોય તો ગંભીરતાપૂર્વક શાંત ચિત્તે અલ્લાહ વ રસૂલ ﷺની મહબ્બતમાં આ લખાણોને વાંચે અને હિદાયતની રાહ મેળવીને તેના પર મજબૂતીથી જામી જઈને મજબૂત સુન્ની રહી શકે.

બીજો એક બનાવ શીઆઓની રદમાં આ લખાણ લખવાનો સબબ બન્યો તે એ કે એક કહેવાતા કોઈ સૈયદ બાવાની એક ક્લિપ મારા જોવામાં આવી તેમાં તે હઝરત અલી رضی اللہ عنہ તથા અહલે બયતની ચાહતની આડમાં પોતે સહાબીએ રસૂલ હઝરત અબૂ સુફયાન رضی اللہ عنہ તેમજ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની શાનમાં બૂમો પાડીને ભયાનક ગુસ્તાખી કરી રહેલ છે, તેમને તિરસ્કારપૂર્વક જનૂનમાં મઆઝલ્લાહ ! "હરામી" તથા "જહન્નમી" કહે છે ! વગેરે.

પહેલાં સુન્નીઓમાં કોઈ આવો બકવાસ કરતુ ન હતું જેથી શીઆની રદમાં અધિક લખવાની જરૂર મહેસૂસ થતી ન હતી. પણ હવે હઝરત અલી کرم اللہ وجہہ الکریم તથા ઈમામ હસન તથા હુસૈન તેમજ અહલે બયત رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની મહોબ્બતની આડમાં રસૂલુલ્લાહ ﷺના મહાન સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની બેઅદબીઓ થઈ રહી છે, જેથી સુન્ની અવામને સાવચેત કરવા અત્રે આ લખાણો રજૂ કરીએ છીએ જેનાથી શીઆઓથી માહિતગાર થઈને સુન્નીઓ પોતાના ઈમાન અકીદાની હિફાઝત કરી શકે. અત્રે અકીદા તથા અમલ માટેની માર્ગદર્શિકા એવી સુન્નીઓની મશહૂર કિતાબ **"બહારે શરીઅત"**માંથી શીઆ વિશે વર્ણન રજૂ કરીએ છીએ.

–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

## ★ રાફઝી (શીઆ) ફિર્કો ★

એમના મઝહબની કેટલીક વિગત જો કોઈ જોવા ચાહે તો "તોહફએ ઈષ્ના અશરિયહ" કિતાબ જે શીઆની રદમાં લખાયેલી છે, જેના લેખક હઝરત શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ છે અને આ કિતાબ એના વિષયમાં લાજવાબ તથા અજોડ છે. અમુક સંક્ષિપ્ત વાતો અત્રે રજૂ કરીએ છીએ.

*(બહારે શરીઅત, હિસ્સા : ૧ના હવાલાથી)*

આ ફિર્કો **સહાબાએ કિરામ** رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیۡھِمۡ اَجۡمَعِیۡن**ની શાનમાં અતિશય ગુસ્તાખ** છે, એટલે કે એમના પર લઅન તઅન કરવું (ભલુ બુરૂ કહેવું) તેમનો સામાન્ય ધંધો બની ગયો છે[૧]. બલ્કે અમુક અપવાદ સિવાય સૌ **(સહાબીઓને)**

*૧. શીઆઓનો આલિમ મુલ્લા બાકિર મજલિસી "હક્કુલ યકીન" કિતાબમાં (પ્રથમ ત્રણ ખલીફા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની શાનમાં ગુસ્તાખી કરતાં) લખે છે : (અર્થ) "હઝરત ઈમામ જઅફર સાદિક رضی اللہ عنہ થી નકલ થયેલ છે કે જહન્નમના સાત દરવાજા છે, એક દરવાજાથી દાખલ થનારા ફિરઔન, હામાન તથા કારૂન છે. આ અબૂ બક્ર, ઉમર તથા ઉષ્માનથી કિનાયા (નિર્દેશ) છે, અને બીજા દરવાજાથી "બનૂ ઉમૈયા" દાખલ થશે જે એમની સાથે ખાસ સંબંધિત છે."*

*એક જગાએ (અન્ય સહાબીઓ તથા મા આઈશા رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરેની ગુસ્તાખી કરતાં) લખે છે : (અર્થ) "બરાઅતમાં અમારો એતેકાદ (અકીદો) એ છે કે એ ચાર બુતો (મૂર્તિઓ)થી બેઝારી તલબ કરીએ છીએ. એટલે કે અબૂ બક્ર, ઉમર, ઉષ્માન તથા મુઆવિયહથી. અને ચાર સ્ત્રીઓથી : આઈશા, હફસા, હિંદ તથા ઉમ્મે હકમથી, અને તેમના અકીદતમંદો તથા પયરવી કરનારાઓથી. અને **આ લોકો અલ્લાહની મખ્લૂકમાં સૌથી બદતર છે.** અને અલ્લાહ, રસૂલ તથા ઈમામોથી કરેલો અહદ (વાયદો) ત્યાં સુધી પૂરો નહીં થાય જ્યાં સુધી કે એમના દુશ્મનોથી બેઝારી (નારાઝગી) પ્રદર્શિત કરવામાં ન આવે." (અલ્લાહની પનાહ !–સંપાદક)*

*એક જગાએ (અબૂબક્ર, ઉમર رضی اللہ عنہما ની ગુસ્તાખીમાં) લખે છે : (અર્થ) "તકરીબુલ મઆરિફમાં રિવાયત છે કે હઝરત અલી બિન હુસૈન رضی اللہ عنہ ના આઝાદ કરેલા શખ્સે હઝરતને પૂછયું, આપની ખિદમત કરવાના સબબે મારો આપના પર હક્ક છે. મને અબૂ બક્ર તથા ઉમરના હાલ વિશે બતાવો. આપે ફર્માવ્યું, તે બંનેવ કાફિર છે અને જે તેમને દોસ્ત રાખે (ચાહે) છે તે પણ કાફિર છે." (અલ્લાહની પનાહ !–સંપાદક)*

*એક જગાએ (મા આઈશા رضی اللہ عنہا ની ગુસ્તાખીમાં) લખ્યું : અલલુશ્શરાએઅ્માં હઝરત ઈમામ મુહમ્મદ બાકિર رضی اللہ عنہ થી રિવાયત છે કે જ્યારે ઈમામ મહદીનો ઝહૂર થશે (પ્રદર્શિત થશે) તો તે હઝરત આઈશાને જીવતાં કરીને તેમના પર હદ જારી (શરીઅત મુજબની સજા) લાગુ કરશે અને તેમનાથી ફાતિમાનો બદલો લેશે" (અલ્લાહની પનાહ !–સંપાદક)*

*(હક્કુલ યકીન, મુલ્લા બાકિર મજલિસી, પેજ નં. ૩૪૭, ૫૨૨, ૫૧૯, ૫૦૦,*
*મતબૂઆ કિતાબ ફરોશ ઈસ્લામિયા, તેહરાન–ઈરાન, હિ.સ. ૧૩૫૭)*

*એક જગાએ (અબૂબક્ર, ઉમર رضی اللہ عنہما ની ગુસ્તાખીમાં) લખે છે : "ઈમામ મહદી બંનેવ (અબૂ બક્ર તથા ઉમર)ને કબ્રથી બહાર કાઢશે. તેઓને પોતાની એ જ સ્થિતિમાં તરો તાઝા શરીરની સાથે બહાર કાઢવામાં આપશે. પછી ફર્માવશે કે તેમનાં કફનો ઉતારો ! તેમનું કફન ગળેથી ઉતારવામાં આવશે. તેમને અલ્લાહની કુદરતથી જીવંત કરશે અને સર્વ મખ્લૂકને એકત્ર થવાનો હુકમ આપવામાં આવશે. પછી આલમની શરૂઆતથી આલમના અંત સુધી જેટલા ગુનાહો તથા કુફ્ર થયાં છે તે સર્વનો ગુનોહ અબૂ બક્ર તથા ઉપર પર લાગુ કરી દેશે અને તેઓ એનો સ્વીકાર કરશે કે જો તેઓ પહેલા દિવસે ખલીફાએ બર હક્કનો હક્ક પચાવી ન પાડતા તો આ ગુનાહો ન થાત. પછી તેમને ઝાડ પર ચઢાવવાનો હુકમ આપશે, અને આગને હુકમ આપશે કે જમીનથી બહાર આવે અને તેને ઝાડ સમેટ સળગાવી દે. અને હવાને હુકમ આપશે કે તેમની રાખને ઉડાડીને દરિયાઓમાં ફેંકી દે. (હવાલો ઉપર મુજબ, પેજ–૩૬૧, ૩૬૨) (અલ્લાહની પનાહ !–સંપાદક)*

**મઆઝલ્લાહ ! કાફિર તથા મુનાફિક઼** ઠરાવે છે[૧]. હઝરાત ખુલફાએ ષલાષા (ત્રણ પ્રથમ ખલીફાઓ) رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَની "ખિલાફતે રાશિદા"ને "ખિલાફતે ગાસિબા" (પચાવી પાડેલ ખિલાફત) કહે છે અને મૌલા અલી رضی اللہ عنہએ જે એ હઝરાતની ખિલાફતોને સ્વીકારી અને તેમની પ્રશંસાઓ તથા વખાણો વર્ણન કર્યા તેને તક઼િય્યહ તથા કાયરતા ગણાવે છે શું મુનાફિક઼ો તથા કાફિરોના હાથ પર બયઅત કરવું અને જીવનભર તેમની પ્રશંસા તથા વખાણ કરવાં શેરે ખુદાની શાન હોય શકે છે ?! સૌથી મહાન વાત તો એ કે કુર્આન મજીદ તેમને (ખુલફાએ રાશિદીન તથા સહાબાઓને) આવા મહાન તથા પવિત્ર સંબોધનો વડે યાદ કરે છે, તેઓ તો તેઓ પણ તેમની પયરવી કરનારાઓના સંબંધે ફર્માવે છે : رَّضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ **"અલ્લાહ તેમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી."** *(સૂ. તૌબા, ૯/૧૦૦)* શું કાફિરો મુનાફિક઼ો માટે અલ્લાહ ﷻના આવા આદેશો હોય શકે છે ?! વળી અતિશય શરમની વાત છે કે મૌલા અલી کرم اللہ وجہہ الکریم તો પોતાની સાહબઝાદી ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہના નિકાહમાં આપે[૨] અને આ શીઆ ફિર્કો કહે કે તક઼િયા રૂપે આવું કર્યું ! શું જાણી બુજીને કોઈ મુસલમાન પોતાની પુત્રી કાફિરને આપી શકે છે ?! એ મુક઼દ્દસ હઝરાત (અબૂ બક્ર, ઉમર, ઉષ્માન رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ) જેમણે ઈસ્લામના માટે પોતાની જાનો વક઼્ફ કરી દીધી અને હક્ક઼ગોઈ (સત્ય કહેવા) તથા હક્ક઼ની પયરવીમાં لَا يَخَافُوْنَ لَوْمَةَ لَآئِمٍ "કોઈ મલામત કરનારની (ભલુ બુરુ કહેવાવાળાની) મલામતનો અંદેશો કરશે નહીં." *(સૂ. માઈદા, ૫/૫૪)*ના સાચા પાત્ર હતા.

વળી ખુદ હુઝૂર સૈયદુલ મુરસલીન ﷺની બે સાહબઝાદીઓ એક પછી એક હઝરત ઉષ્માન ઝુન્નૂરૈન رضی اللہ عنہના નિકાહમાં આવી[3] અને સિદ્દીક઼

**૧.** *(અર્થ) :* (સર્વ સહાબાની તૌહીનમાં લખ્યું કે) : *અબૂ જઅફર رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺના વિસાલ પછી **ત્રણ શખ્સો સિવાય સૌ મુર્તદ થઈ ગયા** હતા. મેં પૂછયું તે ત્રણ કોણ છે ? તેમણે કહ્યું, મિક઼દાદ બિન અસ્વદ, અબૂઝર ગિફારી તથા સલ્માન ફારસી (રિજાલુલકશી, પેજ–૧૨, તહઝીબુલ મતીન ફી તારીખિ અમીરિલ મુઅમિનીન, ઝિક્રે મુસીબતે ઉઝમા વલ કુબરા, એહતેજાજે તબરસી, ૧/૧૧૩, મતબૂઆ નજફ અશરફ નવી એડિશન)*

*અબ્દુર્રહીમ કસીર વર્ણવે છે કે, મેં અબૂ જઅફર رضی اللہ عنہને કહ્યું, જ્યારે અમે લોકોને એવું કહીએ છીએ કે સર્વ લોકો મુર્તદ થઈ ગયા હતા તો લોકો ગભરાય જાય છે ! તેમણે કહ્યું, હે અબ્દુર્રહીમ ! રસૂલુલ્લાહ ﷺની વફાત પછી સર્વ લોકો ફરીથી જાહિલિયતની તરફ પલ્ટાઈ ગયા હતા. (અરવઝતિ મિનલ કાફી–ફરૂએ કાફી, શયખ અબૂ જઅફર મુહમ્મદ બિન યાકૂબ કલીની, મૃત્યુ : હિ. ૩૨૮, ૨૯૬, દારુલ કુતુબુલ ઈસ્લામિયહ, તેહરાન ચોથી આવૃત્તિ)*

*હયાતુલ કુલૂબમાં છે : (અર્થ) અયાશીએ મોઅતબર સનદની સાથે ઈમામ મુહમ્મદ બાક઼િરથી રિવાયત કરી છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺ દુનિયાથી તશરીફ લઈ ગયા તો ચારના સિવાય સર્વ લોકો મુર્તદ થઈ ગયા (ઈસ્લામથી ફરી ગયા) હતા : અલી ઈબ્ને અબૂ તાલિબ, મિક઼દાદ, સલ્માન અને અબૂઝર. (હયાતુલ કુલૂબ, ૨/૮૩, નવલ કિશોર પ્રેસ–લખનૌ, કિતાબ : ફિરદૌસે ઈસ્લામિયા, ૨/૬૨૭, તેહરાન)*

**૨.** *ઉમ્મે કુલ્ષૂમ કુબરા તે હઝરત ફાતિમા رضی اللہ عنہاની સાહબઝાદીને હઝરત ઉમરના નિકાહમાં આપી. (ઉમ્દતુલ મતાલિબ, અક઼્દે અમીરુલ મો'મિનીન, પેજ–૬૩, પ્રેસ : નજફ શરીફ, મનાક઼િબે આલે અબી તાલિબ, ૩/૪૦૩) વધુ હવાલાઓ માટે જુઓ બહારે શરીઅત, ભાગ–૧, પેજ–૨૦૮, ઉર્દૂ કિતાબ દાવતે ઈસ્લામી–દિલ્હી પ્રકાશિત)*

**3.** *"શરહે નહજુલ બલાગહ" ઈબ્ને અબી હદીદ, ૩/૪૬૦, પ્રેસ : બૈરૂત, મોટી સાઈઝ) રિવાયત છે : હઝરત ઉષ્માન رضی اللہ عنہ*

(વધુ માટે ફૂટ નોટ : અનુસંધાન પેજ નં. **૩૨** પર...)

તથા ઉમર ફારૂક رضی اللہ عنہاની સાહબઝાદીઓ હુઝૂર ﷺના પત્નીપણાથી મુશર્રફ થઈ[1] શું હુઝૂર ﷺના આ સંબંધે એવા મલઊન શબ્દો કોઈ સામાન્ય બુધ્ધિવાળો પણ એક ક્ષણ માટે પણ જાઈઝ રાખી શકે છે ? હરગિઝ નહીં ! કદાપિ નહીં !

## શીઆ ફિર્કાના કુફ્રી અક઼ીદા

**01. આ ફિર્કાનો એક અક઼ીદો એ છે કે** અલ્લાહ عزوجل પર અસ્લહ વાજિબ છે. એટલે કે જે કામ બંદાના હક્કમાં ફાયદાકારક તે **અલ્લાહ عزوجل પર વાજિબ છે કે તે જ કરે, એણે કરવું જ પડશે.** *(તોહફાએ ઈષ્ના અશરિયહ (મુતર્જિમ), પ્રકરણ–૫, મસાઈલે ઈલાહિયત, અક઼ીદા નં. ૧૯, પેજ–૨૯૩ થી ૨૯૮)* (આ અક઼ીદો પણ ગલત છે. અલ્લાહ બેનિયાઝ છે, તે ચાહે તે કરે. તેના પર કોઈ ચીજ વાજિબ નથી કે કરવી જ પડે ! એવું કાંઈ છે જ નથી. "કરવું જ પડે" તો મજબૂરી થશે, અને એ અયબ છે અને અલ્લાહ દરેક અયબથી પાક છે. –સંપાદક)

**0ર. એક અક઼ીદો એ છે કે, "અઈમ્માએ અત્હાર** رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ **(ઈમામો) અંબિયા (નબીઓ)** عَلَيْهِمُ السَّلَام**થી અફ઼ઝલ છે"**

*(તોહફાએ ઈષ્ના અશરિયહ, પ્રકરણ–૬, અક઼ીદા નં. ૨, પેજ–૨૧૨,૨૧૩)*

અને આ અક઼ીદો **ઈજમાઅની સાથે "કુફ્ર"** છે, કેમ કે **ગૈર નબીને નબીથી અફ઼ઝલ કહેવું છે.** *(ફી "અશ્શિફાઅ્" ફસ્લ ફી બયાનિ માહુવ મિનલ મક઼ાલાતે કુફ્ર, ભાગ–૨, પેજ–૨૯૦ તેમજ મિન્હુલ રૌઝુલ અઝહર, પેજ– ૧૨૧ તથા ઈર્શાદુસ્સારી, કિતાબુલ ઈલ્મ, ૧/૩૭૯ તથા અલ્મોઅતક઼દુલ મુન્તક઼દ, પેજ–૧૨૫)*

**03. એક અક઼ીદો એ છે કે, કુર્આન મજીદ મેહફૂઝ નથી,** બલ્કે એમાંથી કેટલાક સિપારા અથવા સૂરતો અથવા આયતો અથવા શબ્દો અમીરુલ મો'મિનીન ઉષ્માનગની رضی اللہ عنہ અથવા

*(અનુસંધાન પેજ નં. **૩૨** નું ફૂટ નોટ ચાલુ....)* પયગંબરે ખુદા ﷺ સગાઓમાંના એટલા નિકટના સગા છે કે જેટલી નિકટતા અબૂ બક્ર તથા ઉમર બિન ખત્તાબને પણ હાંસલ નથી. તો પછી પયગંબરે ખુદા ﷺના જમાઈ બનીને એ મર્તબો પામ્યો કે અબૂ બક્ર તથા ઉમરને ન મળી શક્યો. હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ સૈયદા રુકૈયા رضی اللہ عنہا તથા ઉમ્મે કુલ્ષૂમ رضی اللہ عنہا સાથે નિકાહ કર્યા જે મશહૂર રિવાયતોના પ્રમાણે પયગંબરે ખુદા ﷺની સાહબઝાદીઓ હતી. પ્રથમ હઝરત રુકૈયાથી શાદી થઈ અને તેમના ઈન્તેક઼ાલ બાદ તેમનાં બહેન ઉમ્મે કુલ્ષૂમ رضی اللہ عنہا હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના નિકાહમાં આવ્યાં. અન્ય શીઆ કિતાબો પણ જુઓ : તફસીરે મજમઉલ બયાન, ભાગ–ર, હિસ્સા–૩, પેજ–૩૩૩, પ્રેસ : તેહરાન, શરહે નહજુલ બલાગા ફારસી, ફયઝુલ ઈસ્લામ, ખુત્બો ૧૪૩, પેજ–૫૨૮, તેહરાન.

*૧. આઈશા (સિદ્દીક઼ા رضی اللہ عنہا) અબૂ બક્ર (સિદ્દીક઼ رضی اللہ عنہ)ના પુત્રી હતાં. આઈશા તથા અબ્દુર્રહમાન બિન અબૂ બક્ર رضی اللہ عنہماનાં વાલિદા ઉમ્મે રોમાન બિન્તે આમિર બિન ઉમૈર હતાં. પયગંબર ﷺએ હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہاના વિસાલ બાદ મક્કા મુકર્રમામાં હઝરત સૌદા رضی اللہ عنہاના નિકાહથી પહેલાં માહે શવ્વાલમાં એમની સાથે નિકાહ કર્યો, અને વિદાયગીરી હઝરત સૌદા رضی اللہ عنہاના નિકાહ બાદ શવ્વાલ મહિનામાં હિજરતના પ્રથમ વરસે મદીના મુનવ્વરામાં થઈ. એ વખતે આઈશા رضی اللہ عنہاની ઉમર દસ વરસની હતી અને પયગંબર ﷺની ઉમર ૫૩ વરસની હતી. હઝરત હફસા رضی اللہ عنہا હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہનાં પુત્રી હતાં. હઝરત હફસા, હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર, અબ્દુર્રહમાન બિન ઉમર رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَનાં વાલિદા ઝયનબ બિન્તે મઝઊન હતાં કે જેઓ હઝરત ઉષ્માન બિન મઝઊન رضی اللہ عنہનાં બહેન હતાં. પયગંબર ﷺએ હિજરતના ત્રીજા વરસે મદીના તયબહમાં તેમની સાથે નિકાહ કર્યો. રસૂલે પાક ﷺથી પહેલાં હઝરત હફસા رضی اللہ عنہا મુતીસ બિન અબ્દુલ્લાહ બિન સહમીનાં પત્ની હતાં. હઝરત હફસા رضی اللہ عنہاએ મદીના તયબહમાં હિ.સ. ૪૫માં ઈન્તેક઼ાલ કર્યો. (મુન્તખબુત્તવારીખ–ફારસી, પેજ–૨૪,૨૫, તેહરાન)*

અન્ય સહાબીઓ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن એ કાઢી નાખ્યા[૧]. *(ઉસૂલે કાફી)*

પણ આશ્ચર્ય છે કે મૌલા અલી کرم اللہ وجہہ الکریم એ પણ એને અપૂર્ણ જ છોડયું ?! **આ અકીદો પણ ઈજમાઅ સાથે "કુફ્ર" છે**, કેમ કે એમાં કુર્આન મજીદનો ઈન્કાર છે[૨].

**૦૪. એક અકીદો એ છે કે,** "અલ્લાહ عزوجل કોઈ હુકમ આપે છે પછી એવું માલૂમ કરીને કે મસ્લેહત તેનાથી અન્ય (ગૈર)માં છે **તો પસ્તાય છે.**" (અલ્લાહની પનાહ !) અને **આ પણ યકીની રીતે કુફ્ર છે** કે ખુદાને જાહિલ દર્શાવવું છે. *(તોહફએ ઈષ્ના અશરિયહ, મુતર્જિમ, પ્રકરણ–૫, અકીદા નં. ૧૭, પેજ–૨૮૬, ૨૮૭, ૨૯૨)*

**૦૫. એક અકીદો એ છે કે, નેકીઓનો ખાલિક (સર્જનહાર) અલ્લાહ છે અને બુરાઈઓના ખાલિક એ પોતે છે.** *(અલ્મોઅતમદુલ મુસ્તનદ, ઝિક્રે સબએ તવાઈફ ફિલ હિંદ..., અલ ષાલિષા, અર્રાફિઝહ..., પેજ–૨૨૫)*

મજૂસી (અગ્નિપૂજકો)એ બે જ ખાલિક માન્યા હતા : ૧. યઝદાન ખૈરનો ખાલિક ૨. અહરમન બુરાઈનો ખાલિક (અન્નબરાસ, અલ્કલામ ફી ખલક્લિ અફઆલ, પેજ–૧૭૨, ફતાવા રઝવિય્યહ, ૧૫/૫૩૭ના હવાલાથી) જ્યારે આ શીઆ ફિર્કાના ખાલિકોની ગણત્રી જ નથી રહી ! વધુ વિગત માટે તોહફએ જઅફરિયહ, અકાઈદે જઅફરિયહ તથા ફિકહે જઅફરિયહ, અઝ : મુહક્કિક શયખુલ હદીષ અલ્લામા મુહમ્મદ અલી નકશબંદી عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ તેમજ તોહફાએ હસીનિયહ, અઝ: અલ્લામા મુહમ્મદ અશરફ સિયાલવી دامت برکاتہ العالیہ, તેહરાન ચોથી આવૃત્તિનો અભ્યાસ કરવો.

આટલી વાતો જે "બહારે શરીઅત" (હિસ્સા : ૧ અઝ : સદરુશ્શરીઅહ હઝરત અમજદઅલી આ'ઝમી رحمۃ اللہ علیہ)માંથી રજૂ કરી છે, જે કિતાબની તસ્દીક ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ કરેલી છે. આટલાં લખાણો શીઆની બદ્અકીદગીથી બચવા માટે પૂરતાં છે. આવો ! વધુ જાણકારી માટે અન્ય કિતાબોમાંથી શીઆ ફિર્કાની બદ્અકીદગી વિશે જાણીએ અને આપણા ઈમાનની હિફાઝતમાં લાગી જઈએ. ..............*(ક્રમશઃ)*

---

**૧.** (કુર્આન અસુરક્ષિત હોવા વિશેનો કુફ્રી અકીદો) : *હેશામ બિન સાલિમ વર્ણવે છે કે અબૂ અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ ફર્માવ્યું, બેશક ! જે કુર્આનને જિબ્રઈલ علیہ السلام મુહમ્મદ صلی اللہ علیہ وسلم ની તરફ લઈને આવ્યા તે સિત્તેર હજાર આયતો પર આધારિત છે. (ઉસૂલે કાફી, અઝ : શયખ અબૂ જઅફર મુહમ્મદ બિન યાકૂબ કલીની, ૨/૬૩૪, પ્રેસ : દારુલ કુતુબિલ ઈસ્લામિયા, તેહરાન–ઈરાન)*

*શયખ અબૂ જઅફર કલીનીની રિવાયતથી જાણવા મળે છે કે અસલ કુર્આનની સિત્તેર હજાર આયતો હતી. જ્યારે હઝરત ઈમામ જલાલુદ્દીન સિયૂતી પોતાના સમયના મુજદ્દિદ લખે છે કે કુર્આન મજીદમાં ૬૬૬૬ આયતો છે. જેમ કે આપ "અલ્ઈત્કાન"માં જણાવે છે. (વધુ માટે જુઓ બહારે શરીઅત ઉર્દૂ દાવતે ઈસ્લામી પ્રકાશિત, પેજ–૨૧૧)*

*નાસિખુત્તવારીખ ૨/૪૯૩, ૪૯૪માં છે : (અર્થ) "શીઆ લોકો એવું માને છે અને યકીન (અકીદો) ધરાવે છે કે કુર્આન મજીદની અમુક એવી આયતો જે હઝરત અલી کرم اللہ وجہہ الکریم ની ખિલાફત માટે ઉઘાડી દલીલ હતી અને અહલે બયતના ફઝાઈલના સંબંધે હતી તેને અબૂ બક્ર તથા ઉમરે ઉડાડી મૂકી અને કાઢી નાખી. અને એ જ કારણે તેમણે હઝરત અલી رضی اللہ عنہ નું લાવેલુ કુર્આન સ્વીકાર્યું નહીં. અને એ કુર્આન કાઈમ આલે મુહમ્મદના સિવાય કોઈની પાસે પણ નથી જોઈ શકાતુ. અને એ જ પ્રમાણે ઉષ્માને પણ એ કુર્આનથી જે અબૂ બક્ર તથા ઉમર રાખતા હતા તેમાં અધિક ઘટાડો કર્યો." (અલ્લાહની પનાહ !)*

**૨.** *કેમ કે કુર્આનમાં છે :* اِنَّا نَحْنُ نَزَّلْنَا الذِّكْرَ وَاِنَّا لَهٗ لَحٰفِظُوْنَ ۝ *"અમે જ આ કુર્આનને નાઝિલ કર્યું છે અને અમો જ એના રક્ષક (મુહાફિઝ) છીએ." (સૂ. હજર, આ.૯)*

# ડો. ઝાકિર નાયકના ખુદા વિશેના અક઼ીદાની ઉલટ તપાસ

હપ્તો : ૦૨

**લેખક : સબૂર અહમદ-લાહોર**

**અનુવાદકઃ પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફ઼ા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

એ ઉપરાંત ડો. નાયક એક અનોખી વહેંચણી ખુદાઈ કામોની તથા ગૈર ખુદાઈ કામોની કરી રહેલ છે. પરંતુ છેવટે આ વહેંચણી તે ક્યા આધાર પર કરી રહેલ છે ? જો એમની દષ્ટિએ જૂઠ, જુલ્મ, નિસ્યાન (ભૂલી જવું) તથા એના જેવાં અમુક અન્ય કામો ગૈર ખુદાઈ છે તો તેમણે આવાં કામોને અલ્લાહથી મુત્તસિફ (જોડાયેલ) માનવાની જરૂરત શું છે ? અને જો તેઓ એવું સમજે છે કે અલ્લાહ તઆલા આ ખાસ ચીજોથી જરૂર મુત્તસિફ છે તો પછી આ કામો ગૈર ખુદાઈ કેવી રીતે થયાં ?! ખુદાઈ કેમ ન બની ગયાં ? શું આ ખયાલોમાં વિરોધાભાસ (નઝરયાતી તઝાદ) નથી ? આ બાબતે એ સ્પષ્ટતા પણ જરૂરી છે કે અફઆલ (કામો)ના ખુદાઈ તથા ગૈર ખુદાઈ હોવાનું માપદંડ શું છે ? શું આ અમલોનું થવું એમનામાં તફાવતની હદ છે ? દા.ત. ઈન્સાનથી જુલ્મ અસ્તિત્વમાં આવે છે જ્યારે કે અલ્લાહ તઆલાથી એ અસ્તિત્વ નથી પામતો, જેથી એ ગૈર ખુદાઈ ફેઅલ (કાર્ય) થયો. (એ છતાં કે અલ્લાહ ચાહે તો જુલ્મ કરી શકે છે) અલ્લાહની પનાહ ! જો એવું છે તો એના પર ફરી એ સવાલ ખડો થાય છે કે દા.ત. સાંભળવું તથા જોવું ખુદાઈ ફેઅલો છે કે ગૈર ખુદાઈ ? જ્યારે કે અલ્લાહ તઆલા પણ સમીઅ (સાંભળનાર) તથા બસીર (જોનાર) છે, અને માણસમાં પણ સાંભળવા તથા જોવાની કાબેલિયત રાખવામાં આવેલી છે. એ જ પ્રમાણે અલ્લાહ તઆલા પણ ઝિંદા છે અને માણસને પણ આ ખાસિયતથી નવાઝવામાં આવેલ છે. એ જ પ્રમાણે અન્ય ખૂબીઓનો કૃયાસ કરી શકાય છે. તમો માનવ થકી દિવસ રાતમાં ઘણા બધા એવા અનુભવો કરશો જે સિફતો (ખૂબીઓ) અલ્લાહ તઆલામાં હોવામાં કોઈને શક નથી, તો પછી **છેવટે ખુદાઈ તથા ગૈર ખુદાઈની આ વહેંચણી (ડો. નાયક થકી) કયા આધારો પર કરવામાં આવી છે ?** સાબિત થયું કે **આ દલીલ કરવું ધડમૂળથી ગલત તથા બાતિલ છે.** આ મસ્અલાની અધિક સ્પષ્ટતા નીચે કરવામાં આવે છે.

પાયાના ધોરણે આપણે સિફતો (ગુણો)ની વહેંચણી ત્રણ પ્રકારમાં શકીએ છીએ.

**પ્રથમ પ્રકાર : તે સિફતો (ખૂબીઓ) જે અલ્લાહ તઆલા સાથે ખાસ છે** અને એ રીતે ખાસ છે કે ગૈર ખુદામાં એની કલ્પના કરવી મુહાલ (અશક્ય) છે. દા.ત. ઉલૂહિયતની સિફત એ ખાસ ખુદાની સિફત છે એમાં ગૈર ખુદાનો કોઈ હિસ્સો (ભાગીદાર) નથી. એ જ પ્રમાણે પોતાની ઝાત તથા સિફતોની સાથે 'કૃદીમ' (હમેશાં)થી છે જ્યારે સર્વ મખ્લૂક હાદિષ (પછીથી સર્જન પામેલી) છે. જે શખ્સ કોઈ મખ્લૂકના બારામાં કૃદામત (હમેશાથી હોવા)ની માન્યતા રાખે તે શિર્કમાં સપડાયેલો ઠરશે. એ જ પ્રમાણે અલ્લાહ તઆલા 'વાજિબુલ વજૂદ' છે જે કદી ફના થશે નહીં (હમેશાંથી છે હમેશાં રહેશે) જ્યારે મખ્લૂકનું ફના (નાશ) થવું શક્ય છે. એ જ પ્રમાણે અલ્લાહ તઆલાની સર્વ સિફતો (ખૂબીઓ) એ ઝાતી છે (કોઈની આપેલી નથી), **જ્યારે મખ્લૂકના માટે એક રજકણ બરાબર ઝાતી સિફત (ખૂબી) માનવું ઉઘાડુ શિર્ક છે.** (કેમ કે એની ખૂબીઓ અતાઈ એટલે રબની અર્પણ કરેલી છે).

**બીજો પ્રકાર : એ સિફતો (ગુણો, ખૂબીઓ)નો છે જે કેવળ મખ્લૂક઼ના માટે સાબિત છે અને અલ્લાહને એ સિફતોવાળો (મુત્તસિફ) માનવું જાઈઝ નથી.** દા.ત. **મખ્લૂક઼** જેવું કે પોતાના નામથી જાહેર છે કે સર્જન કરવામાં આવી, જ્યારે અલ્લાહ તઆલાનું કોઈએ સર્જન નથી કર્યું. મખ્લૂક઼ આજિઝ (લાચાર, મજબૂર) હોય છે જ્યારે કે અલ્લાહ તઆલા માટે 'શાને સમદિયત' (બેનિયાઝી, કોઈની મોહતાજી ન હોવું) સાબિત છે. મખ્લૂક઼ના માટે ઔલાદ એ ફખ્રનો સબબ છે જ્યારે અલ્લાહના માટે ઔલાદ (માનવું) ઘણો જ મોટો અયબ છે. મખ્લૂક઼ના માટે મૃત્યુ નિશ્ચિત છે જ્યારે કે અલ્લાહના માટે એ અશક્ય છે મખ્લૂક઼ સૂવાની મોહતાજ છે જ્યારે કે એ ઝાત કે જેને ન ઊંઘ આવે ન નિદ્રા. આ પ્રમાણે સેંકડો દષ્ટાંતો અધિક રજૂ કરી શકાય છે, પરંતું સમજવાના માટે આટલુ પૂરતુ છે.

**ત્રીજો પ્રકાર :** એ સિફતો (ખૂબીઓ, ગુણો)નો છે **જે અલ્લાહ તઆલાના માટે તો સાબિત છે પણ** તેણે પોતાની હિકમત તથા રહમતથી **પોતાના બંદાઓને પણ એમાંથી હિસ્સો અર્પણ કર્યો છે.** દા.ત. તેણે આપણને જિંદગી અર્પણ કરી, ઈલ્મની દૌલતથી નવાઝયા, જોવા તથા સાંભળવાની કાબેલિયત અર્પણ કરી. જ્યારે કે તે પોતે પોતાની શાનના પ્રમાણે સર્વ સિફતોથી મુત્તસિફ (જોડાયેલ) છે. પણ **તેની સર્વ સિફતો હક઼ીક઼ી તથા ઝાતી (કોઈની આપેલી નહીં) છે.** જ્યારે કે **આપણી દરેક સિફત (ખૂબી મજાઝી તથા અતાઈ (તેની આપેલી)** તથા એ બંનેવમાં આપસમાં કોઈ સરખામણીનો અવકાશ નથી.

પ્રથમ તથા ત્રીજા પ્રકારના બારામાં તો કદાચ કોઈના દિલમાં કોઈ વસવસો (વહેમ) નહીં હોય, જેથી આપણે બીજા પ્રકારની સિફતોના બારામાં ચર્ચા કરીશું. જેવું કે અમે વર્ણવ્યું કે આ પ્રકારની સિફતોથી અલ્લાહ તઆલાને મુત્તસિફ (સિફતોવાળો) માનવું આપણી નજીક જાઈઝ નથી. પરંતું એની કૈફિયત (સ્થિતિ) શું હશે ? શું આપણે કેવળ આ પ્રકારનાં કાર્યોથી અલ્લાહ થકી થવાના વિરૂધ્ધ છીએ કે તેમને અલ્લાહ તઆલાની કુદરત હેઠળ માનવાથી આપણને સદંતર ઈન્કાર છે ? આ સવાલનો જવાબ થોડો વિગતવાર જરૂરી છે.

**જરા વિચારો કે શું આ અક઼ીદો રાખવો યોગ્ય ગણાશે કે :** અલ્લાહ તઆલા જો ચાહે તો આજિઝ (મજબૂર, લાચાર) થઈ જાય, જો ચાહે તો શાદી કરી લે અને પોતાના માટે પુત્રો પુત્રીઓ પેદા કરી લે, જો ચાહે તો પોતાના ઉપર મૌત લાગુ કરી લે, ચાહે તો બે ચાર ઘડીના માટે સૂઈ જાય અથવા કમસે કમ થોડીક ઊંઘ જ લઈ લે. પરંતું એ કામો એ એટલા માટે નથી કરતો કે જો એવું કરે તો ખુદાઈથી હાથ ધોઈ બેસે ?! (એટલુ જ નહીં બલ્કે **ડો. ઝાકીર નાયક** પોતાની એ કિતાબમાં **લખે છે કે,** ''મુસલમાનોને એમાં કોઈ વાંધો નથી કે ખુદાએ ઝુલ જલાલને 'ખાલિક઼' 'પેદા કરનાર' અથવા **'બ્રહમા'** કહીને પોકારવામાં આવે. તદ્ઉપરાંત મુસલમાન (તરીકે આપણે) ન કેવળ એ ખયાલને કે **'બ્રહમા'** એવો ખુદા છે કે જેને ચાર માથાં છે એ કદાપિ સ્વીકારીશું નહીં બલ્કે એને એકદમ રદ કરીશું. **વધુમાં લખે છે કે,** મુસલમાનને કોઈ વાંધો ન હશે કે અલ્લાહ સુબ્હાનહુને 'રબ' 'પરવરદિગાર' કે **'વિષ્ણુ'** કહીને પોકારવામાં આવે, પરંતું હિદુઓમાં **'વિષ્ણુ'**નો પ્રખ્યાત ખયાલ કાંઈક એ છે કે એના ચાર હાથે છે. હવે સવાલ એ પેદા થાય છે કે શું ડો. ઝાકિર નાયક ખુદાને આ વાત પર ક઼ાદિર (શક્તિમાન) માને છે કે જો ચાહે તો પોતાના માટે ચાર માથાં તથા હાથ પેદા કરી લે અથવા નથી માનતા ? તેમની માન્યતાઓથી તો જાહેર થાય છે કે તે અલ્લાહ તઆલાને જરૂર એના માટે શક્તિમાન માને છે ! કેમ કે **કોઈનાં ચાર માથાં હોય એ તેના જૂઠા હોવાથી મોટો અયબ તો નથી.** અને વળી જ્યારે **માનવ સ્વરૂપ ધારણ કરવા**

**માટે શક્તિમાન માની લેવામાં આવે** (જેમ કે ડો. ઝાકિર નાયક માને છે !) તો માથાંઓના અનેક હોવામાં આજિઝ થઈ જશે ?! વિના શંકાએ આવી વાતો પર યક઼ીન રાખવું અને એવો અક઼ીદો ઉભો કરવો તો એક તરફ રહ્યું, એ વાતોને કેવળ નકલ કરવું પણ એક મુસલમાનના માટે કસૌટીથી કમ નથી. પરંતું કેમ કે એના વગર એમની ખરાબીનો જોઈએ તેવો અંદાઝો થશે નહીં એટલા માટે મજબૂરન આ સર્વ અહીં લખવું પડયું.

બીજી માન્યતા એ છે કે અલ્લાહ તઆલા કેમ કે દરેક અયબથી પાક છે જેથી એ સર્વ ખરાબીઓને એની સાથે કોઈ સંબંધ નથી અને એનું બહાર પડવું તો દૂર રહ્યું તેને અલ્લાહ તઆલાની કુદરત હેઠળ માનવું પણ મના છે, જેથી આપણે અયબોને કુદરત હેઠળ નથી માનતા. પરંતું એવું નહીં કે અલ્લાહ તઆલા એના પર ક઼ાદિર શક્તિમાન નથી, બલ્કે એ રીતે કે એ ફેઅલોમાં એ લાયકાત જ નથી કે એ અલ્લાહ તઆલાની કુદરતથી સંબંધ રાખી શકે. પરિણામે આપણે એવું નથી કહેતા કે અલ્લાહ તઆલા ચાહે તો ખરાબ કામ કરી શકે છે પણ કરતો નથી, બલ્કે આપણી માન્યતા એ છે કે ખરાબ કૃત્યો તથા અયબ એની કુદરતથી સંબંધિત જ નથી અને એના માટે સદંતર અશક્ય (મુહાલે ક઼તઈ) છે અને કોઈ રીતે પણ અલ્લાહ તઆલાથી થઈ નથી શકતાં. તુલના કરો કે કઈ માન્યતા આમાં હક્ક઼ પર આધારિત છે ?!

અહીં અમુક લોકોને એ શંકા ઉદ્‌ભવે છે કે આ રીતે તો ઘણા બધાં કામો અલ્લાહ તઆલાથી કુદરતથી નીકળી જાય છે અને પરિણામે અલ્લાહની કુદરતમાં કમી ઉભી થાય છે ! અમે જણાવીશું કે આ વહેમ કેવળ કમ સમજનું પરિણામ છે. અસલમાં એવા લોકો અલ્લાહ તઆલાની શાન તથા અઝમતને સમજી જ શકતા નથી અને અલ્લાહ તઆલાની કુદરતની માનવ કુદરત સાથે તુલના કરવાની નિરર્થક કોશિશ કરે છે. પરિણામ જાહેર છે કે ગલતી તથા ગુમરાહીના રૂપે બહાર પડે છે. અમે તેમને પૂછીએ છીએ કે શું અલ્લાહ તઆલાની કુદરતને એ સ્થિતિમાં વિશાળતા હાંસલ થશે કે તેને અયબદાર માનવામાં આવે ? શું કુર્આનની આયત : 'બેશક ! અલ્લાહ દરેક ચીજ પર ક઼ાદિર છે'નો એ જ તકાઝો છે કે તેને જૂઠ, જુલ્મ તથા અન્ય ખરાબીઓ પર ક઼ાદિર (શક્તિમાન) માનવામાં આવે ?! જેને એ (ડો. નાયક) પણ પોતે ગૈર ખુદાઈ કામ ઠરાવે છે. આવો ! એ સવાલનો જવાબ જાણવાની કોશિશ કરીએ કે જો એ ખરાબીઓને અલ્લાહ તઆલાની કુદરત સાથે સંબંધિત ન માનવામાં આવે તો શું એનાથી અલ્લાહની કુદરતમાં કોઈ કમી આવી જશે ?

માજીમાં ઈસ્લામનો એક ગુમરાહ ફિર્ક઼ો થઈ ગયો છે જે 'મોઅતઝલા'ના નામથી મશહૂર છે. એ ફિર્ક઼ાના લોકોએ ઘણા મસાઈલમાં અહલે સુન્નત સાથે મતભેદ કર્યો. તેમનો અહલે સુન્નત સવાદે આ'ઝમથી એક મતભેદ એ પણ હતો કે, 'માણસ પોતાના અમલોનો ખાલિક઼ (સર્જનહાર) પોતે છે.' જ્યારે કે અહલે સુન્નતનો અક઼ીદો એ છે કે માણસ તથા જે કાંઈ અમલો તે કરે છે તે સર્વનો ખાલિક઼ અલ્લાહ તઆલા છે અને માણસની હૈસિયત એક કાસિબ (ઈરાદો કરનાર)ની છે. માણસ ભલાઈનો ઈરાદો કરે છે તો અલ્લાહ તઆલા પોતાની રહમતથી ભલાઈની તખ્લીક઼ (સર્જન) કરી આપે છે અને જ્યારે ઈન્સાન બુરાઈનો ઈરાદો કરે છે તો અલ્લાહ તઆલા પોતાની કામિલ કુદરત વડે બુરાઈને તખ્લીક઼ ફર્માવી (સર્જી) દે છે. આ રીતે માણસ તથા તેના સર્વ અમોલોનો ખાલિક઼ અલ્લાહ તઆલા છે. તેણે પોતાની રહમત તથા હિકમત વડે અચ્છાઈ તથા બુરાઈ બંનેવને પેદા કરી. ભલાઈમાં પોતાની રઝા (રાજીપણુ) રાખી અને એને કરવાનો હુકમ આપ્યો, જ્યારે કે બુરાઈમાં પોતાની નારાઝગી રાખી અને એનાથી દૂર રહેવાની

સૂચના આપી. હવે માણસ જે ચીજનો કસબ તથા ઈરાદો કરે છે તેનો બદલો પામે છે.

**જરા વિચારો કે** માણસ જયારે બુરો અમલ કરે છે તો કોના આપેલા અધિકારથી કરે છે ? યક઼ીનન ! અલ્લાહ તેના બુરા અમલથી રાજી નથી, અને જો તે ન ચાહે તો કોની મજાલ છે કે એવો અમલ કરી શકે ? એ જ રીતે સારા અમલો પણ એ જ રહમાનની અતા કરેલી તૌફીક઼ વડે માણસથી બહાર પડે છે. એના પરથી આપણે એ વાત આસાનીથી સમજી શકીએ છીએ કે કોઈ શખ્સ જે પણ અમલ કરે તે અલ્લાહ તઆલાના જ અર્પણ કરેલ ઈખ્તિયાર કે તૌફીક઼ના સબબથી જ કરશે. આ ચીજ અલ્લાહ તઆલાની કુદરત તથા અધિકારને જાહેર કરે છે. એના પરથી એ પણ જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાની કુદરતની સાબિતીના માટે જરૂરી નથી કે તેને ખુદને પણ બુરાઈ પર અમલ કરવા માટે શક્તિમાન માનવામાં આવે, અને એનાથી વિરૂદ્ધ અક઼ીદો રાખવા પર તેની કુદરતમાં કમી સાબિત થાય. અલ્લાહ તઆલાએ ઈન્સાન પણ પેદા કર્યા અને જિન્નાત પણ અને ફરિશ્તાઓને પણ તેણે પેદા કર્યા. તેની સાથોસાથ તેમના સર્વ અમલો જે એમના થકી અમલમાં મૂકાય છે તેમનો ખાલિક઼ (સર્જન કરનાર) અલ્લાહ તઆલા જ છે. શૈતાન જે ઈન્સાનનો સૌથી મોટો દુશ્મન છે અને બુરાઈની નિશાની છે, એ શું અલ્લાહ તઆલાની મખ્લૂક઼ નથી ? વળી જો અલ્લાહ તઆલા તેને મોહલત ન આપત તો શું તે ક઼યામત સુધી માણસને ગુમરાહ કરવાનો ઈખ્તિયાર રાખી શકત ? આજ સુધી તેણે જે કાંઈ કર્યું અને જે કાંઈ કરશે તે શું પોતાની ઝાતી શક્તિથી કરશે ? હરગિઝ નહીં ! બલ્કે એ સર્વ કાંઈ અલ્લાહના આપેલા અધિકાર તથા મોહલતના આધારે છે. તો આ સર્વ હક઼ીક઼તો અલ્લાહ તઆલાની કુદરતને સાબિત કરવા માટે પૂરતી નથી કે ખરાબ ચીજો (કામો)ને અઝમતવાળી શાનવાળી ઝાત થકી થવાને શક્ય માનવામાં આવે ?

*.....(ક્રમશઃ)*


# બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

હજ્જ પ્રોગ્રામ-૨૦૧૯



લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.

ઉમરાહ ૨૦૧૮-૧૯નું બુકીંગ ચાલુ છે

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક

પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.




**ફકત વાતોનાં વડાં કરનાર નહીં, પરંતુ કામ કરનાર બનો, નહીં તો અફસોસ સિવાય કાંઈ હાથ નહીં આવે.**

પશ્ચિમી દુનિયાના ઓરિએન્ટલિસ્ટોના ઈસ્લામ પર ઘણા વાંધાઓ છે, એમાંથી એક વાંધો એ પણ છે કે ઈસ્લામ એના માનવાવાળાઓને તસ્બીહ, અલ્લાહનો ઝિક્ર તથા ગુનાહોથી દૂર રહેવાનો હુકમ આપે છે. યૂરોપના ઓરિએન્ટલિસ્ટોનું કહેવું છે કે ઈસ્લામ સુસ્ત અને આળસુ બનાવે છે. પોતાના અનુયાયીઓને નવી શોધો તથા નવા સર્જનોની કાબેલિયતોથી વંચિત કરી દે છે. ઈસ્લામ તેના માનવાવાળાઓને તેહક઼ીક઼ અને રિસર્ચથી દૂર અને ઈબાદતમાં ડૂબેલા જોવા માગે છે, આના જ કારણે મુસલમાનોની જિંદગીમાં સુસ્તી જોવા મળે છે. મુસલમાન સમય વેડફવાની બીમારીમાં સપડાયેલા હોય છે. એમની જિંદગીમાં મહેનત તથા કોશિશ જોવા નથી મળતી. આ વાંધો જો કે સહીહ નથી પરંતુ કેટલીય સદીઓથી મુસ્લિમ ઉમ્મતની ઉણપો જાહેર છે જેનાથી આંખ આડા કાન કરવા પણ જુર્મ છે. આપણી ઉણપો, નિષ્ક્રિયતા તથા સુસ્ત વર્તને જ ગૈરોને વાંધો ઉઠાવવાનો મોકો પૂરો પાડયો છે. એનું કારણ મુસ્લિમ ઉમ્મતનું કુર્આનની તા'લીમથી દૂર થવું છે, એના જ કારણે જમાનાએ આપણને આ દિવસો દેખાડયો છે.

મને આશ્ચર્ય થાય છે કે આ આક્ષેપ લગાડવાવાળાઓને આ વાત ક્યાંથી મળી કે ઈસ્લામ સુસ્તી અને આળસપણા તરફ લઈ જાય છે ! આક્ષેપ કરનારાઓ યૂરોપી ઓરિએન્ટલિસ્ટ છે, તેમણે પોતાની આ સંસ્થાની સ્થાપ્ના એટલા માટે જ કરી કે તેઓ ઈસ્લામ પર રિસર્ચ કરે અને એમાંથી (પોતાની રીતે) ખામીઓ કાઢે. પોતાનાં ઈલ્મી તથા ફિક્રી કામોમાં કહેવાતા તેહક઼ીક઼, સત્યનો સ્વીકાર તથા નિષ્પક્ષપણાનો દાવો કરવાવાળા પશ્ચિમી કહેવાતા બુદ્ધિજીવી લોકો એ કેમ ભૂલી જાય છે કે કોઈ પણ ધર્મ કે વ્યવસ્થાની સચ્ચાઈનો અંદાજ એની તા'લીમાતથી લગાડવામાં આવે છે, નહીં કે એ મઝહબના અનુયાયીઓના અમલો તથા વર્તનોથી લગાડવામાં આવે. ઈસાઈઓનો ઈતિહાસ ખૂના મરકીઓ તથા જુલ્મો સિતમથી એટલો ભરેલો છે કે હજારો પાનાંઓ એનાથી ભરેલાં છે. શું એનાથી એ પરિણામ કાઢવામાં આવે કે ઈસાઈઓની બુનિયાદ જુલ્મ અને લૂટમાર પર છે ? જો એવું નથી તો પછી ઈસ્લામ પર જ વાંધો કેમ ?! ખરેખર પશ્ચિમી ઓરિએન્ટલિસ્ટોનું કામ જ ઈસ્લામની તા'લીમાતમાં ઉણપો કાઢવાનું છે. જેને તેઓ કરતા આવ્યા છે અને કરતા રહેશે. આ વાંધાઓના પ્રકાશમાં આપણે આપણી સમીક્ષા કરવાની છે. ઈસ્લામ ડગલે ને પગલે આપણને રચનાત્મક, હકારાત્મક તથા ઈન્સાનિયતની ભલાઈનું કામ કરવાનો હુકમ આપે છે. જો આપણે

**અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ**
*(મુદર્રિસ : દારૂલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*

કોઈ નવું કામ નથી કરી શકતા તો કમસે કમ આપણા અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)નાં છોડેલાં કામોને જ આગળ વધારીએ અને એમનાં નકશે કદમ પર ચાલતા રહીએ તો પણ એક બહુ મોટુ કામ થઈ જાય.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના વિસાલને ૧૦૦ વર્ષો પૂરાં થઈ રહ્યાં છે. જે ખુશનસીબ હઝરાતે રચનાત્મક, હકરાત્મક તથા ભલાઈનાં કામો કર્યા અને કયામત સુધી અમર થઈ ગયા, એવા જ લોકોમાંથી ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની શખ્સિયત છે. આજે પણ એમનું કામ બોલી રહ્યું છે અને દુનિયાની ઈલ્મી ઉણપોને દૂર કરી રહેલ છે. આજે પણ એમની તેહકીકો તથા ઈલ્મી કારનામાઓ કેવળ પૂરાણા ઈલ્મની પ્યાસ નથી બુઝાવી રહ્યા બલ્કે અર્વાચીન ઈલ્મના નિષ્ણાતોને પણ પ્રભાવિત કરી રહેલ છે. આજે પણ તેમનાં ઈલ્મી કારનામાઓને દાદ આપનારા જગતભરમાં નજર આવે છે. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ઈલ્મી કારનામોઆની સમીક્ષા કરવામાં આવે તો બુદ્ધિ દંગ રહી જાય છે કે એક જાતને કુદરતે જ્ઞાન તથા વિદ્યાઓનો દરિયો બનાવી દીધો હતો ! સાચું કહ્યું છે : *જિસ સિમ્ત આ ગયે હૈં સિક્કે બિઠા દિયે હૈં.*

દરેક વિષય તથા કલામાં એમની કિતાબ, દરેક સવાલ પર એમનો જવાબ મૌજૂદ છે. અલગ અલગ લોકોએ એમનાં ઈલ્મી કામને દુનિયા સુધી પહોંચાડવા માટે પોતાની યથાશક્તિ કોશિશો કરી પરંતુ હિંદુસ્તાનની સરઝમીન પર હાલમાં સૌથી વધારે અને અનોખુ કામ **હઝરત અલ્લામા હનીફખાન રઝવી** (ઈમામ અહમદ રઝા એકેડમી–બરેલી શરીફ) અને એમના સાથીઓની ટીમ કરી રહી છે અને આ'લા હઝરતના ઈલ્મના ફૈઝાનને આમ કરી રહી છે. આપણામાંથી ઘણા લોકોએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہથી મહબ્બતનો દમ ભર્યો છે અને એમનાથી અકીદતનો ચિરાગ આપણા દિલોમાં રોશન કર્યો છે પરંતુ આપણે એમના કામના જઝબાને આગળ વધારવાની કોશિશ નથી કરી. આપણે વાતો તો મોટી મોટી કરીએ છીએ પરંતુ કામના ક્ષેત્રમાં કમજોર છીએ. જ્યારે કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ આપણને એ પૈગામ આપતા નજર આવે છે કે ફકત ઝુબાનથી દાવો કરી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللہُ عَلَیْہِ وَسَلَّمને રાજી નથી રાખી શકતા, જો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللہُ عَلَیْہِ وَسَلَّمને રાજી કરવા હોય તો આ પ્રમાણે કહો :–

**કામ વોહ લે લીજીયે તુમકો જો રાઝી કરે**
**ઠીક હો નામે 'રઝા' તુમ પે કરોળોં દુરૂદ**

આપણે આપણી જિંદગી તથા આપણાં કામોનો હિસાબ કરવો જોઈએ, જો જિંદગીમાં કોઈ તરી આવે તેવું કામ નથી કર્યું તો અત્યારે કરી લો, બાકી અફસોસ સિવાય કઈ હાથ નહીં લાગે. *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી ઉર્દૂ–મુંબઈ, નવે. ૨૦૧૮)*


**માસુમ ટુર્સ**

**(૨૫ વર્ષ નો અનુભવ ધરાવતી ટુર્સ)**

**ડિસેમ્બર ૨૦૧૮/જાન્યુઆરી–૨૦૧૯ ઉમરાહ**

| ઉમરાહ પ્રોગ્રામ | દિવસ | રૂપિયા |
|---|---|---|
| ૧૭ નવેમ્બર મુંબઈ થી મદીના<br>૦૨ ડિસેમ્બર જીદ્દાહ થી મુંબઈ<br>ઈદેમિલાદુન્નબી–મદીનાશરીફમાં | ૧૫ | ૬૨૦૦૦/– |
| ૨૦/૨૧ ડિસે. ૨૦૧૮ મુંબઈ થી જીદ્દાહ<br>૦૨ જાન્યુ. ૨૦૧૯ મદીના થી મુંબઈ | ૧૫ | ૫૮૦૦૦/– |
| બગદાદ ઝિયારત<br>બગદાદ–નઝફ–કરબલા<br>(ગ્યારવીં શરીફ બગદાદમાં) | ૯ થી ૧૦ | ૬૫૦૦૦/– |

ડિસે-જાન્યુ-ફેબ્રુ-માર્ચ,એપ્રિલ-મે તથા રમઝાન શરીફના એડવાન્સ બુકીંગ ચાલુ છે.

**અમારી સુવિધાઓ....**

- ઉમરાહ પ્રોગ્રામ ડાયરેકટ ફલાઈટ સાઉદી અરબીયન એરલાઈન્સમાં રહેશે.
- ભરૂચ થી લકઝરી બસની સગવડ લોન્ડ્રી ફ્રી
- સવારમાં ચા-નાસ્તો, બપોરે લંચ, સાંજે ચા, રાત્રે ડિનર.
- (ભરૂચના ભઠીયારાના હાથથી બનાવેલ સ્વાદિષ્ટ જમણ)
- મકકા-મદીના શરીફની જીયારતો ફ્રી માં કરાવવામાં આવશે.

**માસુમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

**૪,મરીયમ કોમ્પલેક્ષ, જંબુસર રોડ, ભરૂચ.**

ઈબ્રાહીમ મોટલી : ૯૮૨૪૧ ૦૮૬૯૨
ઐયુબ મોટલી(હાફેજી) : ૯૮૨૪૪ ૦૮૬૯૨
સુહેલ મોટલી : ૯૫૫૮૬ ૮૬૦૯૨
એઝાઝ ડેલાવાલા : ૯૮૨૪૨ ૦૮૬૯૨

## દયાદરામાં વિવિધ દીની પ્રોગ્રામો

**★ જશ્ને સૈયદ મખ્દૂમ અશરફ સિમનાની** رحمۃ اللہ علیہ **★**

**દયાદરા** : ખાતે ૨૮–મુહર્રમ શરીફના રોજ ગૌષુલ આલમ હઝરત સૈયદ મખ્દૂમ અશરફ જહાંગીર સિમનાની رحمۃ اللہ علیہના ઉર્સ મુબારક નિમિત્તે રવિવાર તા. ૭–૧૦–૨૦૧૮ રવિવારે ઈશા બાદ સુન્ની દા'વતે ઈસ્લામીના હફતવારી સુન્ની ઈજતેમામાં ''જશ્ને મખ્દૂમ અશરફ'' (رحمۃ اللہ علیہ) મનાવાયો જેમાં મુખ્તારુલ મસાજિદ દયાદરામાં જનાબ કારી મકસૂદ અશરફી (પેશ ઈમામ : દયાદરા)એ નઅતે પાક પેશ કરી હતી. તથા મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ શાને અવલિયા તથા મખ્દૂમ પાક رحمۃ اللہ علیہની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

**દયાદરા** : ખાતે ૬–મુહર્રમના રોજ હઝરત મૌલાના સૈયદ અઝીઝ અહમદ ઉર્ફે બડા સાહબના ઉર્સના પ્રસંગે સાંજના ચારેક વાગે હાફિઝ અશરફ ભટાના ઘરેથી સંદલનું જુલૂસ સલાતો સલામ સાથે હઝરતના મઝાર શરીફ પર પહોંચ્યું જ્યાં અસર બાદ હઝરત સૈયદ નૂરાની બાવા સાહબ તેમજ હઝરત સૈયદ ફરીદ બાવા સાહબની સરપરસ્તીમાં સંદલ વિધિ, ગુલપોશી કરવામાં આવી. હઝરત સૈયદ નૂરાની બાવાએ દુઆ કરી હતી, એ જ રાત્રે ઈશા બાદ નઅતો મન્કબતનો શાનદાર પ્રોગ્રામ થયો હતો. છેવટમાં ખીરની ન્યાઝ હાજરજનોને વહેંચવામાં આવી હતી.

**દયાદરા** : ખાતે **''શોહદાએ કર્બલા''**ની યાદમાં મુહર્રમ ચાંદ–૯ બુધવારે રાત્રે મોટા ચકલા પર નઅતો મન્કબતનો શાનદાર પ્રોગ્રામ ''મેહફિલે નઅત'' થયો જેમાં હાફિઝ અફઝલ સરનારવી, હાફિઝ ઝયનુલ આબિદીન વગેરેએ નઅતે પાકના ગુલદસ્તા પેશ કર્યા. છેવટમાં હાફિઝો કારી મકસૂદ કાવીવાળા સાહબે નઅતો તથા મન્કબતો પેશ કરી હતી. મંગળવાર ચાંદ ૧૦–ની રાતે મોટા ચકલા પર મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ ઈમામે હુસૈન رضی اللہ عنہ તથા શાને અહલે બયતમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું અને બીજા દિવસે સવારે મુખ્તારુલ મસાજિદ–દયાદરામાં સવારે આઠ વાગ્યે શોહદાએ કર્બલાની બારગાહમાં ખિરાજે અકીદત પેશ કરવા પ્રોગ્રામ થયો જેમાં પણ મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે શાનદાર બયાન કર્યું બાદમાં સર્વ હાજરજનો પોતે પોતાની રીતે નફલો પઢયા, દુઆએ આશૂરા પઢવામાં આવી છેવટે દુઆ સલાતો સલામ પર પ્રોગ્રામ ખત્મ થયો હતો. તે ઉપરાંત ૧૪–મુહર્રમુલ હરામના રોજ **''જશ્ને મુફતીએ આ'ઝમ''** હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, **મુજદ્દિદે ઈબ્ને મુજદ્દિદ મુસ્તફા રઝાખાં** رحمۃ اللہ علیہની યાદમાં મસ્જિદમાં મનાવાયો જેમાં મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہના તકવા તથા આપની દીન પર ઈસ્તિકામત વિશે તથા કરામતો વર્ણવી ઈમાન અફરોઝ બયાન કરી નસીહતો કરી હતી. તેમજ રવિવાર તા. ૧૪–૧૦–૨૦૧૮ના દયાદરા મસ્જિદમાં જગ વિખ્યાત બુઝુર્ગ **હઝરત શાહ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી** رحمۃ اللہ علیہ (ખાનપુર અમદાવાદ)ની શાનમાં આપની ખૂબીઓ પ્રદર્શિત કરતું અનોખુ બયાન કર્યું હતું.

## પાટણમાં કુત્બુદ્દીન બાવા જન્નતનશીન

**પાટણ** : ખેરાલુથી મુહિબ્બે ગિરામી જનાબ હનીફ મન્સૂરી સાહબ જણાવે છે કે પાટણ ખાતે સરસ્વતી નદીના કિનારે આવેલ હઝરત રૂકનુદ્દીન ચિશ્તી ઉર્ફે બાબા ફરીદ કાને શકર رحمۃ اللہ علیہના વંશજ પીરે તરીકત સૂફી હઝરત કુત્બુદ્દીન બાવા ચિશ્તી આજે તા. ૭–૮–૨૦૧૮ના જન્નતનીશન થતાં તેમના મુરીદ અને અકીદતમંદોમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. મર્હૂમનો જનાઝો પાંચપાડા સ્થિત નિવાસસ્થાનેથી સલાતો સલામ અને નઅત રસૂલ ﷺની સદાઓ સાથે નીકળ્યું હતું. જેમાં ખેરાલુ, લણવા, હિંમતનગર, મહેસાણા સહિત વિવિધ ગામોના ઉલમાએ કિરામ અને મુરીદો મોટી સંખ્યામાં જોડાયા હતા અને જનાઝાની નમાઝ અદા કરી હતી. મર્હૂમે પોતાની જિંદગી એક સૂફી સંતની જેમ સાદગીથી જીવી અનેકને મુરીદ બનાવી તેઓની સુધારણા કરી હતી.

# મૌતુલ આલિમ મૌતુલ આલમ

(કાર્યાલય)

**અર્શ પર ધુમેં મચીં વોહ મો'મિને સાલેહ ગયા,**
**ફર્શ પર માતમ ઉઠા વોહ તૈયબો તાહિર ગયા**

**કારંટા શરીફ**થી, પીર સૈયદ હાજી કમરૂદ્દીનબાવા સાહબ લખી જણાવે છે કે, ભારતના મશહૂર આલિમે દીન, પીરે તરીક્ત રહબરે શરીઅત અશરફી કાદરી રફાકતી ચિશ્તી બરકાતી સિલસિલાઓની મશહૂર ખાનકાહના ગાદીનશીં, સજ્જાદાનશીન હાફેઝ અલ્લામા મૌલાના હઝરત શાહ મુફતી મહમૂદ અહમદ સાહબ અશરફી તા. ૨૬–૫–૨૦૧૮ના રોજ ટૂંકી માંદગી બાદ, ૮૦ વર્ષની ઉંમરે ભવાનીપુર–ઈસ્લામાબાદ, મુઝફ્ફરપુર (બિહાર)માં ખુદાની રહમતમાં પહોંચી ગયા છે. اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ

મર્હૂમ હઝરત સાહબ, પીરે તરીકત મુનાઝિરે અહલે સુન્નત મુફતીયે આ'ઝમ કાનપુર શાહ રફાકત હુસૈન رحمۃ اللہ علیہ કાદરીના મોટા ફરઝંદ અને જાનશીન હતા. (આપના વાલિદ સાહબ સુલ્તાનુલ મુનાઝેરીન મુફતીએ આ'ઝમ કાનપુર હઝરત શાહ મુફતી રિફાકત હુસૈન رحمۃ اللہ علیہ ખલીફએ શાહ સૈયદ મુહમ્મદ અલી હુસૈન ઉર્ફે અશરફીમિયાં رحمۃ اللہ علیہ તથા ખલીફએ હુજ્જતુલ ઈસ્લામ હઝરત શાહ હામિદ રઝાખાં رحمۃ اللہ علیہ તથા ખલીફએ સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદ અલીખાં (બહારે શરીઅતના લેખક) તથા ખલીફએ કુત્બે મદીના હઝરત ઝિયાઉદ્દીન અહમદ કાદરી રઝવી હતા.) આપ ઝબરદસ્ત આલિમ, વસીઉલ મુતાલેઆ મુફતી, કિતાબોના મહાન લેખક અને તારીખી હાલાતના સંશોધક હતા. આપ ૧૯૫૯–૬૦ના અરસામાં દારુલ ઉલૂમ શાહેઆલમમાં પોતાના વાલિદે ગિરામી હઝરત મુફતી શાહ રિફાકત હુસૈન قُدِّسَ سِرُّہُ الْعَزِیْز ની સાથે દાખલ થયા હતા. આપે તે સમયે હદીષોનું દર્સ લીધું હતું. પછી આપે કાનપુર ખાતે "જામિઆ અહસનુલ મદારિસ કદીમ"માં દીની તા'લીમ લીધી. ત્યાર પછી આપે મેરઠની મશહૂર દર્સગાહના સદર મુદર્રિસ ઈમામુન્નહવ અલ્લામા હઝરત સૈયદ શાહ ગુલામ જીલાની મેરઠી رحمۃ اللہ علیہ ની પાસે તા'લીમ સંપૂર્ણ કરી હતી. (હઝરત જીલાની સાહબે મુન્તિક વગેરે કિતાબોનું સંપાદન કર્યું છે. દા.ત. "બશીરુલ કામિલ, નિઝામે શરીઅત તથા બશીરુલ કારી" વગેરે આપની યાદગાર કિતાબો છે.) ફારિગ થયા બાદ હઝરત પીર મુફતી મહમૂદ અહમદશાબાવા સાહબે વાલિદે ગિરામીની ખાનકાહ સંભાળી હતી. મર્હૂમ પીર સાહબે, "ઉલ્માએ અહલે સુન્નત", "સવાનેહે રફાકતી", "હઝરત મખ્દૂમુલ અવલિયા", "પાકાને ઉમ્મત, ભાગ : ૯" જેવી અનેક દળદાર કિતાબોનું સંપાદન કર્યું છે. જે અભ્યાસ કરવાથી જણાઈ આવે છે કે આપ કેવા મહાન કાબિલ હૈસિયત ધરાવતા લેખક હતા.

આપના હજારોની સંખ્યામાં બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્રમાં મુરીદો છે. આપના જનાઝામાં હજારોની સંખ્યામાં મુરીદો ચાહકો સામેલ થવા માટે ગુજરાત–મુંબઈ વિગેરેથી ટ્રેન, પ્લેન તથા મોટરકારથી મુઝફ્ફરપુર બિહારથી પહોંચી ગયા હતા. અલ્લાહ પાક આપની કબ્ર પર રહમતોની બારિશ વરસાવે અને આપના દરજાત બુલંદ ફર્માવે. (આમીન) આપની ખાનકાહ "અશરફી ચિશ્તી કાદરી રિફાકતી" માટે આપના સાહબઝાદા અલ્લામા મૌલાના પીરે તરીક્ત શાહ આમિર અશરફ સાહબ રિફાકતીને ગાદીનશીન નિયુક્ત કર્યા છે. આપના હજારો મુરીદો ગુજરાત, બિહાર, બંગાળ, યુ.પી. વિગેરેમાં છે.

## ઈન્તેક઼ાલ પુરમલાલ

- **દયાદરા :** ખાતે ૭–૧૦–૨૦૧૮ રવિવારના રોજ "બરકાતે ખ્વાજા–માસિક" તંત્રીના પિત્રાઈ ભાઈ ઈકબાલહુસૈન ઈબ્રાહીમ (ભીખા) પટેલનો પર વર્ષની વયે ટૂંકી માંદગી બાદ અચાનક ઈન્તેક઼ાલ થઈ ગયો હતો. જેમની દફનવિવિધ સોમવારે સવારના ૧૦.૦૦ કલાકે દયાદરા ખાતે કરવામાં આવી હતી. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- **બીરપુર શરીફ :** (જિ. મહિસાગર) ખાતે હઝરત સૈયદ ઈખ્તિયાર અહમદ (કાલુબાવા) જેઓ હઝરત દરિયાઈ દુલ્હાની ઔલાદમાંથી છે. તેમના ફરઝંદ સૈયદ મુહમ્મદકામિલનો તા. ૨૧–૯–૨૦૧૮ ૧૦ મુહર્રહમ, હિ.સ. ૧૪૪૦, જુમ્આના રોજ યુવાન વયે ઈન્તેક઼ાલ થઈ ગયો. રબ્બે કરીમ તેના મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમની મગફેરત ફર્માવે, કાલુ બાવાને તથા સર્વ કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી*
- **નબીપુર :** ખાતે તંત્રી "બરકાતે ખ્વાજા–માસિક"ના બનેવી અબ્દુલ્લાહ મુહમ્મદ ઘાસવાલાનો હિ.સ. ૧૪૩૯ રમઝાન ઈદના રોજ ૧૫–૬–૨૦૧૮ના જુમ્આના રોજ અચાનક હાર્ટ ફેઈલ થવાથી ઈન્તેક઼ાલ થઈ ગયો હતો. રબ તઆલા તેના હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમની મગફિરત ફર્માવે, ઘરવાળાંને સબ્રે જમીલ અતા કરી. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- **પ્રેસ્ટન :** ખાતે દયાદરા નિવાસી જનાબ મૌલાના ઈબ્રાહીમ સૂફી અશરફીનાં વાલિદા મોહતરમા મરયમબેન અહમદ સૂફીનો તા. ૨૮–૮–૨૦૧૮ મંગળવાર ૧૬ ઝીલ હજ્જ હિ.સ. ૧૪૩૯ના રોજ ઈન્તેક઼ાલ થયો હતો. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમાની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે તથા કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)* ❑❑❑

## દારુલ ઉલૂમ ગુલશને અજમેરમાં તક઼રીરી મુક઼ાબલો

**ભરૂચ :** ખાતે તા. ૧૪–૧૦–૨૦૧૮ રવિવારે સવારના નવ વાગ્યાથી દારુલ ઉલૂમના તક઼રીરી મુક઼ાબલાની શરૂઆત સદર મુદર્રિસ મૌલાના હુસૈન નજમીની નિગરાનીમાં થઈ જેમાં ૧૫ તલબાએ વારાફરતી વિવિધ વિષયો "નમાઝ, તકબ્બુર, નવજવાનોં કી ઈસ્લાહ" વગેરે પર સમય મર્યાદા પ્રમાણે બયાનો કર્યાં. મુમ્તહિન તરીકે મૌલાના તૌસીફ હલદરવી, મૌલાના ઈમરાન રઝા–મિસ્બાહી દયાદરા તથા મૌલાના ગુલામયાસીન મિસ્બાહી નૂરાની હતા. ખૂબ જ શાનદાર રીતે તલબાએ બયાનો પેશ કર્યા હતાં. છેવટમાં દરેક હિસ્સો લેનારને "સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા"તરફથી રૂા. ૧૦૦ તથા એક કિતાબ અને ૧ થી ૩ નંબર લાવનારને રૂા. ૫૦૦, ૩૦૦, ૨૦૦ અનુક્રમે તથા "સવાનેહે આ'લા હઝરત" ૧ સેટ તથા દારુલ ઉલૂમ તરફથી અન્ય કિતાબો અર્પણ કરવામાં આવી હતી. ઈનામો હાજર રહેલા ટ્રસ્ટી હઝરાત તથા મહેમાન ઉલમાના હસ્તે અપાયાં હતાં. ૧ થી ૩ નંબર લાવનાર તાલિબે ઈલ્મ અનુક્રમે મુહમ્મદ કામરાન, અકબર રઝા, મુહમ્મદ યૂનુસ ગડીમલ હતા. ૧ વાગ્યે સલાતો સલામ દુઆ પર પ્રોગ્રામ ખત્મ થયો. છેવટમાં સૌને ન્યાઝ જમાડવામાં આવી.